અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક


# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

16 DECEMBER-2025 TUESDAY | Vol. : 17 | Issue : 165 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad


Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3 
દિલ્હીને દુલ્હન બનાવીશું : અમે ભારતને પાઠ ભણાવ્યો, હવે 50 વર્ષ સુધી હુમલો કરવાની હિંમત નહીં કરે....

4 
જીંદગીના છેલ્લા દિવસે પણ મોજ થઈ શકે,પણ ખબર ના પડવી જોઈએ કે આજ છેલ્લો દિવસ છે

6 
ભયંકર અકસ્માત બાદ જાણીતી અભિનેત્રીનો ચહેરો જ બગડી ગયો હતો, અનેક ફિલ્મો હાથમાંથી સરકી ગઇ

7 
રૂપિયો ઓલ ટાઇમ લો : 1 ડોલરની સરખામણીમાં 90.58 પર પહોંચ્યો, વિદેશી ફંડ્સની ઉપાડને કારણે મૂલ્ય ઘટતું ....

# PM મોદી 7 વર્ષ પછી જોર્ડન પહોંચ્યા : પીએમ જાફરે એરપોર્ટ પર સ્વાગત કર્યું







**નવી દિલ્હી/અમ્માન, તા.15**

PM નરેન્દ્ર મોદી સોમવારે બે દિવસની મુલાકાત માટે જોર્ડન પહોંચ્યા હતા. જોર્ડનના PM જાફર હસને એરપોર્ટ પર તેમનું સ્વાગત કર્યું હતું. મોદીની આ મુલાકાત કિંગ અબ્દુલ્લાના આમંત્રણ પર થઈ રહી છે. પીએમ મોદી તેમની સાથે દ્વિપક્ષીય વાટાઘાટો પણ કરશે.

આ મુલાકાત ભારત અને જોર્ડન વચ્ચેના રાજદ્વારી સંબંધોની 75મી વર્ષગાંઠ નિમિત્તે છે. તેઓ સાત વર્ષ પછી જોર્ડનની મુલાકાતે પહોંચ્યા છે. તેઓ અગાઉ 2018માં ટ્રાન્ઝિટ મુલાકાત દરમિયાન જોર્ડનમાં રહ્યા હતા.

હોટલમાં પહોંચ્યા બાદ, પીએમ મોદીનું ભારતીય લોકો તરફથી ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું. પીએમ ભારતીય સમુદાયના સભ્યોને મળ્યા અને તેમની સાથે વાતચીત કરી. ભારત અને જોર્ડને 1950માં રાજદ્વારી સંબંધો સ્થાપિત કર્યા હતા, જેના 2025માં 75 વર્ષ પૂરા થયા છે. મોદી આ જ પ્રસંગે જોર્ડન જઈ રહ્યા છે. ભારત, જોર્ડનનો ચોથો સૌથી મોટો વેપાર ભાગીદાર છે. બંને દેશો વચ્ચે 2023-24માં 26,033 કરોડ રૂપિયાનો વેપાર થયો. આમાં ભારતની નિકાસ આશરે 13,266 કરોડ રૂપિયા હતી. બંને દેશોએ દ્વિપક્ષીય વેપારને વધારીને 5 અબજ ડોલર એટલે કે 45,275 કરોડ કરવાનો લક્ષ્ય રાખ્યો છે.

ભારત, જોર્ડન પાસેથી મોટી માત્રામાં રોક ફોસ્ફેટ અને ખાતરનો કાચો માલ ખરીદે છે. ભારતના કુલ રોક ફોસ્ફેટ આયાતમાં જોર્ડનનો હિસ્સો આશરે 40% છે. બીજી તરફ જોર્ડન ભારત પાસેથી મશીનરી, પેટ્રોલિયમ, અનાજ, રસાયણો, માંસ, ઓટો પાર્ટ્સ અને ઉદ્યોગો સંબંધિત ઉત્પાદનોની આયાત કરે છે. ભારતીય કંપનીઓએ જોર્ડનના ફોસ્ફેટ અને ટેક્સટાઈલ સેક્ટરમાં 1.5 અબજ ડોલરથી વધુનું રોકાણ કર્યું છે.

# 'મોદી તારી કબર ખોદાશે' : કોંગ્રેસની રેલીમાં નારેબાજી, ભાજપે કહ્યું- કોંગ્રેસ મુઘલોના માર્ગે, જલદી દફન થશે, રાહુલનું કામ ઔરંગઝેબ જેવું

**નવી દિલ્હી, તા.15**

દિલ્હીના રામલીલા મેદાનમાં રવિવારે કોંગ્રેસની 'વોટ ચોર ગદ્દી છોડ' રેલી વિવાદોમાં ઘેરાઈ ગઈ. સોશિયલ મીડિયા પર ઘણા વીડિયો સામે આવ્યા જેમાં કોંગ્રેસ કાર્યકરોએ રેલીમાં જતા સમયે 'મોદી તેરી કબ્ર ખુદેગી'ના નારા લગાવ્યા.

નારાબાજીની નિંદા કરતા ભાજપ સાંસદ સુધાંશુ ત્રિવેદીએ કહ્યું કે, ફરી એકવાર કોંગ્રેસનો ચહેરો સામે આવ્યો છે. તેઓ મોદીજીના મૃત્યુની કામના કરી રહ્યા છે. તેમની મુસ્લિમ લીગ અને માઓવાદી વિચારધારા બધાની સામે આવી ગઈ.

મોદીની કબર ખોદવાની વાત કરનારી પાર્ટી પોતે જ દફન થઈ જશે. રાહુલ ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસનો પણ એ જ હાલ થશે જે ઔરંગઝેબના સમયમાં મુઘલોનો થયો હતો.

રાજ્યસભા સાંસદે કહ્યું, રાહુલ ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસનું ભવિષ્ય કદાચ એવું જ થવાનું છે જેવું 'ધ લાસ્ટ મુઘલ' પુસ્તકમાં મુઘલ સામ્રાજ્ય વિશે લખવામાં આવ્યું છે. મુઘલ સામ્રાજ્યમાં છ લોકોએ શાસન કર્યું - બાબર, હુમાયુ, અકબર, જહાંગીર, શાહજહાં અને ઔરંગઝેબ. છઠ્ઠી પેઢીના શાસન પછી મુઘલ સામ્રાજ્ય સમાપ્ત થઈ ગયું.

આ જ રીતે કોંગ્રેસ પર પણ





નેહરુ પરિવારના છ લોકોએ શાસન કર્યું છે- મોતીલાલ નેહરુ, જવાહરલાલ નેહરુ, ઈન્દિરા ગાંધી, રાજીવ ગાંધી અને સોનિયા ગાંધી. રાહુલ ગાંધી છઠ્ઠા છે જે હાલ સત્તાનો આનંદ લઈ રહ્યા છે. આમના પછી કોંગ્રેસનું પણ મુઘલો જેવા જ હાલ થશે.

પીએમ મોદી વિરુદ્ધ આપત્તિજનક નારા લગાવનાર કોંગ્રેસ નેતા મંજુ લતા મીણા છે. તેઓ જયપુર મહિલા કોંગ્રેસ જિલ્લા અધ્યક્ષ પણ છે. તેમણે કહ્યું કે તેઓ માત્ર વોટ ચોરીને લઈને જનતાના ગુસ્સાને દર્શાવી રહ્યા હતા. વોટમાં ગેરરીતિને લઈને જનતામાં ખૂબ ગુસ્સો છે. તેમણે (BJP) વોટમાં ગેરરીતિ કરીને આ સરકારો બનાવી છે અને ચૂંટણી પંચ પણ તેમના નિર્દેશો અનુસાર કામ કરી રહ્યું છે. તેઓ (પીએમ મોદી) રોજગાર, યુવાનો, મહિલાઓ કે ખેડૂતો વિશે વાત કરતા નથી. તેઓ મુદ્દાઓ પરથી ધ્યાન ભટકાવે છે.

રાહુલ ગાંધી સતત ભાજપ અને ચૂંટણી પંચ પર મત ચોરીનો આરોપ લગાવી રહ્યા છે. અત્યાર સુધીમાં 3 પ્રેસ કોન્ફરન્સ (7 ઓગસ્ટ, 18 સપ્ટેમ્બર અને 4 નવેમ્બરના રોજ) પણ કરી ચૂક્યા છે. તેમણે પંચને મોદી સરકારની 'B ટીમ' પણ કહી હતી. 9 ડિસેમ્બરે SIR પર ચર્ચા દરમિયાન પણ તેમણે ભાજપને ઘેર્યા હતા.

આ રેલીમાં રાહુલ ગાંધી ઉપરાંત પ્રિયંકા ગાંધી અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પણ ભાગ લીધો હતો અને રેલીને સંબોધિત કરી હતી.

રેલીને સંબોધિત કરતા રાહુલ ગાંધીએ કહ્યું-પીએમ મોદીનો આત્મવિશ્વાસ ખતમ થઈ ગયો છે. અમિત શાહના હાથ ધ્રુજે છે. તેઓ જાણે છે કે તેમની ચોરી પકડાઈ ગઈ છે. ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર, સુખબીર સિંહ, વિવેક જોશી ભાજપ સાથે મળીને કામ કરી રહ્યા છે. પીએમએ તેમના માટે કાયદો બદલ્યો છે. અમે આ કાયદો બદલીશું અને આ લોકો વિરુદ્ધ કાર્યવાહી કરીશું. આ લોકોએ ભૂલવું ન જોઈએ કે તેઓ હિન્દુસ્તાનના ઈલેક્શન કમિશનર છે, ભાજપના નહીં.

## 'મોદી તેરી કબર ખુદેગી' નારાને લઈને સંસદમાં હોબાળો : નડ્ડા બોલ્યા- રાહુલ-સોનિયા માફી માગે, પ્રિયંકા બોલી- રેલીમાં કોણે કહ્યું, અમને ખબર નથી



સંસદના શિયાળુ સત્રના 11મા દિવસે, સોમવારના રોજ, બંને ગૃહોમાં ભાજપના સાંસદોએ કોંગ્રેસની રેલીમાં વડાપ્રધાન મોદી વિરુદ્ધ થયેલા સૂત્રોચ્ચારનો મુદ્દો ઉઠાવ્યો. રાજ્યસભામાં કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડાએ કહ્યું કે, વડાપ્રધાન વિરુદ્ધ આવી વાતો કરવી, તેમના મૃત્યુની કામના કરવી શરમજનક છે. નડ્ડાએ કહ્યું, વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને કોંગ્રેસ સંસદીય પક્ષ (સીપીપી)ના અધ્યક્ષ સોનિયા ગાંધીએ સમગ્ર રાષ્ટ્રની માફી માગવી જોઈએ. લોકસભામાં, કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ કહ્યું, 140 કરોડ ભારતીયો અને વિશ્વના સૌથી પ્રખ્યાત નેતા આવા સૂત્રોચ્ચારનો સામનો કરે તેનાથી વધુ શરમજનક શું હોઈ શકે. બંને ગૃહોમાં પીએમ વિરુદ્ધ સૂત્રોચ્ચાર અને માફીની માગણીઓ ગુંજી ઉઠી. કાર્યવાહી સવારે 11 વાગ્યે શરૂ થઈ, પરંતુ હોબાળાને કારણે, ચર્ચાઓ 10 મિનિટ માટે પણ રોકી દેવામાં આવી, અને કાર્યવાહી બપોરે 12 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી. રાજ્યસભાની કાર્યવાહી બપોરે 12 વાગ્યે ફરી શરૂ થઈ. જોકે, બપોરે 12 વાગ્યે લોકસભાની કાર્યવાહી ફરી શરૂ થતાં જ હોબાળો મચી ગયો, જેના કારણે કાર્યવાહી ફરીથી 2 વાગ્યા સુધી સ્થગિત કરવી પડી. જોકે લોકસભાની કાર્યવાહી બપોરે 2 વાગ્યે ફરીથી શરૂ થઈ ગઈ છે. કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ ભાજપના આરોપો પર વળતો પ્રહાર કર્યો. પ્રિયંકા ગાંધી વાડ્રાએ કહ્યું, અમને ખબર નથી કે આ બધું કોણે કહ્યું. રેલીના મંચ પરથી કોઈએ આવું કંઈ કહ્યું નહીં. પાછળથી, એવું બહાર આવ્યું કે કોઈએ એક ઈન્ટરવ્યુમાં આવું કહ્યું. ભાજપ પોતે જાણતું નથી.

### દિલ્હીની હવા ફરી જીવલેણ, 50મીટર સુધી દેખાતું નથી

# ધૂળ-ધુમ્મસના કારણે 40 ફ્લાઈટ રદ, 300 મોડી પડી, કેટલીક જગ્યાએ AQI 500 પાર

**નવી દિલ્હી, તા.15**



વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર ઓછી થઈ તો દિલ્હીમાં હવા થંભી ગઈ. આના કારણે રાજધાની રવિવારે ઠંડી, સ્મોગ અને પ્રદૂષણના ટ્રિપલ એટેકની ઝપેટમાં આવી ગઈ.

ગ્રેપ-4 લાગુ હોવા છતાં વઝીરપુર અને રોહિણી વિસ્તારોમાં AQI 500ના સ્તર સુધી પહોંચી ગયો. પ્રદૂષિત કણો વાતાવરણમાં ફસાયેલા રહ્યા અને રાજધાની ગૅસ ચેમ્બર બની ગઈ.

રવિવારે આ વર્ષનો સૌથી ગાઢ ધુમ્મસ પણ છવાયો. અક્ષરધામ સહિત ઘણા વિસ્તારોમાં વિઝિબિલિટી 50 મીટર સુધી સીમિત થઈ ગઈ. ધુમ્મસ-ધૂળના કારણે 40 ફ્લાઈટ રદ કરવામાં આવી, જ્યારે 300 મોડી ચાલશે.

ડોકટરોએ બાળકો, વૃદ્ધો અને શ્વાસના દર્દીઓને સાવચેતી રાખવા જણાવ્યું છે. હવામાન વિભાગ અનુસાર સોમવારથી પવનની ગતિ વધવા પર સામાન્ય રાહત મળી શકે છે.

આ દરમિયાન સુપ્રીમ કોર્ટના CJI જસ્ટિસ સૂર્યકાંતે વકીલો અને પક્ષકારોને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા હાઈબ્રિડ મોડ દ્વારા હાજર રહેવાની સલાહ આપી છે.

CAQM એ શનિવારે પહેલા ગ્રેપ-3 અને પછી ગ્રેપ-4 લાગુ કર્યો, પરંતુ સ્થિતિ સુધરી નહીં. ગ્રેપ-4 માં 50% કર્મચારીઓનું વર્ક ફ્રોમ હોમ, BS-4 મોટા વ્યાવસાયિક વાહનોની એન્ટ્રી પર પ્રતિબંધ, નિર્માણ કાર્ય બંધ, સ્કૂલો હાઈબ્રિડ મોડમાં, કચરો/ઈંધણ સળગાવવા પર પ્રતિબંધ, ડીઝલ જનરેટર, RMC પ્લાન્ટ, સ્ટોન ક્રશર, ઈંટ ભઠ્ઠા અને ખનન પર રોક શામેલ છે. કાચા રસ્તાઓ પર નિર્માણ સામગ્રીના પરિવહન પર પણ પ્રતિબંધ છે.

એર ક્વોલિટી અર્લી વોર્નિંગ સિસ્ટમ (AQEWS) અનુસાર, આગામી છ દિવસ માટે પણ આગાહી છે કે હવા ખૂબ જ ખરાબ શ્રેણીમાં રહેવાની સંભાવના છે. ભારત હવામાન વિજ્ઞાન વિભાગ (IMD) એ જણાવ્યું કે વર્તમાન સરેરાશ પવનની ગતિ, જે 10 કિમી પ્રતિ કલાકથી ઓછી છે, પ્રદૂષકોના ફેલાવા માટે અનુકૂળ નથી.

રવિવારે વજીરપુરમાં એર ક્વોલિટી મોનિટરિંગ સ્ટેશને દિવસ દરમિયાન મહત્તમ સંભવિત એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) વેલ્યુ 500 નોંધવામાં આવી. આ આંકડો આનાથી પણ વધુ હોવાનું કહેવાય છે, જોકે સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (CPCB) નું સ્ટેશન આનાથી આગળનો ડેટા રજીસ્ટર કરતું નથી.



# સ્ટીરોઈડ્સ-પેઈન કિલરની અસરને 'ઈસુનો ચમત્કાર' ગણાવી ધર્માંતરણ

## સરકારી સ્કૂલના પ્રિન્સિપાલ-શિક્ષકો જ સૂત્રધાર, ક્રિસમસ પહેલા સુરત જિલ્લા પોલીસનો ખુલાસો

**સુરત, તા.15**

ક્રિસમસના તહેવાર પૂર્વે સુરત જિલ્લા પોલીસે એક એવા મસમોટા ધર્માંતરણ કૌભાંડનો પર્દાફાશ કર્યો છે, જેણે શિક્ષણ જગત અને સરકારી વહીવટીતંત્રમાં ફાળ પાડી દીધી છે. જેમના શિરે સમાજને સાચો રાહ ચીંધવાની જવાબદારી છે, તેવા સરકારી સ્કૂલના પ્રિન્સિપાલ અને શિક્ષકો જ આદિવાસી વિસ્તારોમાં ટ્રસ્ટ બનાવી ગેરકાયદેસર ધર્માંતરણનું નેટવર્ક ચલાવતા હોવાનું બહાર આવ્યું છે.

તપાસમાં બહાર આવેલી વિગતો મુજબ, વર્ષ 2014માં 'દી પ્રે ફોર એવર લાસ્ટિંગ લાઈફ ચેરીટેબલ ટ્રસ્ટ' નામની સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી. આ ટ્રસ્ટનો મુખ્ય ઉદ્દેશ્ય આદિવાસી ભાઈ-બહેનોને લાલચ આપી અથવા ભ્રમિત કરી ખ્રિસ્તી બનાવવાનો હતો. આ સમગ્ર ખેલના માસ્ટરમાઈન્ડ છે રામજીભાઈ દુબલભાઈ ચૌધરી, જેઓ પોતે એક સરકારી સ્કૂલમાં પ્રિન્સિપાલ તરીકે ફરજ બજાવે છે. નવાઈની વાત એ છે કે, આ ટ્રસ્ટમાં અન્ય બે સભ્યો પણ સરકારી શિક્ષકો છે. કુલ 11 સભ્યોના આ ટ્રસ્ટમાં 3 સરકારી શિક્ષણવિદો અને 6 પાસ્ટર સામેલ હતા.

આ કૌભાંડ માત્ર રામજીભાઈ પૂરતું મર્યાદિત નહોતું, તેમનો પુત્ર પણ આ ગેરકાયદે પ્રવૃત્તિમાં સક્રિય ભાગીદાર હતો. રામજીભાઈનો પુત્ર BHMS ડોક્ટર હોવા છતાં ગેરકાયદેસર રીતે એલોપેથી પ્રેક્ટિસ કરતો હતો. તે પોતાના ક્લિનિકમાં આવતા ગરીબ અને અભણ આદિવાસી દર્દીઓને નિઃશુલ્ક સારવાર આપવાના બહાને ઝાળમાં ફસાવતો હતો. તે દર્દીઓને સ્ટીરોઈડ્સ-પેઈન કિલર આપતો અને થતી અસરને 'ઈસુનો ચમત્કાર' ગણાવી તેમનું ધર્માંતરણ કરાવતો.



જ્યારે દર્દી સાજો થાય, ત્યારે ડોક્ટર તેને એમ કહીને ભ્રમિત કરતો કે, તમને દવાથી નહીં, પણ પ્રભુ ઈસુની કૃપાથી આરામ મળ્યો છે. ત્યારબાદ તે દર્દીઓને વધુ 'માર્ગદર્શન' માટે પોતાના પિતા પ્રિન્સિપાલ રામજીભાઈ પાસે મોકલી આપતો હતો, જ્યાં ધર્માંતરણની અંતિમ પ્રક્રિયા પાર પાડવામાં આવતી હતી.

મુખ્ય આરોપી રામજીભાઈનો પુત્ર અંકિત, જે પોતે BHMS ડોક્ટર છે, તેની જ્યારે સુરત ગ્રામ્ય પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી ત્યારે તેની પાસેથી અંદાજે 56,000ની કિંમતનો શંકાસ્પદ દવાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. ચોંકાવનારી બાબત એ છે કે, હોમિયોપેથીની ડિગ્રી ધરાવતો હોવા છતાં તેની પાસેથી એલોપેથી દવાઓ મળી આવી હતી, જેમાં હાનિકારક સ્ટીરોઈડ્સ અને ભારે માત્રામાં પેઈન કિલર ઈન્જેક્શનોનો સમાવેશ થતો હતો. પોલીસ તપાસમાં ખૂલ્યું છે કે, તે આ દવાઓનો ઉપયોગ ગરીબ લોકોને તાત્કાલિક રાહત આપવા માટે કરતો હતો અને ત્યારબાદ તેને 'ઈસુનો ચમત્કાર' ગણાવી ધર્માંતરણની જાળ ફેલાવતો હતો.

સરકારી નિયમો મુજબ, કોઈપણ સરકારી કર્મચારીએ કોઈપણ ટ્રસ્ટ કે સંસ્થા શરૂ કરતા પહેલા સરકારની પૂર્વ મંજૂરી લેવી અનિવાર્ય છે. જોકે, આ પ્રિન્સિપાલ અને શિક્ષકોએ કોઈપણ પ્રકારની પરવાનગી વગર જ આ ટ્રસ્ટ ઊભું કરી દીધું હતું. એટલું જ નહીં, 2014થી કાર્યરત આ ટ્રસ્ટનું અત્યાર સુધી એક પણ વાર ઓડિટ કરવામાં આવ્યું નથી. નાણાં ક્યાંથી આવતા હતા અને ક્યાં વપરાતા હતા, તેનો કોઈ હિસાબ નથી.

આ લોકોની કામ કરવાની પદ્ધતિ અત્યંત વ્યવસ્થિત અને ગુપ્ત હતી. સુરત જિલ્લા SP રાજેશ ગઢીયાએ જણાવ્યું હતું કે, જ્યારે પણ કોઈ ગામમાં પ્રાર્થના સભા કે ધર્માંતરણનો કાર્યક્રમ યોજાતો, ત્યારે ત્યાં હાજર રહેનારા લોકોને કડક સૂચના આપવામાં આવતી કે કોઈએ મોબાઈલ ફોન લાવવો નહીં. કોઈ વીડિયો કે ઓડિયો રેકોર્ડિંગ ન થાય અને પોલીસ કે તંત્ર પાસે કોઈ પુરાવા ન પહોંચે તે માટે આ તકેદારી રાખવામાં આવતી હતી.

સુરત ગ્રામ્ય પોલીસે આ મામલે ચેરિટી કમિશનર પાસેથી રિપોર્ટ મંગાવ્યો છે. એસપી રાજેશ ગઢીયાના જણાવ્યા મુજબ ટ્રસ્ટની આર્થિક લેતીદેતીની તપાસ કરવામાં આવી રહી છે. સરકારી મંજૂરી વગર ટ્રસ્ટ ચલાવનારા શિક્ષકો સામે ખાતાકીય તપાસ માટે પણ ભલામણ કરવામાં આવશે.આદિવાસી વિસ્તારોમાં અત્યાર સુધી કેટલા લોકોનું ધર્માંતરણ કરાયું છે તેની યાદી તૈયાર થઈ રહી છે.

શિક્ષણના ઓથે ધર્માંતરણના આ ખેલથી સ્થાનિક આદિવાસી સંગઠનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જે શિક્ષકો પર બાળકોનું ભવિષ્ય ઘડવાની જવાબદારી છે, તેઓ જ જો આ પ્રકારે ગેરકાયદે પ્રવૃત્તિમાં સામેલ હોય, તો સમાજ કઈ દિશામાં જશે તે એક મોટો પ્રશ્ન છે. હાલમાં પોલીસે તમામ 11 સભ્યોની કુંડળી ખંખેરવાનું શરૂ કર્યું છે અને આગામી દિવસોમાં આ મામલે મોટા ધરપકડના એંધાણ વર્તાઈ રહ્યા છે.

**ફ્લાઈટ રદ થવાનો સિલસિલો યથાવત**

# વડોદરા એરપોર્ટ પર દિલ્હી આવનાર એક ફ્લાઈટ રદ, એક ફ્લાઈટ ચાર કલાક લેટ થતા મુસાફરોને હાલાકી

**વડોદરા, તા.15**

વડોદરા એરપોર્ટ પર આવનાર એર ઈન્ડિયા એરલાઈન્સની ફ્લાઈટ રદ કરવામાં આવી છે. આ ફ્લાઈટ દિલ્હીમાં ખરાબ હવામાનના કારણે રદ થતા મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ફ્લાઈટ રદ થતા દિલ્હી જનાર પેસેન્જરને રિફંડ કે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવશે.




સવારે 7.10 કલાકે વડોદરાના હરણી એરપોર્ટ પર આવનાર એર ઈન્ડિયા એરલાઈન્સની ફ્લાઈટ નંબર AI 1808 દિલ્હી વડોદરા દિલ્હી રદ કરવામાં આવી છે. આ ફ્લાઈટ વડોદરા સવારે 7.10 કલાકે આવે છે અને પરત વડોદરાથી 8 કલાકે ઉડાન ભરે છે. જે ખરાબ હવામાનના કારણે રદ કરવામાં આવી હોવાની વિગતો હાલમાં સામે આવી છે.

આ સાથે દિલ્હી જનાર વડોદરાના મુસાફરોને અન્ય દિલ્હીની ફ્લાઈટમાં અમદાવાદ કે વડોદરાથી મોકલાશે. આ સાથે મુસાફર ઈચ્છે તો તેઓને તેઓનું રિફંડ પણ આપવામાં આવી શકે છે. હાલમાં એરપોર્ટ ઓથોરિટીએ જણાવ્યું છે કે, દિલ્હીથી આવનાર ફ્લાઈટ ખરાબ હવામાનના કારણે રદ કરવામાં આવી છે અને આ અંગે મુસાફરોને જાણ કરવામાં આવી છે.

આ સાથે ઈન્ડિગો એરલાઈનની ફ્લાઈટ નંબર 6E-5066/ 6662 દિલ્હી વડોદરા દિલ્હી સમય કરતા 4 કલાક મોડી આવતા મુસાફરીને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ ફ્લાઈટ પણ ખરાબ હવામાનના કારણે લેટ પડી છે.

# જીવન જોખમે કોંગ્રેસે પુષ્પાંજલિ આપી : ભાજપ પુણ્યતિથિ ભૂલ્યું, કોંગ્રેસે ફાયર વિભાગની મદદથી સીડી પર ચડી પુષ્પાંજલિ અર્પણ કરી

## વિપક્ષે કહ્યું, સત્તા પર બેસેલા જયજયંતિ મનાવે છે તો પુણ્યતિથિ કેમ નહીં?

**વડોદરા, તા.15**

અખંડ ભારતના શિલ્પી અને લોહપુરુષ, પૂર્વ નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલની પૂણ્યતિથિ નિમિત્તે શહેરના ડેરી ડેન સર્કલ ખાતે આવેલી તેમની પ્રતિમાને શહેર કોંગ્રેસ દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. પુષ્પાંજલિ દરમ્યાન કોંગ્રેસ પક્ષ દ્વારા જીવન જોખમે ફાયર વિભાગની મદદથી પુષ્પાંજલિ અર્પણ કરતા દ્રશ્યો કેમેરામાં કેદ થયા છે. આ પુણ્યતિથિ કાર્યક્રમમાં વડોદરા મહાનગરપાલિકાના વિપક્ષ નેતા ચંદ્રકાંત શ્રીવાસ્તવ સહિત કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ચંદ્રકાંત શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, તંત્ર સરદાર વલ્લભભાઈ પટેલના નામે મોટી રેલીઓ અને કાર્યક્રમોનું આયોજન કરે છે, પરંતુ તેમની પૂણ્યતિથિ જેવા મહત્વના દિવસે યોગ્ય વ્યવસ્થા કરવામાં નિષ્ફળ જાય છે. આજે પુષ્પાંજલિ



અર્પણ કરવા માટે કોઈપણ પ્રકારની સુવિધા ન હોવાને કારણે ફાયર બ્રિગેડના જવાનોને સીડી પકડી રાખવી પડી હતી અને જીવના જોખમે પુષ્પાંજલિ અર્પણ કરવી પડી હતી. તેમણે વધુમાં કહ્યું હતું કે, આવી સ્થિતિ પુનઃ ન સર્જાય તે માટે ડેરી ડેન સર્કલ ખાતે સરદાર પટેલની પ્રતિમાને કાયમી ધોરણે પુષ્પાંજલિ અર્પણ કરવા યોગ્ય અને સુરક્ષિત વ્યવસ્થા ઊભી કરવી જરૂરી છે. કોંગ્રેસ પક્ષ દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલના જીવન, દેશસેવા અને અખંડ ભારત માટેના યોગદાનના સંસ્મરણો વાગોળી તંત્રની ઉગ્ર ટીકા કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, સત્તા પર બેસેલ લોકો સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતીને લઈ આખા દેશમાં રાષ્ટ્રીય એકતા યાત્રા કાઢી હતી. ત્યારે કોંગ્રેસે સવાલો કર્યા છે કે આ સમયે આખા દેશમાં આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે આજે પુણ્યતિથિ હોવા છતાં શા માટે કોઈ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું નથી તે સૌથી મોટા સવાલ છે.

# ભિક્ષુક વૃદ્ધાના કપડાં ખેંચ્યા, હાથ પકડીને રસ્તા પર ઢસડી : સુરતમાં મહિલા કર્મીનું અમાનવીય વર્તન, વિવાદ થતાં માફી માંગી કહ્યું- તેમના ભલા માટે કડક થવું પડ્યું

**સુરત, તા.15**

સુરત શહેર જે તેની દાનવીરતા અને સેવાકીય પ્રવૃત્તિઓ માટે વિશ્વભરમાં જાણીતું છે, ત્યાં આજે(15 ડિસેમ્બર) એક માનવતાને લજવતી અત્યંત આઘાતજનક ઘટના સામે આવી છે. શહેરના અડાજણ વિસ્તારમાં ભિક્ષુક મુક્ત અભિયાન અંતર્ગત કામગીરી કરતી વખતે, ભિક્ષુક ગૃહની એક મહિલા કર્મચારીએ બે લાચાર અને વૃદ્ધ ભિક્ષુક મહિલાઓ સાથે જે અમાનવીય વર્તન કર્યું છે, તેના CCTV ફૂટેજ સામે આવતા સમગ્ર શહેરમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

આ મહિલા કર્મચારીએ પહેલા વૃદ્ધ ભિક્ષુક મહિલાના કપડાં ખેંચ્યા બાદમાં હાથ પકડીને રસ્તા પર ઢસડી. સાથે જ તેને અન્ય એક વૃદ્ધ ભિક્ષુક મહિલાને પણ ધક્કો મારી માર મારી પોલીસ વેનમાં બેસાડી હતી. મહિલા કર્મચારીના અમાનવીય વર્તનનો વીડિયો વાઈરલ થતાં તેને માફી માંગી કહ્યું



કે મારે તેમના ભલા માટે કડક થવું પડ્યું.

ઘટના સોમવારની છે, જ્યારે અડાજણ વિસ્તારમાં આવેલા શ્રી મહાકાલેશ્વર મહાદેવ સાઈનાથ પાવનધામ શનિદેવ મંદિરની બહાર ભિક્ષુકોને રેસ્ક્યુ કરવાની કામગીરી ચાલી રહી હતી. ભિક્ષુક ગૃહના કર્મચારીઓની એક ટીમ, જેમાં અડાજણ પોલીસની પણ મદદ લેવામાં આવી હતી, તે મંદિરની બહાર બેસેલી બે વૃદ્ધ મહિલાઓને ભિક્ષુક ગૃહ લઈ જવા માટે પહોંચી હતી. સામાન્ય રીતે આ કામગીરી સમજાવટ અને કાયદાકીય પ્રક્રિયા મુજબ થવી જોઈએ, પરંતુ અહીં દ્રશ્ય કંઈક અલગ જ હતું.

સામે આવેલા CCTV ફૂટેજમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, ભિક્ષુક ગૃહની ટીમમાં સામેલ એક મહિલા કર્મચારીનો પિત્તો આસમાને હતો. તેણે સૌ પ્રથમ એક વૃદ્ધ મહિલાને અત્યંત નિર્દયતાથી પકડીને પોલીસ વાન તરફ ખેંચી હતી. આટલેથી ન અટકતા, આ કર્મચારીએ વૃદ્ધાને જોરથી હાથ મારીને તેને ધક્કો માર્યો હતો અને બળજબરીપૂર્વક વાનમાં બેસાડી દીધી હતી. એક વૃદ્ધ અને અશક્ત મહિલા પર હાથ ઉપાડતી વખતે આ કર્મચારીએ માનવતાની તમામ હદો વટાવી દીધી હતી.

ત્યારબાદ, આ મહિલા કર્મચારીનો રોષ મંદિર નજીક બેસેલી બીજી વૃદ્ધ મહિલા પર ઉતર્યો હતો. ફૂટેજમાં સંભળાય છે કે તે કર્મચારી વૃદ્ધાને 'ઉઠ યહાં સે' કહીને બૂમો પાડી રહી હતી. બીજી વૃદ્ધ મહિલા ડરના માર્યે પ્રતિકાર કરી રહી હતી, ત્યારે કર્મચારીએ તેને પણ માર માર્યો હતો. તેણે વૃદ્ધાના કપડાં ખેંચ્યા હતા અને હાથ પકડીને તેને રસ્તા પર ઢસડીને પોલીસ વાન સુધી લઈ જવાનો પ્રયાસ કર્યો હતો. આ દ્રશ્યો એટલા હૃદયદ્રાવક હતા કે રસ્તા પરથી પસાર થતા લોકો પણ સ્તબ્ધ થઈ ગયા હતા. જોકે, બીજી મહિલા એટલી ડરી ગઈ હતી કે માર ખાવા છતાં તે પોલીસ વાનમાં બેસવા તૈયાર થઈ ન હતી.

આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થતાં જ વહીવટી તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. સુરત રામનગર ખાતે આવેલા ભિક્ષુક ગૃહના ઓફિસર ઈન્ચાર્જ જીગ્નેશ ચૌધરીએ આ ઘટનાની ગંભીર નોંધ લીધી હતી.

જીગ્નેશ ચૌધરીએ જણાવ્યું હતું કે, અમે વાઈરલ થયેલો વીડિયો જોયો છે. વીડિયોમાં જે રીતે કર્મચારી વર્તન કરી રહ્યા છે તે સંપૂર્ણપણે અસ્વીકાર્ય અને નિયમોની વિરુદ્ધ છે. ભિક્ષુકો સાથે આવું વર્તન સાંખી લેવામાં આવશે નહીં. મેં તાત્કાલિક અસરથી તપાસના આદેશ આપ્યા છે અને સંબંધિત કર્મચારી પાસે આ કૃત્ય શા માટે કરવામાં આવ્યું તે અંગે લેખિત ખુલાસો માંગવામાં આવ્યો છે.

# મોતને મ્હાત આપી બહાર આવ્યા 69 વર્ષીય અબ્દુલભાઈ : રાણી તળાવમાં જર્જરિત મકાન ધરાશાયી

**સુરત, તા.15**

સુરતના રાણી તળાવ, ડુંગર શેરીમાં આવેલા ઘર નંબર 12/359 ધરાવતી ગ્રાઉન્ડ પ્લસ ટુ માળની ઈમારતનો પાછળનો ભાગ અચાનક તૂટી પડ્યો હતો. મકાન જર્જરિત હાલતમાં હોવાથી તેનો પહેલો અને બીજો માળ એકસાથે ધરાશાયી થઈ ગયા હતા. આ મકાનની અંદર 69 વર્ષીય ખલીલ અબ્દુલભાઈ રહીમ પેટીવાળા અને 67 વર્ષીય સઈદ ઈસ્માઈલ પેટીવાળા હાજર હતા, જેઓ કાટમાળ પડતાની સાથે જ નીચે દબાઈ ગયા હતા. ઘટનાની જાણ થતા જ આસપાસના લોકો દોડી આવ્યા હતા અને તાત્કાલિક ફાયર વિભાગને જાણ કરી હતી.

ઘટનાની ગંભીરતાને જોતા ઘાંચીશેરી ફાયર સ્ટેશન અને નવસારી બજાર ફાયર સ્ટેશનની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે



પહોંચી ગઈ હતી. ફાયર ઓફિસર અને જવાનોએ કાટમાળમાં ફસાયેલા વૃદ્ધોને બહાર કાઢવા માટે રેસ્ક્યુ ઓપરેશન શરૂ કર્યું હતું. આ રેસ્ક્યુના લાઈવ વીડિયો પણ સામે આવ્યા છે, જેમાં જોઈ શકાય છે કે ને ફાયરના જવાન અત્યંત સાવચેતીપૂર્વક કાટમાળ નીચેથી 69 વર્ષીય અબ્દુલભાઈને બહાર કાઢવા માટે ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

ફાયર વિભાગના જવાનોએ પથ્થરો અને લાકડાના કાટમાળ વચ્ચે ફસાયેલા બંને વૃદ્ધોને એક પછી એક સહી-સલામત રીતે બહાર કાઢ્યા હતા. રેસ્ક્યુ દરમિયાન જવાનોએ એવી રીતે કામગીરી કરી હતી કે ફસાયેલા વ્યક્તિઓને વધુ ઈજા ન પહોંચે. સદનસીબે, બંને વૃદ્ધોને માત્ર સામાન્ય ઈજાઓ જ થઈ હતી. જિંદગી અને મોત વચ્ચે ઝોલા ખાતા બંને વ્યક્તિઓને જ્યારે સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા ત્યારે લોકોએ ફાયર બ્રિગેડની કામગીરીને બિરદાવી હતી.

કાટમાળમાંથી બહાર કાઢ્યા બાદ તાત્કાલિક ધોરણે 108 એમ્બ્યુલન્સને બોલાવવામાં આવી હતી. મેડિકલ સ્ટાફ દ્વારા પ્રાથમિક તપાસ બાદ ખલીલ અબ્દુલભાઈ અને સઈદભાઈ બંનેને વધુ સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. તબીબોના જણાવ્યા અનુસાર બંનેની સ્થિતિ હાલ સ્થિર છે. મકાનનો પાછળનો ભાગ ધરાશાયી થવા પાછળ મકાનનું જર્જરિત હોવું મુખ્ય કારણ માનવામાં આવી રહ્યું છે.

આ રેસ્ક્યુ ઓપરેશનમાં ઘાંચીશેરી અને નવસારી બજાર ફાયર સ્ટેશનના જવાનોએ જે રીતે જીવના જોખમે કામગીરી કરી છે તે ખરેખર પ્રશંસનીય છે. સુરત મહાનગરપાલિકાના ફાયર વિભાગની આ સમયસૂચકતાને કારણે બે જિંદગીઓ બચી ગઈ છે. હાલમાં સુરક્ષાના ભાગરૂપે મકાનના બાકી રહેલા જર્જરિત હિસ્સાને ઉતારી લેવાની અને આસપાસના વિસ્તારને સુરક્ષિત કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# સુરતમાં ટેમ્પો ચાલકે ફ્રુટની લારી-3 વાહનને ટક્કર મારી : વૃદ્ધા ઉછળીને વાહન સાથે અથડાઈ

**સુરત, તા.15**

સુરતના સિંગણપોર વિસ્તારમાં એક હચમતાવી દેતી અકસ્માતની ઘટના સામે આવી છે. એક બેફામ ટેમ્પાચાલકે પોતાની ગભલતભરી ડ્રાઈવિંગને કારણે રસ્તામાં જતા નિર્દોષ લોકોને અડફેટે લીધા છે. આ સમગ્ર ઘટનાના સીસીટીવી પણ સામે આવ્યા છે. જેમાં ટેમ્પોચાલક ફ્રૂટની લારી લઈની જતી વૃદ્ધા અને તેના પૌત્ર તેમજ એક મહિલાચાલક સહિત ત્રણ વાહનોને અડફેટે લેતો જોવા મળે છે. ઉલ્લેખનીય છે કે, ટેમ્પોચાલકે ટક્કર મારતા વૃદ્ધા ઉછડીને 5 ફૂટ દૂર સુધી પટકાય છે. ત્યાર બાદ ટેમ્પાચાલકે અન્ય ત્રણ વાહનોને અડફેટે લીધા હતા જેમાં એક મહિલા ચાલક સહિત ત્રણેય વાહનચાલકોને 8 ફૂટ દૂર સુધી ઢસડે છે. આ દરમિયાન પૌત્રને



બચાવવા વૃદ્ધા દોટ મુકતા પણ જોવા મળે છે. પ્રાપ્ત માહિતી અનુસાર, બે દિવસ પહેલાં એક 55 વર્ષીય વૃદ્ધ મહિલા પોતાના 4 વર્ષના પૌત્રને ફ્રૂટની લારી પર બેસાડીને રસ્તો પસાર કરી રહ્યા હતા. તેઓ પોતાની રોજિંદી જરૂરિયાત પુરી કરવા માટે ફ્રૂટ વેચવા જઈ રહ્યા હતા. તે દરમિયાન પૂરઝડપે સામેથી આવતા ટેમ્પો (GJ 05 BZ 9280) ચાલકે તેમને અને ફ્રૂટની લારીને જોદરાર ટક્કર મારી હતી. ટક્કર વાગતાની સાથે જ વૃદ્ધા હવામાં લગભગ 5 ફૂટ સુધી ફંગોળાઈને ફૂટપાથ પર પટકાઈ હતી. બીજી તરફ તેમનો પૌત્ર પણ રસ્તા ફર ફેંકાયો હતો. અકસ્માત બાદ ઈજાગ્રસ્ત હાલતમાં પણ વૃદ્ધા તેના પૌત્રને બચાવવા દોડી જાય છે અને તેને તેડી લીધો હતો. જ્યારે લારીમાં રહેલા તમામ ફ્રૂટ રસ્તા પર વેરવિખેર થઈ ગયા હતા. વૃદ્ધાને અડફેટે લીધા બાદ બેફામ ટેમ્પાચાલકે આગળ આવતા ત્રણ વાહનચાલકોને પણ ટક્કર મારી હતી. જેમાં એક મહિલા મોપેડચાલક સહિત ત્રણ વાહનોને 8 ફૂટ સુધી રસ્તા પર ઢસડ્યા હતા. આ અકસ્માતમાં કુલ 5 લોકોને નાની મોટી ઈજા પહોંચી હતી. જોકે, આ સમગ્ર અકસ્માતમાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી.

# ડબલ મર્ડરકાંડના 12 દિવસે પણ બુટલેગર પોલીસ પકડથી દૂર : 20 હજારની ઉઘરાણીમાં પિશાચી અત્યાચાર ગુજારનાર વધુ 3ની ધરપકડ

**સુરત, તા.15**

સુરતના ગોડાદરા વિસ્તારમાં 1 ડિસેમ્બરે બનેલા ડબલ મર્ડરકાંડમાં મુખ્ય આરોપી કુખ્યાત બુટલેગર 'શિવા ટકલા' હજુ પણ પોલીસ પકડથી દૂર છે. માત્ર 20 હજારની ઉઘરાણી માટે ત્રણ યુવાનોનું અપહરણ કરી લોખંડના સળિયા અને લાકડાથી ઢોર માર મારવા ઉપરાંત અસ્તરાથી વાળ-મૂછ કાપી અપમાનિત કરવાની ક્રૂરતા આચરનાર આરોપીઓએ સોએબ શેખ અને નાઝીમની હત્યા કરી હતી, જ્યારે ત્રીજા યુવાન ઈર્શાદે માંડ-માંડ જીવ બચાવ્યો હતો. પોલીસે અત્યાર સુધીમાં વધુ ત્રણ આરોપીઓ સહિત કુલ પાંચની ધરપકડ કરી છે, પરંતુ મુખ્ય સૂત્રધાર શિવા ટકલા હજુ ફરાર રહેતા પોલીસની કામગીરી પર સવાલો ઉભા થયા છે.

બુટલેગર શિવા ટકલાની ક્રૂરતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે તેણે માત્ર માર જ નહોતો માર્યો, પરંતુ યુવાનોને 'કોઈને મોઢું બતાવવા લાયક નહીં રાખીએ' તેવી ધમકી આપી અસ્તરા વડે તેમના અડધા વાળ, મૂછ અને આંખની ભ્રમર કાપી નાખી હતી. આ પ્રકારનો વિકૃત આનંદ લીધા બાદ ગંભીર ઈજાઓને કારણે સોએબનું સ્થળ પર જ મોત થયું હતું, જ્યારે નાઝીમની લાશ છેક મહારાષ્ટ્ર બોર્ડર પાસેથી મળી આવી હતી. 12 દિવસ વીતી ગયા હોવા છતાં, ડબલ મર્ડર કરનાર આ કુખ્યાત બુટલેગર હજુ પણ પોલીસ પકડથી બહાર છે.

ગોડાદરા પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચ આ કેસમાં સતત દોડધામ કરી રહી છે. ગોડાદરા પોલીસે આ ડબલ હત્યાકાંડમાં સંડોવાયેલા ત્રણ લોકોની અગાઉ ધરપકડ કરી છે. પકડાયેલા આરોપીઓમાં શુભમ ઉર્ફે સની કાલિયા (ઉ.વ. 22) અને મંગલ ઉર્ફે વિક્કી યાદવ (ઉ.વ. 21) નો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ગુનામાં સંડોવાયેલા એક સગીર વયના બાળકિશોરને પણ પોલીસ દ્વારા ડિટેઈન કરવામાં આવ્યો છે. જોકે, મુખ્ય સૂત્રધાર શિવા ટકલા હજુ પણ પોલીસને હાથતાળી આપી રહ્યો છે.



ઘટના બાદ પકડાઈ જવાના ડરે આરોપીઓ સુરત છોડીને ભાગી ગયા હતા. ગોડાદરા સર્વેલન્સ સ્ટાફને ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારો મારફતે માહિતી મળી હતી કે આરોપી શુભમ ઉર્ફે સની યુપી ભાગી ગયો છે. પોલીસે તાત્કાલિક એક ટીમ ઉત્તર પ્રદેશના જોનપુર જિલ્લામાં રવાના કરી હતી અને ત્યાંના જગદીશપુર ખાતેથી તેને દબોચી લીધો હતો. તેની પૂછપરછમાં મંગલ ઉર્ફે વિક્કીની સંડોવણી પણ સામે આવતા પોલીસે તેને પણ ગણતરીના કલાકોમાં ઝડપી લીધો હતો.

શિવા ટકલા ગોડાદરા વિસ્તારમાં દારૂના અડ્ડા ચલાવવા માટે કુખ્યાત છે. તેની સામે અગાઉ પણ હોમગાર્ડની હત્યા અને પોલીસ ટીમ પર હુમલા જેવી ગંભીર ફરિયાદો નોંધાઈ ચુકી છે. તે વિસ્તારમાં પોતાનો દબદબો જાળવવા માટે કોઈ પણ હદે જઈ શકે છે તેવું સ્થાનિકોનું કહેવું છે. આ ડબલ મર્ડરની ઘટના બાદ ગોડાદરા પોલીસની કાર્યશૈલી પર પણ સવાલો ઉઠી રહ્યા છે કે આટલો મોટો ગુનેગાર 12-12 દિવસ સુધી કેવી રીતે ફરાર રહી શકે છે?

આ ગુનામાં પોલીસે અત્યાર સુધીમાં કુલ 4 પુખ્ત વયના આરોપીઓ અને 1 સગીરને ઝડપી પાડ્યા છે. અગાઉ પોલીસે જાલમ ઉર્ફે જગદીશ કલાલ અને આસીફ શેખની ધરપકડ કરી હતી. પકડાયેલા તમામ આરોપીઓ ગુનાની શરૂઆતથી અંત સુધી શિવા ટકલાની સાથે હોવાનું અને ત્રણેય યુવાનો પર અત્યાચાર ગુજારવામાં સામેલ હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ BNS ની કલમ 103(1) (હત્યા) સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધ્યો છે. હાલમાં ગોડાદરા પોલીસ સ્ટેશનના પીઆઈ અને તેમની ટીમ મુખ્ય આરોપી શિવા ટકલાને પકડવા માટે તેના સંભવિત આશ્રયસ્થાનો અને સગા-સંબંધીઓની પૂછપરછ કરી રહી છે. શિવા ટકલા જેલના સળિયા પાછળ ન જાય ત્યાં સુધી મૃતકના પરિવારજનોમાં પણ ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. સુરત શહેર પોલીસ માટે હવે શિવા ટકલાને પકડવો એ પ્રતિષ્ઠાનો સવાલ બની ગયો છે. આવનારા દિવસોમાં પોલીસ આ કુખ્યાત બુટલેગર સુધી ક્યારે પહોંચે છે તે જોવું રહ્યું.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# દિલ્હીને દુલ્હન બનાવીશું : અમે ભારતને પાઠ ભણાવ્યો, હવે 50 વર્ષ સુધી હુમલો કરવાની હિંમત નહીં કરે : લશ્કર કમાન્ડર અબ્દુલ રઉફનો બફાટ...

**ઇસ્લામાબાદ, તા.15**

પાકિસ્તાનમાં હાજર લશ્કર-એ-તૈયબાના કમાન્ડર હાફિઝ અબ્દુલ રઉફે ભારત વિરુદ્ધ ભડકાઉ અને ઉશ્કેરણીજનક ધમકીઓ આપી છે. તેણે કહ્યું કે તેઓ દિલ્હીને દુલ્હન બનાવશે. આ વીડિયો ગયા મહિને નવેમ્બરનો છે, પરંતુ હાલમાં સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે.

રઉફે કહ્યું, “મક્કી સાહેબ કહેતા હતા કે, અમે એક દિવસ દિલ્હીને દુલ્હન બનાવીશું અને આ થઈને જ રહેશે. ગઝવા-એ-હિંદ થઈને જ રહેશે. અમે એક દિવસ આ નિઝામ બદલી નાખીશું અને આ મુલ્કમાં શરિયાની હુકુમત લાવીશું. અમે જીતેલી કોમ છીએ.”

રઉફે દાવો કર્યો કે ભારતીય વાયુસેના પાકિસ્તાની હવાઈ ક્ષેત્રમાં ઘૂસવાની હિંમત નહીં કરે અને પાકિસ્તાન ઈસ્લામિક દેશોમાં એકમાત્ર પરમાણુ શક્તિ છે. રઉફે એમ પણ કહ્યું કે ઓપરેશન સિંદૂર પછી ભારત આગામી 50 વર્ષ સુધી પાકિસ્તાન પર હુમલો કરવાની હિંમત નહીં કરે.

વીડિયોમાં રઉફે જે મક્કીનું નામ લીધું છે તે મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ હાફિઝ સઈદનો સાળો છે. ગયા વર્ષે ડિસેમ્બરમાં હૃદયરોગના હુમલાથી તેનું મૃત્યુ થયું હતું. રઉફ લશ્કરના સ્થાપક હાફિઝ સઈદનો નજીકનો સહયોગી છે. અબ્દુલ રઉફ પર અમેરિકાએ પ્રતિબંધ મૂક્યો છે.



વીડિયોમાં રઉફે જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદ ઓછો થવાની વાતોને નકારી કાઢતા કહ્યું કે કાશ્મીરની લડાઈ પૂરી થઈ નથી અને તે વધુ તીવ્ર બનશે. તેમણે દાવો કર્યો કે કાશ્મીર યુદ્ધ હજુ સમાપ્ત થવાથી ઘણું દૂર છે અને ચેતવણી આપી કે જે લોકો આનાથી વિપરીત વિચારે છે તેઓ ખોટા છે.

લશ્કરના સહ-સ્થાપક અને હાફિઝ સઈદના સાળા અબ્દુલ રહેમાન મક્કીનો હવાલો આપતા, રઉફે દાવો કર્યો કે તેમનો હેતુ દિલ્હી પર શાસન કરવાનો છે. આ ઉપરાંત, રઉફે ભારતની સૈન્ય શક્તિને નબળી ગણાવતા કહ્યું કે રાફેલ લડાકુ વિમાન, એસ-400 મિસાઈલ સિસ્ટમ અને ડ્રોન કંઈ કરી શકતા નથી.

અબ્દુલ રઉફ 1999થી લશ્કર-એ-તૈયબાનો સભ્ય છે અને ફલાહ-એ-ઈન્સાનિયત ફાઉન્ડેશનનો પ્રમુખ છે. આતંકવાદીઓના જનાજામાં અબ્દુર રઉફની હાજરી સામે આવ્યા બાદ, પાકિસ્તાની સેનાએ તેને 'સામાન્ય માણસ' ગણાવીને બચાવવાનો પ્રયાસ કર્યો હતો.

ભારતે 7 મેના રોજ પાકિસ્તાનમાં ઓપરેશન સિંદૂર દરમિયાન આતંકવાદીઓના ઠેકાણા પર એર સ્ટ્રાઈક કરી હતી. આ દરમિયાન રઉફ પાકિસ્તાની અધિકારીઓ સાથે માર્યા ગયેલા આતંકવાદીઓની જનાજાની નમાઝ પઢતો જોવા મળ્યો હતો.

પાકિસ્તાની સેનાના પ્રવક્તા અહેમદ શરીફ ચૌધરીએ દાવો કર્યો હતો કે આતંકવાદીઓના જનાઝાની નમાઝ પઢાવનાર વ્યક્તિ એક મૌલવી છે અને પાકિસ્તાન માર્કઝી મુસ્લિમ લીગ (PMML) નો સભ્ય છે. તેને ત્રણ દીકરીઓ અને એક દીકરો છે.

તેમણે રઉફનો ID નંબર (35202-5400413-9) અને જન્મ તારીખ (25 માર્ચ 1973) નો ઉલ્લેખ કર્યો હતો. પરંતુ આ વિગતો અમેરિકાની ‘સ્પેશિયલી ડેઝિગ્નેટેડ નેશનલ્સ એન્ડ બ્લોક્ડ પર્સન્સ‘ લિસ્ટમાં હાજર હાફિઝ અબ્દુર રઉફની વિગતો સાથે સંપૂર્ણપણે મેળ ખાય છે.

આ પહેલા પણ ઘણા લશ્કર આતંકીઓએ ભારતને ધમકી આપી છે. લશ્કર આતંકી અને પહેલગામ હુમલાના માસ્ટરમાઈન્ડ સૈફુલ્લાહ કસૂરીએ સપ્ટેમ્બરમાં એક વીડિયોમાં ભારત અને પીએમ મોદીને ધમકી આપી હતી. કસૂરીએ પાકિસ્તાનના આર્મી ચીફ આસીમ મુનીરને કહ્યું કે તેઓ પીએમ મોદીને 10 મે 2025ની જેમ પાઠ ભણાવે.

કસૂરીએ પાકિસ્તાનમાં તાજેતરમાં આવેલી પૂર માટે ભારતને જવાબદાર ઠેરવ્યું હતું. સૈફુલ્લાહ કસૂરી પણ હાફિઝ સઈદનો નજીકનો છે.

કસૂરીએ લોકો પાસેથી સમર્થન માંગતા કહ્યું, ‘અમે મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યા છીએ, પરંતુ અમારું મનોબળ ઊંચું છે. અમે અમારા લોકો માટે નરમ છીએ, પરંતુ અમારા દુશ્મનો માટે તેટલા જ ખતરનાક છીએ. અમારા દુશ્મનોએ એવું ન વિચારવું જોઈએ કે અમે નબળા છીએ, અમે પૂરી તાકાતથી જવાબ આપીશું.‘

કસૂરીએ આગળ કહ્યું, ‘ભારત જે પણ પગલાં લઈ રહ્યું છે, તેને તેની કિંમત ચૂકવવી પડશે. દરેક ઘાનો બદલો લઈશું અને ઈંટનો જવાબ પથ્થરથી આપવામાં આવશે. અમે કોઈપણ ભોગે અમારી ધરતી, અમારી જમીનની રક્ષા કરીશું.‘

કસૂરી ભારતમાં હિંદુઓનો સફાયો કરવાની ધમકી આપી ચૂક્યો છે. એક વીડિયોમાં તે કહે છે, ‘અમારા કાફલાઓ અટકશે નહીં, રોકાશે નહીં અને ત્યાં સુધી શાંતિથી બેસશે નહીં જ્યાં સુધી આખા હિંદુસ્તાન પર 'લા ઈલાહા ઈલલ્લાહ' (અલ્લાહ સિવાય કોઈ બીજું નથી) ના ઝંડા લહેરાવી ન દે.‘

કસૂરી આગળ કહે છે, ‘આ સમય આવવાનો છે, કોઈ નિરાશા નથી. અમે જે મેદાનમાં ઊભા છીએ, અમારા દુશ્મનને ચારે ખાને ચિત્ત કર્યો છે. આ હિંદુઓ અમારી સામે શું છે. હિંદુસ્તાનના હિંદુઓ મટી જશે અને ઈસ્લામનું રાજ આવવાનું છે. ‘

ભારતે પહેલગામ હુમલાનો જવાબ આપતા 6-7 મેની રાત્રે 1:05 વાગ્યે પાકિસ્તાન અને PoKમાં એર સ્ટ્રાઈક કરી. તેને ઓપરેશન સિંદૂર નામ આપવામાં આવ્યું.

હુમલામાં આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદ ચીફ મૌલાના મસૂદ અઝહરના પરિવારના 10 સભ્યો અને 4 સહયોગીઓ માર્યા ગયા. ભારતે 24 મિસાઈલો છોડી.

# રામમંદિર આંદોલન સાથે જોડાયેલા ડૉ. રામવિલાસ વેદાંતીનું નિધન.....


**અયોધ્યા, તા.15**

રામ મંદિર ચળવળના સંત અને ભૂતપૂર્વ સાંસદ ડૉ. રામવિલાસ દાસ વેદાંતીનું સોમવારે અવસાન થયું. તેમણે મધ્યપ્રદેશના રેવામાં બપોરે 12:20 વાગ્યે અંતિમ શ્વાસ લીધા. તેઓ 67 વર્ષના હતા. વેદાંતી રેવામાં રામ કથામાં હાજરી આપી રહ્યા હતા, જે દરમિયાન તેમની તબિયત લથડી હતી.

તેઓ બે દિવસથી રેવાની એક હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા. સોમવારે સવારે તેમની તબિયત વધુ ખરાબ થઈ ગઈ. તેમને એરલિફ્ટ કરીને ભોપાલ એઈમ્સ લઈ જવાની તૈયારી ચાલી રહી હતી. એર એમ્બ્યુલન્સ આવી, પરંતુ ધુમ્મસને કારણે ઉતરી શકી નહીં.

ડૉ. વેદાંતીનો જન્મ 7 ઓક્ટોબર, 1958ના રોજ રીવાના ગુધવા ગામમાં થયો હતો. તેઓ 12 વર્ષના હતા ત્યારે અયોધ્યા ગયા. તેમણે પોતાનું આખું જીવન ત્યાં વિતાવ્યું. તેઓ ઉત્તર પ્રદેશના પ્રતાપગઢ અને જૌનપુરના મછલીશહરથી બે વખત ભાજપ સાંસદ પણ રહ્યા.

ડૉ. રામવિલાસ દાસ વેદાંતીના ઉત્તરાધિકારી મહંત રાઘવેશ દાસ વેદાંતીએ જણાવ્યું હતું કે, મહારાજજીના પાર્થીવ દેહને આજે અયોધ્યા લાવવામાં આવી રહ્યો છે. મહારાજજીની અંતિમયાત્રા સોમવારે સવારે હિન્દુ ધામથી નીકળીને રામ મંદિર જશે. સવારે 8:00 વાગ્યે



સરયુ નદીના કિનારે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવશે.

ડૉ. વેદાંતીનો જન્મ 7 ઓક્ટોબર, 1958ના રોજ રેવાના ગુધવા ગામમાં થયો હતો. જ્યારે તેઓ બે વર્ષના હતા ત્યારે તેમની માતાનું અવસાન થયું હતું. તેમના પિતા રામ સુમન ત્રિપાઠી, એક પૂજારી અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી અર્જુન સિંહના ગુરુ હતા. વેદાંતી 12 વર્ષની ઉંમરે અયોધ્યા આવ્યા હતા.

તેઓ 12મી લોકસભામાં ઉત્તર પ્રદેશના પ્રતાપગઢથી ભાજપના સાંસદ તરીકે ચૂંટાયા હતા. અગાઉ, તેઓ 1996માં જૌનપુરની મછલીશહર બેઠક પરથી સાંસદ તરીકે સેવા આપી હતી. શ્રી રામ મંદિર ચળવળમાં તેમના નેતૃત્વને કારણે, તેમને રામ મંદિર જન્મભૂમિ ટ્રસ્ટના કાર્યકારી અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

ડૉ. રામવિલાસ વેદાંતી બાબરી મસ્જિદ ધ્વંસ કેસમાં આરોપી હતા. 2020માં સીબીઆઈની ખાસ કોર્ટે તેમને નિર્દોષ જાહેર કર્યા. કોર્ટે જણાવ્યું હતું કે ધ્વંસ પાછળ કોઈ કાવતરું નહોતું.

યુપીના સીએમ યોગીએ X પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી. તેમણે લખ્યું, પૂજ્ય સંત ડૉ. વેદાંતીનું નિધન સનાતન સંસ્કૃતિ માટે એક અપૂર્ણ નુકસાન છે. તેમનું નિધન એક યુગનો અંત છે. ધર્મ, સમાજ અને રાષ્ટ્ર માટે સમર્પિત તેમનું જીવન આપણા બધા માટે પ્રેરણારૂપ છે.

કિશોરી રમણ અગ્રવાલે કહ્યું, હું ડૉ. વેદાંતીનો પાડોશી અને શિષ્ય છું. અયોધ્યાના લોકો તેમને ખૂબ પ્રેમ કરતા હતા. મહારાજજીએ રામ જન્મભૂમિ ચળવળમાં અગ્રણી ભૂમિકા ભજવી હતી. લોકો તેમને રામ મંદિર ચળવળના યોદ્ધા તરીકે જાણતા હતા.

# ઓસ્ટ્રેલિયામાં આતંકવાદી બાપ-દીકરાએ 16 લોકોની હત્યા કરી : હુમલાખોરો પાકિસ્તાની મૂળના હોવાનો આરોપ

**સિડની, તા.15**

ઓસ્ટ્રેલિયાના સિડનીમાં રવિવારે બોન્ડી બીચ પર થયેલા આતંકી હુમલા અંગે પોલીસે જણાવ્યું છે કે બંને આતંકી પિતા-પુત્ર છે. તેઓ પાકિસ્તાની મૂળના હોવાની શંકા છે.

પોલીસના જણાવ્યા અનુસાર, હુમલામાં મૃત્યુઆંક વધીને 16 થયો છે. જેમાં એક 10 વર્ષની બાળકી અને એક ઈઝરાયેલી નાગરિક પણ સામેલ છે. આ ઉપરાંત 45 લોકો ઘાયલ છે. આતંકીઓએ રવિવારે બોન્ડી બીચ પર હનુક્કા ફેસ્ટિવલ મનાવી રહેલા લોકો પર ફાયરિંગ કર્યું હતું. ત્યારબાદ જવાબી કાર્યવાહીમાં પોલીસે 50 વર્ષીય પિતા સાજિદ અકરમને ઘટનાસ્થળે જ ગોળી મારી દીધી, જેના કારણે તેનું મોત થયું. જ્યારે, 24 વર્ષનો પુત્ર નવીદ અકરમ હોસ્પિટલમાં ગંભીર હાલતમાં છે.

ઓસ્ટ્રેલિયાના ગૃહ મંત્રી ટોની બર્કે ખુલાસો કર્યો છે કે સાજીદ અકરમ 1998માં વિદ્યાર્થી વિઝા



પર ઓસ્ટ્રેલિયા આવ્યો હતો. તેણે વેરેના નામની ઓસ્ટ્રેલિયન મહિલા સાથે લગ્ન કર્યા અને પોતાનો વિઝા પાર્ટનર વિઝામાં બદલી લીધો. ત્યારથી તે રેસિડેન્ટ રિટર્ન વિઝા પર હતો. એટલે કે સાજીદ અકરમ પાસે ઓસ્ટ્રેલિયાની નાગરિકતા નહોતી.

બર્કે એ નથી જણાવ્યું કે અકરમ ઓસ્ટ્રેલિયામાં ક્યાંથી આવીને વસ્યો હતો. જોકે તેમણે કહ્યું કે એવી ખબરો છે કે તે પાકિસ્તાનથી આવ્યો હતો. અકરમના પુત્ર નવીદનો જન્મ 2001માં ઓસ્ટ્રેલિયામાં થયો હતો. તે એક ઓસ્ટ્રેલિયન નાગરિક છે. નવીદ ઓક્ટોબર 2019માં ઓસ્ટ્રેલિયન સુરક્ષા ગુપ્તચર સંગઠન (ASIO)ની તપાસના ઘેરામાં આવ્યો હતો. જોકે, તે સમયે તેની વિરુદ્ધ હિંસામાં સામેલ થવા કે કોઈપણ પ્રકારના ખતરાનો કોઈ સંકેત મળ્યો ન હતો.

હુમલા અંગે વેરેનાએ મીડિયાને જણાવ્યું કે મને વિશ્વાસ નથી થઈ રહ્યો કે તેણે કોઈ આતંકી હુમલો કર્યો છે. તેણે કહ્યું કે મારો દીકરો ખૂબ સારો છે. તે ક્યારેય ખોટી સંગતમાં પણ રહ્યો નથી.

પોલીસના જણાવ્યા અનુસાર, 50 વર્ષીય હુમલાખોર સાજીદ અકરમ પાસે લાયસન્સવાળી બંદૂક હતી, જેનો ઉપયોગ તે શિકાર માટે કરતો હતો. NSW પોલીસ કમિશનર મલ લેનયને જણાવ્યું કે સાજીદ અકરમ એક ગન ક્લબનો સભ્ય હતો અને રાજ્યના કાયદા હેઠળ તેની પાસે લાયસન્સ હતું.

સાજીદ અકરમ પાસે કાયદેસર રીતે 6 બંદૂકો હતી. ગોળીબાર કરવા નીકળતા પહેલાં પિતા-પુત્રએ પોતાના પરિવારને કહ્યું હતું કે તેઓ માછલી પકડવા જઈ રહ્યા છે. અકરમ પોતાના પરિવાર સાથે ભાડાના મકાનમાં રહેતો હતો.

# પિતાએ 5 બાળકો સાથે ગળે ફાંસો ખાધો, 4નાં મોત

## બચી ગયેલા બાળકે કહ્યું- ગળે મમ્મીની સાડી બાંધી, ટ્રંક પર ચડવાનું કહી છત પર લટકાવ્યા, એકસાથે કુદવાનું કહ્યું ને અમે કુદી પડ્યા

**મુઝફ્ફરપુર**

બિહારના મુઝફ્ફરપુરમાં એક સનસનાટી ભરી ઘટના સામે આવી છે. જેમા એક પિતાએ પોતાના પાંચ બાળકો સાથે ફાંસી લગાવી લીધી. આ ઘટનામાં ત્રણ દીકરીઓ સાથે પિતાનું મૃત્યુ થયું, જ્યારે બે દીકરા બચી ગયા.

એક જ પરિવારમાં એકસાથે ચાર મોતથી વિસ્તારમાં સનસનાટી ફેલાઈ ગઈ. આ ઘટના સકરા પોલીસ સ્ટેશન વિસ્તારના નવલપુર મિશ્રૌલિયા ગામની છે.

ઘટનાની જાણ થતાં ઘટનાસ્થળે પહોંચેલી પોલીસ તપાસમાં લાગી ગઈ છે. સોમવારની સવારે આ ઘટનાની જાણકારી મળી. જણાવવામાં આવે છે કે રવિવારની રાત્રે અમરનાથ રામ (ઉં.વ.40)એ પોતાની ત્રણ દીકરીઓ રાધા કુમારી (ઉં.વ.11), રાધિકા (ઉં.વ.9) અને શિવાની (ઉં.વ.7) સાથે ઘરમાં ફાંસી લગાવી લીધી.




અમરનાથ રામે પોતાના બે દીકરા શિવમ કુમાર (ઉં.વ.6) અને ચંદન (ઉં.વ.4)ને પણ ફાંસી લગાવવાનું કહ્યું હતું, પરંતુ બંને બચી ગયા. બંને બાળકો ઘરમાંથી બહાર નીકળ્યા અને બૂમો પાડવા લાગ્યા.

અમરનાથના દીકરા શિવમે જણાવ્યું કે રાત્રે આખા પરિવારે જમવામાં ઈંડા ભુજીયા અને બટાકા-સોયાબીનની સબ્જી સાથે ભાત ખાધા હતા. બહેને જમવાનું બનાવ્યું હતું. અમારી માતાનું અવસાન થઈ ગયું છે. અમારા પરિવારમાં પપ્પા જ હતા. તેઓ જ અમારું ધ્યાન રાખતા હતા.

પુત્રએ જણાવ્યું કે 'પિતાએ બધાને જગાડ્યા. હું મોબાઈલ જોઈ રહ્યો હતો એટલે મને ઊંઘ નહોતી આવી. પપ્પાએ અમારા પાંચેય (ત્રણ દીકરી અને બે દીકરા)ના ગળામાં માતાની સાડીથી ફાંસો નાખીને ટ્રંક પર ચડવાનું કહ્યું અને ઘરની છત પર લટકાવી દીધા.

ત્યારબાદ તેમણે અમને ટ્રંક પરથી કૂદવાનું કહ્યું. બધી બહેનો પપ્પા સાથે ઝટકાથી કૂદી પડી. હું પણ કૂદી પડ્યો, પણ ગળું દબાવાથી દુખાવો થતાં ફાંસો ઢીલો કરી દીધો અને પોતાને ફાંસામાંથી કાઢી લીધો.

ત્યારબાદ મેં મારા ભાઈ ચંદનના ગળામાંથી પણ ફાંસો ખોલી નાખ્યો અને બહાર નીકળીને બૂમો પાડવા લાગ્યો.'

મૃતકના કાકા સીતારામ રામે જણાવ્યું કે સવારે 4:00 વાગ્યે એક બાળક આવીને બોલ્યો કે પપ્પાએ બધાને ફાંસી પર લટકાવી દીધા. ત્યારબાદ પોતે પણ લટકી ગયા. હું તરત જ ઘટનાસ્થળે પહોંચ્યો. જોયું કે ચાર લોકો જેમાં મારો ભત્રીજો તેની ત્રણ દીકરીઓ સાથે ફાંસીના ફંદા પર લટકીને જીવ આપી દીધો છે.

તે કંઈ કામ કરતો ન હતો, જેમ તેમ ઘર ચાલતું હતું. ડીલર પાસેથી રાશન-પાણી આવતું હતું તેમાંથી જ તેનો પરિવાર ચાલતો હતો. ગયા વર્ષે હોળીના સમયે પત્ની પણ મૃત્યુ પામી હતી. ત્રણ દીકરીઓ અને બે દીકરાઓ સાથે રહેતો હતો.

# આતંકવાદીઓ સામે નિઃશસ્ત્ર લડ્યો ઓસ્ટ્રેલિયાનો હીરો અહેમદ : રાઈફલ છીનવી, ભાઈને કહ્યું- કંઈ થાય તો પરિવારને કહેજે, હું લોકોનો જીવ બચાવતા મર્યો....

**સિડની, તા.15**

ઓસ્ટ્રેલિયાના સિડનીમાં રવિવારે બોન્ડી બીચ પર સેલિબ્રેશન કરી રહેલા લોકો પર બે આતંકવાદીઓએ હુમલો કર્યો. આ દરમિયાન 44 વર્ષીય અહેમદ અલ-અહેમદે પોતાના જીવની ચિંતા કર્યા વિના લોકોનો જીવ બચાવ્યો.

અહેમદ અંધાધૂંધ ફાયરિંગ કરી રહેલા આતંકવાદીઓ સામે નિઃશસ્ત્ર ભીડાઈ ગયો. તેણે હિંમત બતાવતા પાછળથી આતંકવાદી પર ઝપટ મારી અને તેની પાસેથી બંદૂક છીનવી લીધી, જેનાથી ઘણા લોકોને સુરક્ષિત બહાર નીકળવાનો મોકો મળી ગયો.

લોકો તેને ‘ઓસ્ટ્રેલિયાનો નવો હીરો’ કહી રહ્યા છે. અહેમદ જ્યારે આતંકવાદી સાથે મુકાબલો કરવા જઈ રહ્યો હતો, ત્યારે તેના ભાઈએ તેને રોક્યો હતો. ત્યારે અહેમદે કહ્યું હતું કે, 'જો મને કંઈ થયું તો પરિવારને કહેજે કે હું લોકોનો જીવ બચાવતા મોતને ભેટ્યો.'

અહેમદ અલ અહેમદ બોન્ડી બીચ પર તેના પિતરાઈ ભાઈ જોજાય અલકંજ સાથે હનુક્કા ઉત્સવમાં ભાગ લેવા આવ્યો હતો. બંને કોફી પીવા બહાર નીકળ્યા હતા. થોડી જ મિનિટો પછી ગોળીબારના અવાજો સંભળાયા.

અહેમદે જોયું કે બે લોકો ભીડ પર આડેધડ ગોળીબાર કરી રહ્યા હતા. લોકો ચીસો પાડતા અને બૂમો પાડતા ભાગી રહ્યા હતા. અહેમદ અને જોજાય કાર પાછળ છુપાઈ ગયા. જોજાય ડરથી ધ્રૂજી રહ્યો હતો, અહેમદે તેને શાંત કર્યા અને હુમલાખોરોનો સામનો કરવાની વાત કરી.

જોજાયે તેને રોકવાનો પ્રયાસ કર્યો, પરંતુ અહેમદે તેની વાત ન સાંભળી. અહેમદે કહ્યું, 'જો હું મરી પણ જાઉં, તો પરિવારને કહી દેજો કે હું લોકોનો જીવ બચાવતા ગયો.'

પછી તે કારોની પાછળથી હુમલાખોરોની ગતિવિધિઓ પર નજર રાખવા લાગ્યો. અહેમદ નિઃશસ્ત્ર હતો, પરંતુ પોતાના જીવની ચિંતા કર્યા વિના તક મળતા જ સીધા હુમલાખોર તરફ દોડ્યો.

તેણે પાછળથી ઝપટ મારીને એક 50 વર્ષના આતંકવાદી સાજિદ અકરમની રાઈફલ છીનવી લીધી અને તેને ધક્કો મારીને દૂર ફેંકી દીધો. અહેમદે રાઈફલ આતંકવાદી પર તાણી, જેનાથી ડરીને તે પાછળની તરફ ભાગવા લાગ્યો. તેણે આતંકવાદી પાસેથી ગન છીનવીને ઘણા લોકોનો જીવ બચાવ્યો.

અહેમદે રાઈફલને એક ઝાડ પાસે રાખી દીધી, પરંતુ ત્યારે જ બીજી તરફથી આતંકવાદીના પુત્ર નવીદ અકરમે તેના પર હુમલો કરી દીધો. બે ગોળીઓ અહેમદના ડાબા ખભામાં વાગી. તે બેભાન થઈને પડી ગયો.

અહેમદના પિતરાઈ ભાઈ મુસ્તફાએ જણાવ્યું કે અહેમદને બંદૂક ચલાવતા આવડતું ન હતું, તેથી કદાચ તે હુમલાખોર પર બંદૂક ચલાવી શક્યો નહીં. તે ફક્ત આતંકવાદીને ડરાવતો રહ્યો, પરંતુ ત્યાં સુધીમાં પાછળથી તેને ગોળી વાગી ગઈ.

અહેમદે મુસ્તફાને કહ્યું કે તેને ખબર નથી કે તે ક્ષણે તેને શું થયું



હતું, ભગવાને તેને એવી શક્તિ આપી જે તેણે પહેલા ક્યારેય અનુભવી ન હતી. અહેમદે કહ્યું કે તેને કોઈપણ ભોગે લોકોને બચાવવાના હતા.

અહેમદ હાલમાં સેન્ટ જ્યોર્જ હોસ્પિટલમાં દાખલ છે. તેમની સર્જરી થઈ ગઈ છે અને તે સાજા થઈ રહ્યા છે. તેના પિતાએ જણાવ્યું કે અહેમદ સારા મૂડમાં છે. હું ભગવાનનો આભાર માની રહ્યો છું કે મારા પુત્રએ નિર્દોષ લોકોને હત્યારાઓથી બચાવ્યા.

તે જ સમયે, જ્યારે અહેમદની માતાને ખબર પડી કે તેમના પુત્રએ પોતાનો જીવ જોખમમાં મૂકીને લોકોના જીવ બચાવ્યા છે, ત્યારે તેઓ રડવા લાગ્યા.

અહેમદ મુસ્લિમ સમુદાયનો છે. તે 2006માં ગૃહયુદ્ધને કારણે સીરિયાથી ભાગીને ઓસ્ટ્રેલિયા આવ્યો હતો. તેની એક તમાકુની દુકાન છે. અહેમદ પાંચ અને છ વર્ષની બે દીકરીઓના પિતા છે.

અહેમદના વકીલે મીડિયાને જણાવ્યું કે 2019માં ઓસ્ટ્રેલિયન સરકારે તેમને નાગરિકતા આપવાનો ઈનકાર કર્યો હતો, કારણ કે NSW પોલીસે તેમના પર ચોરીનો સામાન રાખવાનો આરોપ લગાવ્યો હતો.

પછીથી આરોપો હટાવી દેવામાં આવ્યા અને 2022માં તેમને નાગરિકતા મળી. જોકે, 2022માં તેઓ તમાકુ સંબંધિત કેટલાક નાના ગુનાઓમાં દોષિત ઠર્યા હતા.

અહેમદના વકીલે કહ્યું કે અહેમદ એક સારો નાગરિક છે અને સખત મહેનત કરે છે. હવે તેની બહાદુરીના ઈનામ તરીકે તે અહેમદના વૃદ્ધ માતા-પિતાને પણ નાગરિકતા અપાવવાનો પ્રયાસ કરશે. તેણે વડાપ્રધાન એન્થોની અલ્બેનીઝને આ માટે અપીલ પણ કરી છે.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પણ અહેમદની બહાદુરીની પ્રશંસા કરી. ટ્રમ્પે કહ્યું, 'ઓસ્ટ્રેલિયામાં એક ખૂબ જ બહાદુર વ્યક્તિએ હુમલાખોરોમાંથી એક પર સીધો હુમલો કર્યો. તેણે ઘણા લોકોના જીવ બચાવ્યા, એક ખૂબ જ બહાદુર વ્યક્તિ જે હાલમાં હોસ્પિટલમાં છે અને ગંભીર રીતે ઘાયલ છે. જે વ્યક્તિએ આવું કર્યું, તેના પ્રત્યે મારા મનમાં ખૂબ સન્માન છે.'

ઓસ્ટ્રેલિયન વડાપ્રધાન એન્થોની અલ્બેનીઝે કહ્યું, 'ઓસ્ટ્રેલિયન લોકો ખતરામાં પણ દોડીને બીજાની મદદ કરે છે. આ હીરો છે અને તેમની બહાદુરીએ જીવ બચાવ્યા.'

ન્યૂ સાઉથ વેલ્સના પ્રીમિયર ક્રિસ મિન્સે પણ કહ્યું કે આ મુશ્કેલ અને દુઃખની ઘડીમાં પણ ઓસ્ટ્રેલિયન બહાદુર છે, જે અજાણ્યાઓ માટે જીવ જોખમમાં મૂકે છે. તેમાં કોઈ શંકા નથી કે તેમની બહાદુરીને કારણે આજે રાત્રે ઘણા લોકોના જીવ બચ્યા છે.

લોકોએ અહેમદ માટે 570,000 ડોલર (3.43 કરોડ) થી વધુનું ભંડોળ એકત્ર કર્યું છે. ઓસ્ટ્રેલિયાની ક્રાઉડફંડિંગ સાઈટ GoFundMe પર લગભગ 5700 લોકોએ એક અભિયાન ચલાવ્યું હતું. દાતાઓમાં અમેરિકી અબજોપતિ બિલ એકમેન પણ સામેલ છે, જેમણે 100,000 ડોલરનું દાન આપ્યું છે.

સમગ્ર દેશમાં લોકો અહેમદના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી રહ્યા છે અને આશા છે કે તેઓ જલ્દી પોતાની દીકરીઓ અને પરિવાર પાસે પાછા ફરશે.

ઓસ્ટ્રેલિયાના ગૃહ મંત્રી ટોની બર્કે ખુલાસો કર્યો છે કે આતંકવાદી સાજિદ અકરમ 1998માં વિદ્યાર્થી વિઝા પર ઓસ્ટ્રેલિયા આવ્યો હતો. તેણે વેરેના નામની ઓસ્ટ્રેલિયન મહિલા સાથે લગ્ન કર્યા અને પોતાનો વિઝા પાર્ટનર વિઝામાં બદલી નાખ્યો. ત્યારથી તે રેસિડેન્ટ રિટર્ન વિઝા પર હતો. એટલે કે સાજિદ અકરમ પાસે ઓસ્ટ્રેલિયાની નાગરિકતા નહોતી.

બર્કે એ જણાવ્યું ન હતું કે અકરમ ઓસ્ટ્રેલિયામાં ક્યાંથી આવીને વસ્યો હતો. જોકે તેમણે કહ્યું કે એવી ખબરો છે કે તે પાકિસ્તાનથી આવ્યો હતો. અકરમના દીકરા નવીદનો જન્મ 2001માં ઓસ્ટ્રેલિયામાં થયો હતો. તે એક ઓસ્ટ્રેલિયન નાગરિક છે.

## તંત્રી લેખ

# અન્ના હજારેની ધમકીનું પરિણામ, સરકાર ઝુકી ગઈ

અન્ના હજારેએ લોકાયુક્ત કાયદો મહારાષ્ટ્રમાં જો લાગુ નહી થાય તો આમરણાંત ઉપવાસ પર જવાની ધમકી આપી હતી. ૨૦૧૨ના વર્ષમાં યુપીએ સરકાર સામે અન્ના હજારેએ ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન કર્યું હતું જેને કારણે સરકાર ગબડી ગઈ હતી. જોકે છેલ્લા કેટલાક વર્ષોથી અન્ના હજારે સાવ નિષ્ક્રિય થઈ ગયા છે, પરંતુ એમના ઉપવાસની ધમકીથી ડરી જઈને મહારાષ્ટ્ર સરકારે એમને તાત્કાલીક મનાવવાની કોશિશ કરી છે. સરકારે તરત જ વિધાનસભામાં એક કાયદો લાવીને લોકાયુક્તના કાયદા હેઠળ આઈએએસ અધિકારીને સમાવવાની મંજૂરી આપી દીધી છે. મહારાષ્ટ્રમાં ૨૦૨૩ના વર્ષમાં લોકાયુક્ત કાયદો બન્યો હતો. સરકારનું કહેવું હતું કે આ કાયદાને કારણે શાસન વ્યવસ્થામાં પારદર્શિતા વધશે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસનું હવે કહેવું છે કે લોકાયુક્ત કાયદા હેઠળ કઈ કઈ વ્યક્તિઓનો સમાવેશ થશે એ નક્કી થઈ ગયું છે. જોકે હજુ સુધી નક્કી નથી થયું કે લોકાયુક્ત કાયદો ક્યારથી લાગુ કરવામાં આવશે. હવે રાજ્યના કોઈ પણ બોર્ડ, નિગમ, સમિતિ અથવા બીજી સંસ્થાઓમાં ફરજ બજાવતા આઈએએસ અધિકારીઓ પણ આ કાયદા હેઠળ કવર થશે. રાજકીય નિરિક્ષકો માની રહ્યા છે કે અન્ના હજારે મહારાષ્ટ્રના વતની હોવાથી મુખ્યમંત્રી ફડણવીસ કોઈ વિવાદ ઉભો કરવા માંગતા નહોતા.

અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેન્ચે ભૂતપૂર્વ મંત્રી રઘુરાજ પ્રતાપસિંહ ઉર્ફ રાજા ભૈયા અને એમના સાળી સાધ્વી સિંહને નોટીસ મોકલી છે. રાજા ભૈયાના પત્ની ભાનવીકુમારી સિંહએ કરેલી એક ફરિયાદ બાબતે આ નોટીસ મોકલવામાં આવી છે. કોર્ટે આ સાથે ભાનવી વિરુદ્ધ ચાલી રહેલા બદનક્ષીના દાવા પર સ્ટે આપ્યો છે. જસ્ટીસ સૌરભ લાવનિયાની બેન્ચે ભાનવીએ કરેલી ફરિયાદ બાબતે હુકમ કર્યો છે. લખનૌના સીજેએમની કોર્ટમાં ચાલી રહેલા એક ફોજદારી કેસને ચેલેન્જ કરવામાં આવ્યો હતો. કોર્ટે રાજા ભૈયા અને સાધ્વી સિંહને બે અઠવાડિયામાં પોતાનો જવાબ રજૂ કરવાનો હુકમ કર્યો છે. ૨૦૦૩ના સપ્ટેમ્બર મહિનામાં સાધ્વી સિંહે હજરતગંજ પોલીસ સ્ટેશનમાં કેસ દાખલ કર્યો હતો. આ કેસ બદનક્ષી માટે કરવામાં આવ્યો હતો. પોલીસે ત્યાર પછી એફઆઈઆર દાખલ કરી હતી અને ભાનવીને સમન્સ મોકલવામાં આવ્યું હતું.

પાકિસ્તાનના કાયદો અને ન્યાય રાજ્ય મંત્રી અકિલ મલ્લિકએ ચેતવણી આપી છે કે જો ઈન્ટરનેટ મીડિયા પ્લેટફોર્મના અધિકારીઓ સહકાર નહી આપશે તો પાકિસ્તાન સરકાર એમના પર પ્રતિબંધ લગાડવાનો વિચાર કરશે. પાકિસ્તાનમાં લગભગ ૪૫ લાખ લોકો સોશ્યલ મીડિયા એક્સનો ઉપયોગ કરે છે. ૨૦૨૪ના ફેબુરઆરી મહિનામાં એક્સને બ્લોક કરવામાં આવ્યું હતું. જેલમાં કેદ ભૂતપૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનના એક્સ એકાઉન્ટ પર મૂકવામાં આવેલા પ્રતિબંધ બાબતે મલ્લિક જવાબ આપી રહ્યા હતા. એમણે ફક્ત એટલુ જ કહ્યું હતું કે તપાસ ચાલુ છે. સરકારે એક્સનો સંપર્ક કર્યો છે. જો કે બીજા સોશ્યલ મીડિયા કરતા એક્સનો સહકાર સૌથી ઓછો છે. પેલેસ્ટાઈનને લગતી પોસ્ટ ૨૪ કલાકમાં દુર કરવામાં આવે છે અને એકાઉન્ટ પણ બ્લોક કરવામાં આવે છે.

# જીંદગીના છેલ્લા દિવસે પણ મોજ થઈ શકે, પણ ખબર ના પડવી જોઈએ કે આજ છેલ્લો દિવસ છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)



જય માતાજી આજે આપણેએક ચિંતનાત્મક વાત સાથે લેખની શરૂઆત કરીએ તો એક સમયે, એક સુથાર હતો.તે દૂરના શહેરમાં એક ઉદ્યોગપતિ પાસે કામ કરવા ગયો.એક દિવસ કામ કરતીવખતે તેની કરવત તૂટી ગઈ.તે તેના વગર કામ કરી શકતો ન હતો, અને તેના ગામમાં પાછા ફરવું મુશ્કેલ હતું. તેથી,તે શહેરનેઅડીને આવેલા એક ગામમાં ગયો આસ પાસ પૂછ્યા પછી,તેને એક લુહાર મળ્યો.તે લુહાર પાસે ગયો અને કહ્યું,'મારી કરવત તૂટી ગઈ છે. કૃપા કરીને મને એક સારો કરવત બનાવો.'

લુહારે કહ્યું,'હું તેને ઠીક કરીશ, પણ સમય લાગશે.તમે કાલે આવીને આ સમયે મારી પાસેથી કરવત ખરીદી શકો છો.'

સુથાર ઉતાવળમાં હતો,તેથી તેણે કહ્યું,'ભાઈ,થોડા વધારાના પૈસા લો,પણ મને હમણાં જ કરવત બનાવો!' 'પૈસાની વાત નથી, ભાઈ...જો હું આટલી ઝડપથી ઓજાર બનાવીશ,તો હું સંતુષ્ટ થઈશ નહીં.ઓજારો બનાવવાની વાત આવે ત્યારે હું ક્યારેય કોઈ કસર છોડતો નથી!' લુહારે સમજાવ્યું.

સુથાર સંમત થયો અને બીજા દિવસે તેની કરવત લેવા આવ્યો. કરવત ખૂબ જ સારી રીતે બનેલી હતી. સુથાર પહેલા કરતાં વધુ સરળતાથી અને સારી રીતે કામ કરી શકતો હતો. સુથારે ખુશીથી તેના માલિકને આ વિશે કહ્યું અને લુહારની ખૂબ પ્રશંસા કરી.

માલિકે પણ કરવતને નજીકથી જોયું! 'લુહારે તેના માટે કેટલો ચાર્જ લીધો?' માલિકે સુથારને પૂછ્યું.'દસ રૂપિયા!'માલિકે મનમાં વિચાર્યું કે શહેરમાં કોઈ પણ વ્યક્તિ આટલી સારી કરવત માટે ત્રીસ રૂપિયા ચૂકવવા તૈયાર હશે. લુહાર આવા ડઝનેક કરવત બનાવીને શહેરમાં કેમ ન વેચે? બીજા દિવસે, માલિક લુહાર પાસે ગયો અને કહ્યું, 'હું તને ઘણી કરવત બનાવવા માટે કહીશ અને દરેક કરવત માટે દસ રૂપિયા ચૂકવીશ, પણ મારી એક શરત છે.હવેથી,તું ફક્ત મારા માટે જ કામ કરશે.તું કરવત બનાવીને બીજા કોઈને વેચીશ નહીં.''હું તારી શરત સ્વીકારી શકતો નથી! 'લુહારે કહ્યું.વેપારીને લાગ્યું કે લુહાર વધુ પૈસા માંગે છે. તેણે કહ્યું,'ઠીકછે,હું તમને દરેક કરવત માટે પંદર રૂપિયા આપીશ.હવે તમે મારી શરતો સ્વીકારો.'લુહારે કહ્યું,'ના,હું હજુ પણ તમારી શરત સ્વીકારી શકતો નથી.હું મારા શ્રમનું મૂલ્ય જાતે નક્કી કરીશ.હું તમારા માટે કામ કરી શકતો નથી. હું આ કિંમતથી સંતુષ્ટ છું,અને મને વધુ કંઈ જોઈતું નથી.'

'તમે વિચિત્ર માણસ છો... લક્ષ્મી ના આગમનનો કોણ ઈનકાર કરે છે?' વેપારીએ આશ્ચર્ય સાથે પૂછ્યું.લુહારે કહ્યું,'તમે મારી પાસેથી કરવત ખરીદશો અને પછી તેને ગરીબ ખરીદદારોને બમણા ભાવે વેચી દેશો.પણ હું ગરીબોનું શોષણ કરવાનું સાધન બની શકતો નથી.જો હું લોભી હોઉં, તો ઘણા લોકોને તેના માટે ચૂકવણી કરવી પડશે,તેથી હું તમારી ઓફર સ્વીકારી શકતો નથી.'વેપારી સમજી ગયો કે દુનિયામાં કોઈ પણ સંપત્તિ સાચા અને પ્રામાણિક વ્યક્તિને ખરીદી શકતી નથી.તે પોતાના સિદ્ધાંતો માં અડગ રહે છે.

સ્વાર્થથી ઉપર ઉઠવું અને બીજા વિશે વિચારવુંએ એક મહાન ગુણ છે.જો લુહાર ઈચ્છતો હોત, તો તે સરળતાથી સારા પૈસા કમાઈ શક્યો હોત, પરંતુ તે જાણતો હતો કે તેનો નાનો લોભ ઘણા જરૂરિયાતમંદ લોકો માટે નુકસાન કારક સાબિત થશે અને તે વેપારી ના લોભમાં ન ફસાયો. જોઆપણે ધ્યાનથી અવલોકન કરીએ,તો આપણામાંથી મોટાભાગના લોકો, લુહારની જેમ,જાણે છેકેઆપણો સ્વાર્થ ક્યારે બીજાઓને નુકસાન પહોંચાડેછે,છતાં આપણેઆપણા પોતાના ફાયદા માટે કાર્ય કરીએ છીએ. આપણે આ વર્તન બદલવું જોઈએ. બીજાઓ શું કરે છે તે ધ્યાનમાં લીધા વિના,આપણે નિર્ણય લેવો જોઈએ કે આપણે આપણા પોતાના ફાયદા માટેએવું કંઈ ન કરીએ જે બીજાઓને નુકસાન પહોંચાડે.

શ્રીમદ્ ભગવદ્ ગીતા જ્ઞાનમાં આગળ જોઈએ તો રામજીનો બંધુપ્રેમ એવો હતો.બીજે દિવસે પ્રાતઃ કાળ થયો.રામ-લક્ષ્મણજી વહેલા ઊઠ્યા.વિશ્વામિત્ર શાલિ ગ્રામની પૂજા કરતા હતા.પૂજા માટે ફૂલ- તુલસી લેવા તેમને મોકલ્યા. રામ-લક્ષ્મણ પૂજા માટે બગીચામાં ફૂલ-તુલસી લેવા આવ્યા છે. માળીને કાકા કહીને બોલાવ્યો. માળીએ પાછળ જોયું લક્ષ્મણજી ઊભા હતા. માળીએ કહ્યું,હું તો આપનો અધમ નોકર છુંરામજીએ કહ્યું, તમે ઉંમરમાં મોટા છો,માનના અધિકારી છો. વિનય જોઈ માળી વારંવાર વંદન કરે છે. નિત્ય તુલસીજીને વંદન કરનારને કોઈ રોગ થતો નથી.

તુલસીજીને પ્રણામ કર્યા વગર તુલસી ચૂંટશો નહીં. ચૂંટો ત્યારે પ્રણામ કરીને કહો કે, ઠાકોરજીનાં ચરણારવિંદમાં તમને પધરાવવા માટે ચૂંટવાની આજ્ઞા આપો. તુલસીજી એ રાધાજીનો અવતાર છે.સાયંકાળ પછી તુલસીને સ્પર્શ કરવો નહીં.રોજ તુલસીજીની અને પાર્વતીજીની પૂજા કરે તો સૌભાગ્ય અખંડ રહે છે.તે સમયે સીતાજી ત્યાં પધાર્યાં. સીતાજીની દૃષ્ટિનું મિલન થયું.આ કથા તુલસીદાસજી લઈ આવ્યા છે.બીજા કોઈ રામાયણ માં આ કથા નથી.પછી સીતાજીએ જગ દંબાને વંદન કરી પ્રાર્થના કરી કે, મને રામજી જેવા પતિ મળે!

સ્વયંવર થયો. જનકજીએ જાહેર કર્યું કે,મારી દીકરી ત્રણ વર્ષની હતી ત્યારે આ ધનુષ્યનો ઘોડો બનાવીને રમતી હતી. માટે જે આ ધનુષ્યનો ભંગ કરશે તેને હું મારી કન્યા પરણાવીશ. રાવણ પણ ત્યાં આવેલો. વિના કારણ કલહ કરે તે રાવણ. પોતાની જય પોતે બોલાવે, આત્મપ્રશંસા કરે તે રાવણ. સીતા સ્વયંવરમાં રાવણ પોતાની જય પોતે બોલાવે છે. ધનુષ્ય ઊંચકવાનો પ્રયત્ન કરી પોતે 'બોલો રાવણ કી જય' એમ બોલ્યો.

પાર્વતીએ શિવજીને કહ્યું કે, તમારા ચેલા રાવણને બહુ અભિમાન થયું છે. માટે રાવણ ધનુષ્ય ઊઠાવી ન શકે તેવો ઉપાય કરો! ઉપાય થયો. શિવગણ સૂક્ષ્મરૂપે ધનુષ્ય ઉપર ચઢી બેઠા જેથી કોઈ ધનુષ્ય ઊઠાવી શકે નહીં. રાવણ ધનુષ્યને ઊઠાવી શક્યો નહીં. રાવણની ફજેતી થઈ. રાવણની ફજેતીથી બીજા રાજાઓ સાવધાન થયા. રાવણ તો ચાલતો ચાલતો અહીંથી ગયો પણ આપણી શું દશા થાય! ધનુષ્ય ઉઠાવવા હવે કોઈ પ્રયત્ન પણ કરતું નથી. છેવટે વિશ્વામિત્રજીએ આજ્ઞા કરી એટલે રઘુનાથજી આશીર્વાદ મેળવી ધનુષ્યનો ભંગ કરવા ઊભા થયા. સીતાજી પ્રાર્થના કરે છે કે, ધનુષ્ય ફૂલ જેવું હલકું થજો. રામજી ધનુષ્યને વંદન કરે છે. ધનુષ્ય ઊઠાવ્યું. લીલામાં નમાવ્યું એટલે ધનુષ્યના બે ટુકડા થઈ ગયા.બધે રામનો જયજયકાર થઈ રહ્યો.હવે વિશ્વા મિત્રે આજ્ઞા કરીકે,સીતાજીબહાર પધારે. અમે રામ-સીતાનાં દર્શન કરીએ. સીતાજીએ વિજયમાળા લીધી. સુંદર કન્યા વિજયમાળા પહેરવા તૈયાર નથી.સીતાજી હાર પહેરાવવા પ્રયત્ન કરે છે, બે હાથ ઊંચા કર્યા છે, હાથે પહેરેલી રત્ન બંગડીઓમાં રામજીનું પ્રતિબંબ દેખાતાં જાનકીજી તન્મય થઈ ગયાં છે. રામજી માથું નમાવતા નથી. આ જોઈ વિશ્વામિત્ર પાસે આવ્યા.

ગુરુજીની આજ્ઞા મળી.રામજીએ વિજયમાળા ધારણ કરી.જનક રાજાના સેવકો કુમકુમ-પત્રિકા લઈ અયોધ્યા આવ્યા. દશરથજીએ પત્રિકા વાંચી,લગ્ન માટે આપ અયોધ્યાની પ્રજા સાથે જનકપુરી આવો.દશરથજીને અતિ આનંદ થયો.પ્રાતઃકાળમાં વસિષ્ઠ વગેરે દશરથજીએ જનક પુરી જવા માટે પ્રયાણ કર્યું. રસ્તા માં શુભ શુકન થયાં.બે બ્રાહ્મણો તેમજ સૌભાગ્યવતી સ્ત્રી માથે બેડું લઈને મળ્યા. જાન જનકપુરી આવી. જનક અને દશરથ મળ્યા. જનકપુરીમાં સ્વાગત થયું. વિશ્વામિત્ર સાથે રામ-લક્ષ્મણ આવ્યા. રામ-લક્ષ્મણે પિતાજીને પ્રણામ કર્યા.નારદજીએ લગ્નમુહૂર્ત આપ્યું. માર્ગશીર્ષ માસ,સુદ ૫ અને ગૌરજ સમયે જાન આવી ધનતેરસે અને ગઈ વસંતપંચમી પછી. આ તો રઘુનાથનું લગ્ન છે. રઘુનાથજી લગ્ન કરવા જાય છે, ત્યારે કામદેવ ઘોડો થઈને આવ્યા છે. કામનો ઘોડો કરી,કામની છાતી ઉપર ચડીને રામ લગ્ન કરવા જાય છે. સાધારણ માનવ લગ્ન કરવા જાય છે, ત્યારે કામ તેની છાતી ઉપર ચડી બેસે છે. સઘળે આનંદ આનંદ થઈ ગયોછે

વિધિપૂર્વક રામ-સીતાનું લગ્ન થયું. સાથે સાથે લક્ષ્મણ,ભરત, શત્રુઘ્નનાં પણ લગ્ન થયાં. જનક કહે છે, કન્યાનું દાન કરું છું. રામજી સરળ છે. કહે છે કે, તેનો હું સ્વીકાર કરું છું.પછી લક્ષ્મણ જી કહે છે કે,અમે ક્ષત્રિયો દાન આપીએ છીએ,અમે દાન લેતા નથી. આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

# અવકાશને ભેદી સૂર્ય શક્તિમાંથી અવિરત વીજળીનો સ્રોત....!

આ પ્રોજેક્ટ હેઠળ જાપાને અવકાશમાં રહીને સોલાર એનર્જીને વિદ્યુત ઊર્જામાં પરિવર્તિત કરીને વાયરલેસ પદ્ધતિથી પૃથ્વી ઉપર મોકલી છે. તેની સાથે જ રીન્યુએબલ એનર્જી ટેક્નોલોજીમાં જાપાને ક્રાંતિકારી પગલું ભર્યું છે : અવકાશમાંથી પૃથ્વી ઉપર વીજળી મોકલવાની કામગીરી માઈક્રોવેવ્ઝથી કરવા પાછળ ઘણા કારણો છે. ખાસ કરીને વાદળોમાંથી વીજળી પસાર કરીને નીચે સુધી મોકલાવાની છે. તેમાંય ગમે તેવી સિઝન હોય તો પણ પૃથ્વી સુધી વીજળી પહોંચે તે જરૂરી છે : જાપાન દ્વારા જીઓસ્ટેશનરી ઓર્બિટમાં મોટાપાયે સોલાર એનર્જી ઉત્પન્ન કરતા સેટેલાઈટ મુકવાની ગણતરી છે જેઓ એક ગિગાવોટ પાવર જનરેટ કરી શકે

જાપાન દ્વારા તાજેતરમાં જે કામગીરી કરવામાં આવી તેનાથી સમગ્ર વિશ્વ આશ્ચર્યમાં મુકાઈ ગયું હતું. જાપાને પોતાના પ્રોજેક્ટ ઓહિસામા હેઠળ પ્રથમ સોપાન પાર કરી લીધું છે. તેમાં તેને સફળતા મળી ગઈ છે. આ પ્રોજેક્ટ હેઠળ જાપાને અવકાશમાં રહીને સોલાર એનર્જીને વિદ્યુત ઊર્જામાં પરિવર્તિત કરીને વાયરલેસ પદ્ધતિથી પૃથ્વી ઉપર મોકલી છે. તેની સાથે જ રીન્યુએબલ એનર્જી ટેક્નોલોજીમાં જાપાને ક્રાંતિકારી પગલું ભર્યું છે. ઉલ્લેખનીય છે કે, સ્પેસ બેઝ સોલાર પાવરનો આ કોન્સેપ્ટ પહેલી વખત ૧૯૬૮માં પીટક ગ્લેસર દ્વારા રજૂ કરાયો હતો પણ તે સમયે તેના ઉપર કામ થઈ શક્યું નહોતું. જાપાને પોતાના પ્રોજેક્ટ ઓહિસામા હેઠળ આ શક્ય કરી બતાવ્યું છે. આ પ્રોજેક્ટમાં ૧૮૦ કિલોગ્રામનો એક સેટેલાઈટ અવકાશમાં મોકલવામાં આવ્યો હતો. તેમાં ૨ સ્ક્વેર મીટરી ફોટોવોલ્ટેક પેનલ લગાવવામાં આવી છે. આ સેટેલાઈટ ૪૦૦ કિલોમીટરના અલ્ટિટ્યુડમાં પૃથ્વીની પ્રદક્ષિણા કર્યા કરશે અને તેમાંથી વીજળી ઉત્પન્ન કરશે. આ સેટેલાઈટની મદદથી હાલમાં ૧ કિલોવોટ વીજળી ઉત્પન્ન કરશે. તેના દ્વારા એક કલાક માટે ઘરનું કોઈપણ ઉપકરણ ચલાવી શકાશે. સેટેલાઈટ દ્વારા વીજળીને માઈક્રોવેવ્ઝ દ્વારા પૃથ્વી સુધી મોકલવામાં આવશે. બીજી તરફ પૃથ્વી ઉપર ખાસ એન્ટેના દ્વારા આ વીજળી પ્રાપ્ત કરીને આગળ સપ્લાય કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, સામાન્ય સોલાર પેનલ દ્વારા સૂરજની ઊર્જાને વીજળીમાં બદલીને તાર દ્વારા સપ્લાય કરવામાં આવે છે પણ અંતરીક્ષમાં તૈયાર થતી ઊર્જાને માઈક્રોવેવ્ઝમાં બદલીને વાયરલેસ પદ્ધતિથી પૃથ્વી ઉપર મોકલવામાં આવશે. આ ટેક્નોલોજી દ્વારા સૂર્યની ગરમી અને ઊર્જાનો મહત્ત્મ ઉપયોગ કરવાનો પ્રયાસ છે જેમાં પૃથ્વી ઉપર સ્વચ્છ અને પૂન:પ્રાપ્ય ઊર્જાનો સપ્લાય વધારી શકાશે. અમેરિકા દ્વારા ૨૦૨૦માં આ પ્રકારનો પ્રયોગ કરવામાં આવ્યો હતો. તેનો ખર્ચ ખૂબ જ વધારે આવ્યો હતો તેથી તેના ઉપર કામ આગળ વધ્યું નહોતું. જાપાન દ્વારા આ કામગીરી ખૂબ જ ઓછા ખર્ચમાં કરવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટ ખૂબ જ વિશિષ્ટ રીતે અમલમાં મુકવામાં આવ્યો છે. આ સેટેલાઈટ ૨૮,૦૦૦ કિ.મી પ્રતિ કલાકની ઝડપે અવકાશમાં ગતિ કરતો રહે છે. તેના કારણે જ વિવિધ જગ્યાએ સેટેલાઈટ સાથે કનેક્શન ધરાવતા વિવિધ એન્ટેના લગાવવામાં આવ્યા હતા. હાલમાં આ પ્રોજેક્ટ ખરેખર કેટલો કારગર સાબિત થાય છે તે જોવામાં આવી રહ્યું છે. નાના એન્ટેનાની મદદથી કામ ચાલી જાય છે કે નહીં તે જોવામાં આવશે. તેના થકી જ સેટેલાઈટની કામગીરીની ચોકસાઈનો ક્યાસ કાઢવામાં આવશે. હાલમાં સુવા ખાતે ૬૦૦ સ્ક્વેર મીટરના વિસ્તારમાં ૧૩ એન્ટેના લગાવીને વીજળી મેળવવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. અવકાશમાંથી પૃથ્વી ઉપર વીજળી મોકલવાની કામગીરી માઈક્રોવેવ્ઝથી કરવા પાછળ ઘણા કારણો છે. ખાસ કરીને વાદળોમાંથી વીજળી પસાર કરીને નીચે સુધી મોકલાવાની છે. તેમાંય ગમે તેવી સિઝન હોય તો પણ પૃથ્વી સુધી વીજળી પહોંચે તે જરૂરી છે. આ ટેક્નોલોજીમાં સ્ટોર કરવામાં આવેલી સોલાર એનર્જીને ઈલેક્ટ્રિક માઈક્રોવેવ્ઝમાં ટ્રાન્સફર કરવામાં આવે છે. ત્યારબાદ તેને એક બીમ દ્વારા નીચેની તરફ મોકલવામાં આવે છે. જે રેક્ટેના નામવા રિસિવર થકી પૃથ્વી ઉપર પ્રાપ્ત થઈને સંગ્રહિત થાય છે.

# ચેટજીપીટી સામે હત્યાનો કેસ કરવામાં આવ્યો!

## માનસિક બિમાર વ્યક્તિને તેની જ માતા વિરુદ્ધ ઉશ્કેરીને હત્યા કરાવી અને ત્યારબાદ આત્મહત્યા માટે પ્રેરણા આપી

જીપીટી-૪ઓ વર્ઝન દ્વારા સેઓલબર્ગની ગેરમાન્યતાઓને દ્રઢ કરવામાં, તેનો ભય વધારવામાં અને તેની આસપાસ તેના પોતાના લોકો દ્વારા અને ખાસ કરીને તેની માતા દ્વારા કાવતરા કરવામાં આવી રહ્યા છે : લોકો આત્મહત્યા કરવા માટે વિવિધ રસ્તા શોધી રહ્યા છે અને તેના માટે તેઓ ચેટજીપીટી અને અન્ય એઆઈ ટુલ્સનો ઉપયોગ કરી રહ્યા છે. આ અહેવાલમાં જણાવાયું છે કે, દર અઠવાડિયે ૧૦ લાખ કરતા વધારે લોકો ચેટજીપીટીને આત્મહત્યા કેવી રીતે કરવી તે અંગે સવાલો કરી રહ્યા છે : લોકો માણસો સાથે વાતો કરવા કરતા ચેટબોટ્સ સાથે વધારે વ્યસ્ત થવા લાગ્યા. લોકો એવું માનવા લાગ્યા કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સથી તૈયાર કરાયેલા આ ચેટબોટ્સ વધારે હોશિયાર અને સજ્જ છે. તેઓ માણસો કરતા વધારે સારી રીતે મિત્ર અને સાથી બની શકે તેમ છે. દુનિયામાં ચારે તરફ એઆઈ ટુલ્સના ઉપયોગની બોલબાલા વધી રહી છે ત્યાં એક એવો કિસ્સો સામે આવ્યો છે જેને સમગ્ર વિશ્વને આશ્ચર્યમાં મુકી દીધું છે. કેલિફોર્નિયામાં ગત અઠવાડિયે એક કેસ દાખલ થયો છે જેમાં ઓપન એઆઈના ચેટજીપીટી અને માઈક્રોસોફ્ટને આરોપી ગણાવવામાં આવ્યા છે. કનેક્ટિકટમાં એક પુત્ર દ્વારા કરવામાં આવેલી માતાની હત્યા અને ત્યારબાદ કરાયેલી આત્મહત્યાના કેસમાં આ બંને સામે તોહમત ઘડવામાં આવ્યું છે.

આ કેસમાં કહેવામાં આવ્યું છે કે, જે વ્યક્તિ દ્વારા હત્યા કરવામાં આવી હતી તેના ડિજિટલ કન્વર્ઝેશન તપાસવામાં આવ્યા તો ખ્યાલ આવ્યો કે ચેટબોટ દ્વારા તેની ઉશ્કેરણીને સાથ આપવામાં આવ્યો અને તેને વધારે હિંસક અને તેના વિકૃત વિચારોને વાસ્તવિક બનાવવામાં મદદ કરવામાં આવી. આ કેસ થકી પહેલી વખત એઆઈની કામગીરી સામે મોટા સવાલ ઊભા થયા છે.

જાણકારો માને છે કે, ખરેખર હત્યારા દ્વારા એઆઈની મદદથી આ કામ કરાયું છે તો ભવિષ્યના તેના ઉપયોગો અને એક વિશાળ ફલક ઉપર કામ કરતા પહેલાં એઆઈનું યોગ્ય પરિક્ષણ થવું જોઈએ, તેનું નિરિક્ષણ થવું જોઈએ અને તેને કાબુ પણ કરવાની વ્યવસ્થા હોવી જોઈએ.

અહીંયા સૌથી મોટો સવાલ એ થયો છે કે, વિવિધ કંપનીઓ દ્વારા જે ચેટબોટ બનાવવામાં આવ્યા છે તે માણસ સાથે એક સાથીની જેમ વર્તે છે, સંવેદના પ્રગટ કરે છે પણ હકિકતે માનવ સંવેદનાને સમજી શકતા નથી. તેના કારણે આ ચેટ બોટ પોતે એક ભ્રમમાં હોય છે અને માણસના પોતાના માટે પણ ભ્રામક લાગણી ઊભી કરે છે. તે જ્યારે વ્યક્તિ સાથે તેની લાગણીઓ વિશે વાત કરે છે ત્યારે તે મશીન તરીકે માનવ સંવેદના પ્રગટ કરે છે પણ માણસો પોતાની લાગણીઓને સમજી કે યોગ્ય રીતે વ્યક્ત કરી શકતા નથી અને ગેરમાર્ગે દોરાઈ જાય છે. આ કેસની વાત કરીએ તો ઓગસ્ટમાં કનેક્ટિકટના ગ્રીનવિચ ખાતે એક મકાનમાં ૮૩ વર્ષની માતા સુઝેન એડમ્સ અને ૫૬ વર્ષના પુત્ર સ્ટેન-એરિક સોએલબર્ગના મૃતદેહ મળી આવ્યા હતા. પોલિસ તપાસમાં બહાર આવ્યું કે, હિંસક હુમલાના કારણે સુઝેનનું મોત થયું હતું અને ત્યારબાદ તેના પુત્ર સ્ટેને આત્મહત્યા કરી લીધી હતી. આગળ તપાસમાં સામે આવ્યું કે, સોએલબર્ગને માનસિક બિમારી હતી અને તેના માટે તે સતત ચેટજીપીટી સાથે વાતો કરતો રહેતો હતો. એડમ્સના વકીલે જણાવ્યું કે, કોઈપણ લાગણી હોય કે રોજિંદી વાત હોય સોએલબર્ગ ચેટબોટ સાથે જ બધું શેર કરતો હતો અને વાતો કરતો હતો. સોએલબર્ગના ભ્રમ અને મનોવૃત્તિને સુધારવાના સ્થાને એઆઈ ચેટબોટે તેને ઉત્તેજન આપીને સત્ય માનવા પ્રોત્સાહિત કર્યો. આ કેસમાં જે દસ્તાવેજો અને ચેટબોટ સાથેની વાતોની ચેટ્સ રજૂ કરવામાં આવી તેમાં જણાવાયું હતું કે, ચેટજીપીટી અને ખાસ કરીને



જીપીટી-૪ઓ વર્ઝન દ્વારા સેઓલબર્ગની ગેરમાન્યતાઓને દ્રઢ કરવામાં, તેનો ભય વધારવામાં અને તેની આસપાસ તેના પોતાના લોકો દ્વારા અને ખાસ કરીને તેની માતા દ્વારા કાવતરા કરવામાં આવી રહ્યા છે, તેના ઉપર વોચ રાખવામાં આવી રહી છે તેવી મનોવૃત્તિ પ્રબળ કરવામાં મહત્ત્વનો ભાગ ભજવવામાં આવ્યો. આ ઉપરાંત સેઓલબર્ગે સોશિયલ મીડિયા ઉપર જે વીડિયો પોસ્ટ કર્યા હતા તેમાં પણ બતાવ્યું હતું કે, તેને જે વિચારો આવતા હતા અને જે મનોવૃત્તિ તેની સર્જાઈ હતી તેને ચેટબોટ દ્વારા યોગ્ય ઠેરવવામાં આવ્યા હતા. આ તમામ વીડિયો અને ચેટ દ્વારા એક બાબત સ્પષ્ટ થતી હતી કે, ચેટબોટે સેઓલબર્ગના મનમાં ઠસાવી દીધું હતું કે, તેની માતા જ તેના માટે જોખમી છે. જાણકારોના મતે એઆઈનો અતિશય ઉપયોગ અને અવિચારી ઉપયોગ દુનિયા માટે જોખમી હોવાની ચર્ચા જોર પકડી રહી છે. ઘણા લોકો તેનો વિરોધ કરી રહ્યા છે અને તેની સામે ચેતવણી ઉચ્ચારી રહ્યા છે. થોડા સમય પહેલાં જ એક અહેવાલ સામે આવ્યો છે, જેમાં જણાવાયું છે કે, લોકો આત્મહત્યા કરવા માટે વિવિધ રસ્તા શોધી રહ્યા છે અને તેના માટે તેઓ ચેટજીપીટી અને અન્ય એઆઈ ટુલ્સનો ઉપયોગ કરી રહ્યા છે. આ અહેવાલમાં જણાવાયું છે કે, દર અઠવાડિયે ૧૦ લાખ કરતા વધારે લોકો ચેટજીપીટીને આત્મહત્યા કેવી રીતે કરવી તે અંગે સવાલો કરી રહ્યા છે. જાણકારોના મતે લોકો માત્ર કામ માટે નહીં પણ માનસિક સ્થિતિથી કંટાળીને જીવન ટુંકાવા માટે પણ આવા ટુલ્સનો ઉપયોગ કરવા લાગ્યા છે તે ખૂબ જ જોખમી છે. એક તરફ લોકો એઆઈટુલ્સ અને ચેટબોટ્સને પોતાના સાથી માનતા હોય છે, મિત્ર માનતા હોય છે. તેઓ સામાન્ય માણસો કરતા ચેટબોટ્સની વાતો વધુ માનતા હોય છે. તેમાં હવે આત્મહત્યા માટે આવા ચેટબોટ્સ અને એઆઈ માધ્યમોનો ઉપયોગ થવા લાગે તો તે વધારે જોખમી સાબિત થાય તેમ છે. આ અંગે લગભગ બે દાયકા પહેલાનો એક અભ્યાસ જણાવે છે કે, વ્યક્તિ જ્યારે એકલી હોય છે ત્યારે તેની સાથેના પ્રાણીઓ, મશિનો, વસ્તુઓ વગેરેને જીવીત માનીને તેની સાથે વાતો કરે છે, તેની એકલતાને દૂર કરવા પ્રયાસ કરે છે. લોકો આ રીતે પોતાનું દુ:ખ દૂર કરવા પ્રયાસ કરે છે પણ હકિકતે તેઓ વધારે દુ:ખી થતા હોય છે. તે આ રીતે એક હ્યુમન કનેક્શન શોધવા અને સ્થાપિત કરવા મથતા હોય છે. આ દરમિયાન સોશિયલ મીડિયાનો અઘધ ઉપયોગ થવા લાગ્યો. તેના થકી લોકોએ ચેટબોટ્સને પોતાના સાથી અને મિત્રો ગણાવ્યા. હવે તેઓ આ સાથીઓને જ સવાલ કરીને આત્મહત્યાના રસ્તા શોધી રહ્યા છે.

જાણકારો માને છે કે, દર અઠવાડિયે ચેટજીપીટીનો ઉપયોગ કરનારા ૮૦ કરોડ લોકોમાંથી ૧૦ લાખ લોકો આત્મહત્યા કરવાના રસ્તા શોધવા માટે એઆઈ સાથે વાત કરતા હોય છે. આમ જોવા જઈએ તો આ આંકડો ભલે નાનો લાગે પણ હકિકતે આ દુનિયાભરના લાખો લોકોની માનસિકતાને વ્યક્ત કરે છે. દુનિયામાં આટલા બધા લોકો છે જે માત્ર એક જ માધ્યમ ઉપર પોતાના એકલતા, માનસિક વેદના અથવા તો મુશ્કેલીથી મુક્તિ મેળવવા આત્મહત્યાનો વિચાર વ્યક્ત કરી રહ્યા છે. દુનિયાભરમાં આવા અઢળક ચેટબોટ્સ અને એઆઈ ટુલ્સ છે જેનો ઉપયોગ લોકો દ્વારા કરવામાં આવે છે. હવે વિચારીએ તો કેટલી મોટી સંખ્યામાં લોકો દરરોજ આત્મહત્યાના રસ્તા શોધવા એઆઈનો ઉપયોગ કરતા હશે. આ આંકડો અને આ વિચાર સમાજ માટે ભય ઊભો કરનારો અને ચિંતા જન્માવનારો છે.

એઆઈ ટુલ્સ માનસિક સ્વાસ્થ્ય માટે, સ્ટ્રેસ માટે, નિરાશા માટે કે હતાશાજનક સ્થિતિ માટે મદદ કરી શકે તેવી સ્થિતિમાં જ નથી.

કોઈપણ જાતના નુકસાન કે આડ અસર વગરના રસ્તા કેવી રીતે એક મશિન અથવા તો એઆઈ ટુલ્સ દ્વારા સુચવી શકાય છે. કંપનીનો દાવો છે કે, દર અઠવાડિયે એઆઈ ટુલ ૮૦ કરોડ લોકો સાથે એક સાથી મિત્રની જેમ વાતો કરે છે, ચર્ચા કરે છે, સલાહ માગે છે અને બીજા ઘણી કામગીરી કરે છે. આ ટુલ્સ લોકોની માનસિક મુશ્કેલીઓનો ઉકેલ આપે છે. લોકો એઆઈ સાથે તેમની મુશ્કેલીઓની ચર્ચા કરે છે, મદદ માગે છે અને અલગ અલગ મુદ્દે સમસ્યામાંથી બહાર આવવાના રસ્તા પણ શોધે છે. સંશોધકો દાવો કરે છે કે, એઆઈ ટુલ્સના જૂના મોડલ્સ દ્વારા મોટાભાગે અવિચારી સલાહ સુચનો આપવામાં આવતા હતા પણ હવે નવી પેઢીના ટુલ્સ ખૂબ જ ડેવલપ છે. તેઓ અપડેટેડ છે અને તેઓ સહાનુભુતી સાથે લોકોને ઉપાય સુચવે છે.

જાણકારો સ્પષ્ટ માને છે કે, વર્તમાન સમયમાં સોશિયલ મીડિયાનો અઘધ ઉપયોગ થવા લાગ્યો. તેમાંય એઆઈનો તો અતિશય ઉપયોગ થઈ રહ્યો છે. લોકોએ ચેટબોટ્સને પોતાના સાથી અને મિત્રો ગણાવવાની શરૂઆત કરી દીધી છે. તેના કારણે લોકોમાં ચેટબોટ્સનો ઉપયોગ કરવાનું ચલણ પણ વધવા લાગ્યું. લોકો માણસો સાથે વાતો કરવા કરતા ચેટબોટ્સ સાથે વધારે વ્યસ્ત થવા લાગ્યા. લોકો એવું માનવા લાગ્યા કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સથી તૈયાર કરાયેલા આ ચેટબોટ્સ વધારે હોશિયાર અને સજ્જ છે. તેઓ માણસો કરતા વધારે સારી રીતે મિત્ર અને સાથી બની શકે તેમ છે. ચેટબોટ્સનો બીજો સૌથી મોટો ફાયદો એ હતો કે, તે તમારા વિશે ક્યારેય જજમેન્ટલ બનતા નથી. ચેટબોટ્સને પોતાના મિત્ર માનીને વાતો કરનારા મોટાભાગના બાળકો, ટીનએજર્સ અને માનસિક બિમારીથી પીડાતા લોકો માને છે કે, ચેટબોટ સાથે વાતો કરવાથી તેમને સિક્રેટ રિવિલ થવાની ચિંતા હોતી નથી. આ ઉપરાંત તેમની વાતોથી ચેટબોટ્સ તેમના વિશે કોઈ ધારણા બાંધી લેતા નથી. તેમાં કોઈ સોશિયલ પ્રેશર કે ગોસિપિંગની ચિંતા નથી. મિત્રો તો પોતાના પરિવાર, ઘર અને બીજી બાબતો સાથે સંકળાયેલા હોય છે તેથી નિશ્ચિત સમયે જ મળી શકાય છે પણ ચેટબોટ્સ સતત તમારી સાથે હોય છે અને તરત જવાબ પણ આપે છે. સામાન્ય વ્યક્તિ માટે તે મુશ્કેલ છે. મનોવૈજ્ઞાનિક તાકીદ કરે છે કે, ચેટબોટ તમને કદાચ સલાહ આપી શકે, તમારી વાત સાંભળી શકે, તમારી દલીલોને સ્વીકારી શકે, તમારા આદેશનું પાલન કરી શકે, કદાચ તમારી વાતમાં વાંધો લીધા વગર સહમતી પણ આપી દે છતાં તે તમારા માટે સંવેદના બતાવી શકે નહીં. બે વ્યક્તિ વચ્ચે બે જીવંત પાત્ર વચ્ચે જે લાગણી, જે સંવેદના જે કુદરતી જોડાણ ઊભું થાય છે તે ક્યારેય ચેટબોટ અને માણસ વચ્ચે થઈ શકે જ નહીં. માણસના તર્કના આધારે તેના વર્તન અને સ્થિતિના વર્ણન અંગે આગળની પરિસ્થિતિ વિશે ચેટબોટ તુક્કો લગાવીને સમજણ આપી શકે પણ માનવીય સંવેદના સાથે સચોટ ઉકેલ તો ન જ આપી શકે.

'એક પેડ મા કે નામ' પહેલ અંતર્ગત મંત્રીસહિત મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરાયું

# વન અને પર્યાવણ મંત્રી અર્જુન મોઢવાડિયાની ઉપસ્થિતિમાં બોપલની ધ ન્યૂ તુલીપ ઈન્ટરનેશલ સ્કૂલ ખાતે સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાના 115મા સ્થાપના દિવસની ઉજવણી

## પ્રકૃતિ પાસેથી આપણે સઘળું લઈએ છીએ, પણ તેને આપતાં પણ શીખવું પડશે: વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયા

ગાંધીનગર, તા. 15

વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાની ઉપસ્થિતિમાં અમદાવાદના બોપલની ધ ન્યૂ તુલીપ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયાના ૧૧૫મા સ્થાપાના દિવસની ઉજવણી કરવામાં આવી હતી. 'એક પેડ મા કે નામ' પહેલ અંતર્ગત મંત્રીતેમજ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.



આ પ્રસંગે મોઢવાડિયાએ પ્રકૃતિનું સંરક્ષણ અને સંવર્ધનને નાગરિક ધર્મ અંતર્ગત પ્રથમ ફરજ ગણાવી હતી. તેમણે ઉમેર્યું કે પ્રકૃતિ પાસેથી આપણે સઘળુ લઈએ છીએ તો તેને આપતા પણ શીખવું પડશે. જે અંતર્ગત આજના કાર્યક્રમમાં વૃક્ષારોપણ અને સ્વચ્છતા બંનેને મહત્ત્વ અપાયું છે. આ પ્રકારના કાર્યક્રમો નાગરિકોને પ્રેરણા આપે છે તેમ જણાવ્યું હતું.

મંત્રીએ વધુમાં જણાવ્યું કે આજના પરિપ્રેક્ષ્યમાં પર્યાવરણ જાગૃતિના અભાવે આપણે પૃથ્વીના અસ્તિત્વ સામે જોખમ ઊભું કરી રહ્યા છીએ. રોજેરોજ એર ક્વોલિટી ઈન્ડેક્સ (એક્યુઆઈ) બાબતે આવતાં સમાચારોમાંથી શીખ લેવા જણાવ્યું હતું અને પર્યાવરણને થતું નુકસાન અટકાવવા સૌને આગળ આવવા અનુરોધ કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા ૧૧૫મા સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે ભારત સરકારના પર્યાવરણ સંરક્ષણ અભિયાન અંતર્ગત 'એક પેડ મા કે નામ' હેઠળ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં શાળાના કર્મચારીઓ, વિદ્યાર્થીઓ, બેંક કર્મચારીઓ તથા સ્થાનિક નાગરિકોએ આ અભિયાનમાં સક્રિયપણે ભાગ લીધો હતો.

આ પ્રસંગે બેંક દ્વારા બોપલ-આંબલી વૃદ્ધાશ્રમને સહાય આપવામાં આવી હતી તેમજ સ્વચ્છતા અભિયાન અને વોકેથોન સહિત વિવિધ કાર્યક્રમોનું આયોજન પણ કરાયું હતું. જેમાં ક્વિઝ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં સેન્ટ્રલ બેંકના ઝોનલ હેડ એસ.કે. સરકાર, અમદાવાદના રિજનલ હેડ ગૌરવ કુમાર જૈન, ધ તુલીપ ઈન્ટરનેશનલ સ્કૂલના યોગેશ ધર અને તેજસ ધર તેમજ શાળા તેમજ બેંક કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઝાલોદમાં આઈ. પી. મિશન હાઈયર સેકેન્ડરી સ્કૂલ ખાતે વિદ્યાર્થીનીઓ માટે કાયદાકીય જાગૃતિ સેમિનાર યોજાયો

## દાહોદ જિલ્લા મહિલા પોલીસ અને ઝાલોદ પોલીસ દ્વારા નવા કાયદા, સાયબર સુરક્ષા અને મહિલા સુરક્ષા વિષયે માર્ગદર્શન

ઝાલોદ પ્રતિનિધિ દ્વારા, તા. 15

ઝાલોદ શહેર ખાતે આવેલ આઈ. પી. મિશન હાઈયર સેકેન્ડરી સ્કૂલમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ માટે આજે મહત્વપૂર્ણ કાયદાકીય જાગૃતિ અને સુરક્ષા વિષયક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનાર દાહોદ જિલ્લા મહિલા પોલીસ સ્ટેશનની 'શી ટીમ' તેમજ ઝાલોદ પોલીસ સ્ટેશનની 'શી ટીમ'ના સંયુક્ત પ્રયાસથી યોજાયો હતો.



કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીનીઓને અમલમાં આવેલ નવા કાયદાઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ખાસ કરીને મહિલાઓની સુરક્ષા માટે તૈયાર કરવામાં આવેલી 'સંકટ સખી' મોબાઈલ એપ્લિકેશન, પોલીસની ટોલ ફ્રી હેલ્પલાઈન નંબરો, તેમજ ઈમરજન્સી સમયે પોલીસનો સંપર્ક કેવી રીતે કરવો તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.

તે ઉપરાંત ટ્રાફિક અવેરનેસ, સાયબર સિક્યોરિટી અંતર્ગત સોશિયલ મીડિયા અને ઈન્ટરનેટનો સલામત ઉપયોગ, ઓનલાઈન ઠગાઈથી બચવાના ઉપાયો અંગે ઉપયોગી માહિતી આપવામાં આવી. સેમિનારમાં બાળ લગ્નના દોષ અને કાયદાકીય પરિણામો, બાળકોના અધિકારો, તેમજ પોક્સો એક્ટ હેઠળ બાળકોની સુરક્ષા અને કાયદાકીય જોગવાઈઓ અંગે પણ વિગતવાર સમજ આપવામાં આવી હતી.પોલીસ અધિકારીઓ દ્વારા વિદ્યાર્થીનીઓને નિર્ભય બની કોઈપણ પ્રકારની સમસ્યા સમયે પોલીસનો સંપર્ક કરવા પ્રોત્સાહિત કરવામાં આવી હતી. આ પ્રકારના જાગૃતિ કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીનીઓમાં કાયદા અંગે સમજ વધે અને તેઓ પોતાનું રક્ષણ સ્વયં કરી શકે તે માટે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હોવાનું પોલીસ ટીમે જણાવ્યું હતું.

# 5.08 કરોડ ફોર્મ પૈકી ASD (ગેરહાજર, સ્થળાંતરિત અને મૃત્યુ) યાદીમાં ધ્યાને આવેલી 10.69 લાખ વિસંગતતાઓની ચકાસણી પૂર્ણતાને આરે

## 33 પૈકી 26 જિલ્લાઓની ASD યાદીમાં '0' વિસંગતતાઓ, 07 જિલ્લાઓમાં ASD યાદીમાં વિસંગતતાઓના માત્ર 11 જ કિસ્સામાં ખરાઇ બાકી

ગાંધીનગર, તા. 15

ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ગત તા. 27 ઓક્ટોબર 2025થી રાજ્યભરમાં શરૂ કરવામાં આવેલી SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન) ઝુંબેશનો ગણતરીના તબક્કાની ખુબ અસરકારક કામગીરી જોવા મળી છે.

SIRની જાહેરાત બાદથી જ રાજ્યભરમાં 5.08 કરોડ મતદારોને ગણતરી ફોર્મના વિતરણથી માંડી તેના ડિજીટાઈઝેશનની કામગીરી મિશન મોડ પર કરવામાં આવી છે. આ દરમિયાન કુલ જે નાગરિકોના અવસાન, કાયમી સ્થળાંતર, ગેરહાજર સહિતના વિવિધ કારણોથી પાછા ન મળેલા ફોર્મની ખરાઈ માટે બૂથ લેવલ ઓફિસર અને રાજકીય પક્ષોના બૂથ લેવલ એજન્ટો વચ્ચે બેઠકોનું આયોજન કરવામાં આવ્યું હતું જે 100 ટકા સફળ રહ્યું છે. તમામ જિલ્લાઓમાં આ પ્રકારની બેઠકોના અંતે જે-તે વિધાનસભા મતવિસ્તારમાં ભાગ પ્રમાણે જે મતદારોના ફોર્મ પાછા નથી આવ્યા તેમની યાદી જિલ્લા ચૂંટણી અધિકારી અને મુખ્ય નિર્વાચન અધિકારી (CEO) ની વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવી છે. 5.08 કરોડ ફોર્મ પૈકી ASD (ગેરહાજર, સ્થળાંતરિત અને મૃત્યુ) યાદીમાં ધ્યાને આવેલી 10.69 લાખ વિસંગતતાઓની ચકાસણી પૂર્ણતાને આરે છે. રાજ્યના કુલ 33 પૈકી 26 જિલ્લાઓની ASD યાદીમાં શૂન્ય વિસંગતતાઓ છે. જ્યારે અન્ય 07 જિલ્લાઓમાં મળી માત્ર 11 વિસંગતતાઓના કિસ્સામાં ખરાઈની પ્રક્રિયા પ્રગતિમાં છે.

## ઝાલોદમાં ભાગવત જ્ઞાનની અમૃતધારા વહેવા તૈયાર

# આંતરરાષ્ટ્રીય કથાકાર રમેશ ઓઝાના મુખે યોજાનાર ભાગવત સપ્તાહ પૂર્વે ધ્વજારોહણ સાથે ભવ્ય ધાર્મિક માહોલ સર્જાયો....

ઝાલોદ પ્રતિનિધિ દ્વારા, તા. 15

ઝાલોદ નગરમાં આવનારા દિવસોમાં ધાર્મિક ઉત્સવ અને ભક્તિભાવથી ભરપૂર વાતાવરણ સર્જાવા જઈ રહ્યું છે. ઝાલોદ નગર ખાતે યોજાનાર ભવ્ય ભાગવત સપ્તાહના કથા મંડપમાં આજરોજ વિધિવત ધ્વજારોહણ અને પૂજા-અર્ચના કરવામાં આવી, જેના સાથે જ સમગ્ર વિસ્તારમાં ભક્તિ અને આધ્યાત્મિક ઉલ્લાસ છવાઈ ગયો હતો. આ ભાગવત સપ્તાહ અંતર્ગત આંતરરાષ્ટ્રીય ખ્યાતનામ કથાકાર શ્રી રમેશ ઓઝા દ્વારા શ્રીમદ્ ભાગવત મહાપુરાણનું રસસભર જ્ઞાન પીરસવામાં આવશે. તારીખ 25 ડિસેમ્બર 2025 થી 31 ડિસેમ્બર 2025 સુધી સતત સાત દિવસ ચાલનાર આ કથા બપોરે 3 વાગ્યાથી સાંજના 6 વાગ્યા સુધી યોજાશે. આ ભવ્ય ધાર્મિક કાર્યક્રમનું સ્થળ "દ્વારિકા ધામ" તરીકે નામકરણ કરવામાં આવ્યું છે. પ્રભુતા પાર્ટી



પ્લોટ પાછળ, નારાયણી સ્કૂલ નજીક વિશાળ કથા મંડપનું નિર્માણ કરવામાં આવ્યું છે. અહીં એકસાથે બાર હજારથી પંદર હજાર જેટલા ભક્તો આરામથી બેસી કથાનું શ્રવણ કરી શકે તેવી સુવ્યવસ્થિત વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

આ ભાગવત સપ્તાહનું આયોજન અંકુરભાઈ દિલીપભાઈ પટેલ દ્વારા તેમના સ્વર્ગસ્થ પિતા દિલીપભાઈ શિવાભાઈ પટેલના પવિત્ર સ્મરણાર્થે કરવામાં આવી રહ્યું છે. આયોજન સમિતિ દ્વારા તમામ તૈયારીઓને અંતિમ રૂપ આપવામાં આવી રહ્યું છે. ભક્તોને કોઈ પણ પ્રકારની અસુવિધા ન થાય તે માટે પાર્કિંગની વિશાળ અને સુવ્યવસ્થિત વ્યવસ્થા કરવામાં આવી છે, તેમજ દૂર દૂરથી આવનારા ભક્તોને માર્ગદર્શન મળે તે માટે ક્યુઆર કોડ (બારકોડ) જેવી આધુનિક સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આયોજન સમિતિ દ્વારા ઝાલોદ તાલુકા સહિત આજુબાજુના તમામ વિસ્તારોમાં ઘરે ઘરે, ગામે ગામે જઈ પ્રચાર-પ્રસાર કરવામાં આવી રહ્યો છે, જેથી વધુમાં વધુ ભક્તો આ ભાગવત રૂપી અમૃતગંગાનો લાભ લઈ શકે. આ કથામાં ગુજરાત ઉપરાંત રાજસ્થાન અને મધ્યપ્રદેશમાંથી પણ મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહેવાના હોવાથી તૈયારીને લઈને ભારે ઉત્સાહ અને ધમધમાટ જોવા મળી રહ્યો છે. કથાની પ્રારંભિક તૈયારીઓના ભાગરૂપે આજરોજ તારીખ 15-12-2025ના રોજ કથા સ્થળે વૈદિક મંત્રોચ્ચાર સાથે ધ્વજારોહણ અને પૂજા અર્ચના કરવામાં આવી હતી. આ પ્રસંગે આયોજક સમિતિના સભ્યો, ભક્તગણ અને શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ઝાલોદ નગરમાં યોજાનાર આ ભાગવત સપ્તાહ માત્ર ધાર્મિક કાર્યક્રમ નહીં પરંતુ આધ્યાત્મિક જાગૃતિ, સંસ્કાર અને ભક્તિભાવને ઉજાગર કરનાર મહાન અવસર બની રહેશે, તેવી ભાવના ભક્તોમાં વ્યક્ત થઈ રહી છે.

# ઝાલોદ બી.એમ. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ઝળહળતું પ્રદર્શન કર્યું

## ચિત્ર, સંગીત, વાદન અને બાળ કવિ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ મેળવ્યા પ્રથમ તથા તૃતીય ક્રમાંક



ઝાલોદ પ્રતિનિધિ દ્વારા, તા. 15

જી.સી.આર.ટી. ગાંધીનગર દ્વારા આયોજિત તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (ડાયટ) ખરેડી, દાહોદ દ્વારા સંચાલિત જિલ્લા કક્ષાની વિવિધ સ્પર્ધાઓમાં ઝાલોદ બી.એમ. હાઈસ્કૂલના ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને શાળાનું ગૌરવ વધાર્યું હતું.

આ સ્પર્ધાઓમાં ચિત્ર સ્પર્ધામાં લિમાણી કાજલબેન ધર્મેન્દ્રકુમારે પ્રથમ ક્રમાંક મેળવી જિલ્લાસ્તરે શ્રેષ્ઠ સિદ્ધિ હાંસલ કરી હતી. જ્યારે સંગીત ગાયન સ્પર્ધામાં મુનિયા કાજલ રાકેશકુમારે તૃતીય ક્રમાંક મેળવ્યો હતો. વાદન સ્પર્ધામાં ડામોર ટાયટસ શૈલેષભાઈએ તૃતીય ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો તેમજ બાળ કવિ સ્પર્ધામાં પઠાણ અરનાઝ ખાન ઈમરાનખાને તૃતીય ક્રમાંક મેળવી શાળાનું નામ રોશન કર્યું હતું.

આ સફળતા બદલ શાળાના આચાર્ય શ્રી વાય. એમ. પંચાલે તમામ વિજેતા વિદ્યાર્થીઓ તથા તેમને માર્ગદર્શન આપનાર શિક્ષકોને અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

## ઈફકો-નાનોવેન્શન્સની અદ્યતન સંશોધન અને વિકાસ પ્રવૃત્તિઓની દિલીપ સંઘાણીએ સમીક્ષા કરી

# ગુજકોમાસોલ તથા ઈફકો એનએસયુઆઈના અધ્યક્ષ દિલીપ સંઘાણીની ઈફકો-નાનોવેન્શન્સ સંશોધન કેન્દ્ર, કોઈમ્બતૂરની મુલાકાત





ગાંધીનગર, તા. 15

ગુજકોમાસોલ, ઈફકો & એસયુઆઈના અધ્યક્ષ દિલીપ સંઘાણીએ આજે ઈફકો-નાનોવેન્શન્સના કોઈમ્બતૂર સ્થિત ઉત્પાદન તથા સંશોધન કેન્દ્રની મુલાકાત લીધી અને નાનોવેન્શન્સ પરિવાર, વૈજ્ઞાનિકો તથા અધિકારીઓ સાથે સંવાદ કર્યો. સંઘાણીએ નાનોવેન્શન્સ ઉત્પાદન-સહ-સંશોધન કેન્દ્રનું વિસ્તૃત નિરીક્ષણ કર્યું તથા ઈફકો-નાનોવેન્શન્સની યોજનાઓની પ્રગતિની સમીક્ષા કરી.

મુલાકાત દરમિયાન સંઘાણીએ અદ્યતન પ્રયોગશાળાનું અવલોકન કર્યું અને વૈજ્ઞાનિકો તથા સંશોધન ટીમો સાથે વિગતવાર ચર્ચા કરીને સંશોધન અને વિકાસ (R&D) સંબંધિત મુખ્ય પ્રવૃત્તિઓ પર વિચારવિમર્શ કર્યો. કેન્દ્રમાં જોવા મળતી સમર્પણભાવના, નવીનતા અને વૈજ્ઞાનિક શ્રેષ્ઠતાની પ્રશંસા કરતા તેમણે જણાવ્યું કે આવા સંશોધન પ્રયાસો દીર્ઘકાળીન કૃષિ ભવિષ્યને આકાર આપવા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

ખેડૂતો, અધિકારીઓ અને વૈજ્ઞાનિકોને સંબોધતાં દિલીપ સંઘાણીએ માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને માનનીય ગૃહ તથા સહકારિતા મંત્રી અમિત શાહના "સહકારથી સમૃદ્ધિ"ના વિઝન અને મિશન પર વિશેષ ભાર મૂક્યો. તેમણે ખેડૂતોને અપીલ કરી કે ઈફકો નેનો ખાતર, ધરામૃત ગોલ્ડ અને કુદરતી ખેતી જેવા વિકલ્પો અપનાવે, જેથી દીર્ઘકાળીન માટી સ્વાસ્થ્ય, પર્યાવરણ સંરક્ષણ અને ટકાઉ કૃષિ વિકાસ સુનિશ્ચિત થઈ શકે.

સંઘાણીએ ઈફકો અને નાનોવેન્શન્સના અધિકારીઓને સંશોધન અને વિકાસ પ્રવૃત્તિઓને વધુ મજબૂત બનાવવા સૂચન કર્યું, જેથી ઉચ્ચ ગુણવત્તાવાળા, પોષક તત્વ કાર્યક્ષમ ઉત્પાદનો અને શ્રેષ્ઠ સેવાઓ દ્વારા ખેડૂતોને વધુ લાભ મળી શકે. તેમણે જણાવ્યું કે સતત નવીનતા અને મજબૂત સહકારી પ્રયાસો જ પાક ઉત્પાદકતા વધારવા, ખેડૂતોની આવકમાં વધારો કરવા અને તેમની સર્વાંગી સમૃદ્ધિ સુનિશ્ચિત કરવાની ચાવી છે.

આ પ્રસંગે ઈફકોના મેનેજિંગ ડિરેક્ટર કે. જે. પટેલ, ડિરેક્ટર (CRS) બિરિંદર સિંહ, ઈફકો-નાનોવેન્શન્સના મેનેજિંગ ડિરેક્ટર અરુણાચલમ લક્ષ્મણ, ઈફકો-નાનોવેન્શન્સના ડિરેક્ટરો, ઈફકો કાલોલ નાનો પ્લાન્ટના વડા પી. કે. સિંહ, તમામ રાજ્ય માર્કેટિંગ પ્રમુખો તથા ઈફકોના વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા.

આ મુલાકાત સહકારી નવીનતા, ખેડૂત-કેન્દ્રિત સંશોધન અને ટકાઉ તથા સમૃદ્ધ કૃષિના રાષ્ટ્રીય વિઝન પ્રત્યે ઈફકોની દ્રઢ પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે.

# ભારતે દક્ષિણ આફ્રિકાને 7 વિકેટથી હરાવ્યું, સીરિઝમાં 2-1થી લીડ મેળવી

**નવી દિલ્હી, તા.15**

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે આજે(14 ડિસેમ્બર) પાંચ મેચોની T20 સીરિઝની ત્રીજી મેચ ધર્મશાળામાં રમાઈ હતી, જેમાં ભારતે 7 વિકેટથી શાનદાર જીત હાંસલ કરી છે. આ જીત સાથે ભારતે સીરિઝમાં 2-1થી લીડ મેળવી લીધી છે. ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવે દક્ષિણ આફ્રિકા વિરૂદ્ધ ત્રીજી T20માં ટોસ જીતીને પહેલા બોલિંગનો નિર્ણય લીધો હતો. દક્ષિણ આફ્રિકાની ટીમ 20 ઓવરમાં 117 રન પર ઓલઆઉટ થઈ હતી. જેના જવાબમાં ભારતે 15.5 ઓવરમાં 3 વિકેટના નુકસાન પર 120 રન બનાવીને ભવ્ય જીત મેળવી છે.



ભારત માટે અભિષેક શર્માએ સૌથી વધુ રન બનાવ્યા. અભિષેકે 18 બોલમાં ત્રણ ચોગ્ગા અને ત્રણ છગ્ગાની મદદથી 35 રન બનાવ્યા હતા. લક્ષ્યાંકનો પીછો કરતા અભિષેક અને શુભમન ગિલે ઝડપી શરૂઆત અપાવી. બંને બેટર્સે પહેલી વિકેટ માટે 60 રન બનાવ્યા. ભારતે ફરી એકવાર પ્રયોગ કર્યો અને ત્રીજા નંબરે સૂર્યકુમારની જગ્યાએ તિલક વર્માને મોકલ્યો. તિલક અને ગિલે બીજી વિકેટ માટે 32 રનની ભાગીદારી કરી, પરંતુ માર્કો યાનસેને ગિલને બોલ્ડ કરી દીધો. ગિલ 28 બોલ પર 5 ચોગ્ગાની મદદથી 28 રન બનાવીને આઉટ થયો.

કેપ્ટન સૂર્યકુમાર યાદવ ફરી એકવાર અસફળ રહ્યા અને 12 રન બનાવીને આઉટ થયા. ત્યારબાદ તિલક અને શિવમ દુબેએ ભારતને જીત સુધી લઈ ગયા તિલક 34 બોલમાં ત્રણ ચોગ્ગાની મદદથી અણનમ 25 રન અને શિવમ ચાર બોલ પર એક ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી 10 રન બનાવીને અણનમ રહ્યા. દક્ષિણ આફ્રિકા માટે લુંગી એડગિની, માર્કો યાનસેન અને કૉર્બિન બોશને એક-એક વિકેટ મળી.

આ મેચમાં હાર્દિક પંડ્યાએ ટ્રિસ્ટન સ્ટબ્સની વિકેટ ઝડપીને T20I ક્રિકેટમાં 100 વિકેટ અને 1000 રન બનાવનાર વિશ્વનો પ્રથમ ફાસ્ટ-બોલિંગ ઓલરાઉન્ડર બનવાનો રેકોર્ડ પણ બનાવ્યો હતો.

રસપ્રદ વાત એ રહી કે આ મેચમાં ભારતના તમામ બોલર્સને સફળતા મળી. ભારત તરફથી વરૂણ ચક્રવર્તી, અર્શદીપ સિંહ, હર્ષિત રાણા અને કુલદીપ યાદવને 2-2 વિકેટ મળી. હાર્દિક પંડ્યા અને શિવમ દુબેને એક-એક સફળતા મળી.

ભારતે આ મેચ માટે પ્લેઈંગ-11માં 2 ફેરફાર કર્યા હતા. જેમાં અક્ષર પટેલ અને જસપ્રીત બુમરાહ રમ્યા ન હતા. કેપ્ટન સૂર્યકુમારે ટોસ દરમિયાન જણાવ્યું કે, અક્ષર પટેલની તબિયત બરાબર નથી એટલા માટે તેઓ મેચ નહીં રમે, જ્યારે બુમરાહને અંગત કારણોથી ઘરે જવું પડ્યું છે. અક્ષર અને બુમરાહની જગ્યાએ આ મેચમાં કુલદીપ યાદવ અને હર્ષિત રાણાને ટીમમાં સામેલ કરાયા હતા.

ભારત: અભિષેક શર્મા, શુભમન ગિલ, સૂર્યકુમાર યાદવ (કેપ્ટન), તિલક વર્મા, હાર્દિક પંડ્યા, શિવમ દુબે, જિતેશ શર્મા (વિકેટકીપર), હર્ષિત રાણા, અર્શદીપ સિંહ, કુલદીપ યાદવ, વરુણ ચક્રવર્તી.

દક્ષિણ આફ્રિકા: રીઝા હેન્ડ્રીક્સ, ક્વિન્ટન ડીકોક (વિકેટકીપર), એડન માર્કરમ (કેપ્ટન), ડેવાલ્ડ બ્રેવિસ, ટ્રિસ્ટન સ્ટબ્સ, ડોનોવન ફેરેરા, માર્કો યાનસેન, કોર્બિન બોશ, એનરિચ નોર્ટજે, લુંગી એનડિગી, ઓટેનિલ બાર્ટમેન.

# ભારતીય ટીમને કોહલી અને ધોની કરતા પણ મોટો 'ચેઝ માસ્ટર' મળી ગયો, જુઓ તેનો રેકોર્ડ

**નવી દિલ્હી, તા.15**



વિરાટ કોહલીએ T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે. વિરાટ કોહલી લાંબા સમયથી ભારતની T20 ટીમ માટે ચેઝ માસ્ટર હતો. તેણે 2024 T20 વર્લ્ડ કપની ફાઈનલ સુધી T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમ્યો હતો. ત્યારથી, ચેઝ માસ્ટરનું સ્થાન ખાલી છે, પરંતુ ડાબોડી બેટર તિલક વર્માએ આ સ્થાન લીધુ છે. આંકડા દર્શાવે છે કે તિલક વર્મા હવે T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વિરાટ કોહલી અને એમએસ ધોની બંને કરતાં વધુ સારા ચેઝ માસ્ટર છે.

ટી20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં રન ચેઝમાં ઓછામાં ઓછા 500 રન બનાવનારા બેટરોમાં તિલક વર્મા સૌથી વધુ સરેરાશ ધરાવે છે. ફુલ મેમ્બર નેશનમાં વિરાટ કોહલી ટી20 આંતરરાષ્ટ્રીય રન ચેઝમાં 67.1ની સરેરાશ સાથે યાદીમાં ટોચ પર હતો, પરંતુ તિલક વર્માએ તેમને પાછળ છોડી દીધા છે. ટી20 આંતરરાષ્ટ્રીય રન ચેઝમાં તિલક વર્માનો સરેરાશ હવે 68 છે. યાદીમાં ત્રીજા સ્થાને એમએસ ધોની છે, જેમણે આ ફોર્મેટમાં બીજી ઈનિંગ્સમાં 47.71 ની સરેરાશ સાથે રન બનાવ્યા હતા. યાદીમાં ચોથા સ્થાને દક્ષિણ આફ્રિકાના જે. પી. ડુમિની છે, જેમણે 45.55ની સરેરાશ સાથે રન બનાવ્યા હતા. ટી20 આંતરરાષ્ટ્રીય રન ચેઝમાં 44.93ની સરેરાશ સાથે કુમાર સંગાકારા યાદીમાં પાંચમા સ્થાને છે.

ટી20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તિલક વર્મા નંબર 3ના સ્લોટ માટે યોગ્ય છે. તેમણે ટી20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં આ સ્થાન પર બે સદી ફટકારી છે, જ્યારે ટી20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં આ સ્થાન પર સદીઓની હેટ્રિક પણ ફટકારી છે. ફક્ત ટી20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટની વાત કરીએ તો, તિલક વર્માએ નંબર 3 પર રમતી વખતે 14 ઈનિંગ્સમાં 468 રન બનાવ્યા છે. તેમની સરેરાશ 58.5 છે. આ સ્થાન પર તિલક વર્માનો સ્ટ્રાઈક રેટ 160.27 રહ્યો છે, જ્યારે તેમણે બેટથી બે સદી અને બે અડધી સદી ફટકારી છે.

# અભિષેક શર્મા T20I માં પહેલા બોલે 3 વખત છગ્ગો મારનાર દુનિયાનો પ્રથમ ક્રિકેટર બન્યો

**નવી દિલ્હી, તા.15**

ભારતીય યુવા ઓપનર અભિષેક શર્મા એ T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ઈતિહાસ રચ્યો છે. તે પોતાની બેટિંગની ઈનિંગ્સના પ્રથમ બોલ પર ત્રણ વખત છગ્ગો મારનાર વિશ્વનો પ્રથમ બેટ્સમેન બની ગયો છે. ધર્મશાલાના HPCA સ્ટેડિયમમાં ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની ત્રીજી T20I મેચમાં, અભિષેકે લુંગી એનગિડી દ્વારા ફેંકવામાં આવેલ ભારતીય ઈનિંગ્સના પ્રથમ બોલનો સામનો કર્યો અને છગ્ગો ફટકારીને પોતાનો અને ભારતનો ખાતું ખોલાવ્યો.

વર્ષ 2025 માં, આ ત્રીજી વખત છે જ્યારે અભિષેકે ઈનિંગ્સના પ્રથમ બોલ પર છગ્ગો ફટકારીને ભારતની ઈનિંગ્સની શરૂઆત કરી છે. તેણે પ્રથમ વખત 10 સપ્ટેમ્બરના રોજ દુબઈમાં ભારત-UAE એશિયા કપ મેચ દરમિયાન છગ્ગા સાથે ઈનિંગ્સની શરૂઆત કરી હતી.



બીજી વખત તેણે 21 સપ્ટેમ્બરે ભારત-પાકિસ્તાન એશિયા કપ સુપર ફોર મેચ દરમિયાન શાહીન શાહ આફ્રિદીના પહેલા બોલને બાઉન્ડ્રીની બહાર મોકલી દીધો હતો. આ પરાક્રમ સાથે, અભિષેક શર્માએ રોહિત શર્મા, યશસ્વી જયસ્વાલ અને સંજુ સેમસન જેવા ભારતીય ખેલાડીઓને પાછળ છોડી દીધા છે, જેમણે આ સિદ્ધિ એક-એક વાર હાંસલ કરી છે, જ્યારે અભિષેક ત્રણ વખત આ કામ કરી ચૂક્યો છે.

અભિષેક શર્મા માટે આ વર્ષ શાનદાર રહ્યું છે. તેણે 2025 માં અત્યાર સુધી રમાયેલી 40 T20 મેચોમાં 1,569 રન બનાવ્યા છે. તે હવે એક કેલેન્ડર વર્ષમાં કોઈપણ ભારતીય બેટ્સમેન દ્વારા સૌથી વધુ T20 રન બનાવવાનો વિરાટ કોહલીનો 2016 માં સ્થાપિત થયેલો 1,614 રનનો રેકોર્ડ તોડવાની ખૂબ જ નજીક છે. જો તે દક્ષિણ આફ્રિકા સામેની બાકીની બે T20I મેચોમાં ઓછામાં ઓછા 46 રન બનાવશે, તો તે કોહલીને પાછળ છોડી દેશે. જોકે, એક કેલેન્ડર વર્ષમાં સૌથી વધુ T20 રન બનાવવાનો વિશ્વ રેકોર્ડ નિકોલસ પૂરન (2024 માં 2331 રન) ના નામે છે.

ધર્મશાલામાં રમાયેલી આ ત્રીજી T20I મેચમાં ભારતીય બોલરો (અર્શદીપ સિંહ, હર્ષિત રાણા, વરુણ ચક્રવર્તી) ના શાનદાર પ્રદર્શનથી દક્ષિણ આફ્રિકાની ટીમ કેપ્ટન એડન માર્કરમની 61 રનની ઈનિંગ્સ છતાં માત્ર 117 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. નાના લક્ષ્યનો પીછો કરતા અભિષેક શર્માએ (18 બોલમાં 35 રન) અને શુભમન ગિલ (28 બોલમાં 28 રન) સાથે મળીને 32 બોલમાં 60 રનની ઝડપી ભાગીદારી કરી. અભિષેકે ત્રણ છગ્ગા અને ત્રણ ચોગ્ગાની મદદથી આક્રમક શરૂઆત કરી, જેનાથી ભારતે 25 બોલ બાકી રહેતા સાત વિકેટે મેચ જીતી લીધી અને પાંચ મેચોની સિરિઝમાં 2-1 ની લીડ મેળવી લીધી. કોર્બિન બોશની બોલિંગ પર માર્કરમ દ્વારા લેવામાં આવેલા શાનદાર કેચથી તેની આક્રમક ઈનિંગ્સનો અંત આવ્યો હતો.

# ભયંકર અકસ્માત બાદ જાણીતી અભિનેત્રીનો ચહેરો જ બગડી ગયો હતો, અનેક ફિલ્મો હાથમાંથી સરકી ગઇ....

**મુંબઈ, તા.15**

90ના દાયકાની લોકપ્રિય સ્ટાર અભિનેત્રી મહિમા ચૌધરી હાલમાં ચર્ચામાં છે. તે સંજય મિશ્રા સાથે ફિલ્મ 'દુર્લભ પ્રસાદ કી દૂસરી શાદી'માં જોવા મળશે. મહિમા લાંબા સમય પછી હિન્દી સિનેમામાં વાપસી કરી રહી છે. તેણે પોતાના જીવનમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કર્યો છે, અને હવે તે મોટા પડદા પર પાછી ફરી છે.



મહિમા ચૌધરી 90ના દાયકાની સૌથી પોપ્યુલર અભિનેત્રીઓમાંથી એક હતી. તેની ફિલ્મો 'પરદેશ' 'દિલ ક્યા કરે' અને 'ધડકન' બોક્સ ઓફિસ પર હિટ રહી હતી. પરંતુ એક અકસ્માતના કારણે તે અચાનક લાઈમલાઈટથી દૂર થઈ ગઈ. 1999માં આવેલી ફિલ્મ 'દિલ ક્યા કરે'ના શૂટિંગ દરમિયાન મહિમાનો ભયંકર કાર અકસ્માત થયો હતો, જેમાં તે ગંભીર રીતે ઘાયલ થઈ હતી. તેના શરીરમાં કાચના 67 ટુકડા ઘૂસી ગયા હતા, જેને સર્જરી કરીને બહાર કાઢવામાં આવ્યા હતા. આ ઉપરાંત પણ મહિમાનું જીવન સરળ નહોતું. તેના પહેલા લગ્ન તૂટી ગયા. ત્યારબાદ અભિનેત્રીને બ્રેસ્ટ કેન્સર થયું, જેમાંથી તે તાજેતરમાં જ સ્વસ્થ થઈ છે.

હવે મહિમાએ પોતાના જીવનમાં આવેલી મુશ્કેલીઓ વિશે ખુલીને વાત કરી છે. એક ઈન્ટરવ્યૂમાં અભિનેત્રીએ કહ્યું કે, 'મારી પહેલી ફિલ્મ બાદ મને કોર્ટમાં ઢસેડવામાં આવી હતી. મને ઘણી ફિલ્મોમાંથી કાઢી મૂકવામાં આવી હતી કારણ કે લોકોએ દાવો કર્યો હતો કે હું મુક્તા આર્ટ્સ સાથે કોન્ટ્રાક્ટમાં છું, જે સંપૂર્ણપણે ખોટું હતું. પછી મારો એક અકસ્માત થયો અને ત્યારબાદ હું એક વર્ષ સુધી ઘરે બેઠી.'

અભિનેત્રીએ આગળ કહ્યું કે, 'મેં નાના-મોટા રોલ કરવાનું શરૂ કર્યું અને તે બધી ફિલ્મો હિટ થઈ, ભલે હું માત્ર એક જ ગીત કરી રહી હતી. પછી લોકોએ મને માત્ર એક જ ગીત ઓફર કરવાનું શરૂ કર્યું, મેં ઈનકાર કરી દીધો. લોકો મને લકી મસ્કટ કહેવા લાગ્યા પરંતુ હું તેનાથી કંઈ વધારે કરવા માગતી હતી. મેં ફરી વાપસી કરી પ્રિયદર્શન, રાજ કુમાર સંતોષી, લજ્જા વગેરે સાથે ફિલ્મો કરી.'

મહિમાએ પોતાના કાર અકસ્માત વિશે પણ વાત કરી. તેણે જણાવ્યું કે, 'તે મારા માટે ખૂબ જ મુશ્કેલ ક્ષણ હતી. મારો ચહેરો સંપૂર્ણપણે બદલાઈ ગયો હતો, જેના કારણે મને ઘણી મુશ્કેલીઓ થઈ હતી. મારા ચહેરા પર કાચના નાના-નાના 67 નાના ટુકડા ઘૂસી ગયા હતા. તેને સર્જરી કરીને કાઢવામાં આવ્યા હતા. બીજા દિવસે મારો ચહેરો વધુ ફૂલી ગયો હતો અને આખો ચહેરો બગડી ગયો હતો. મારા મિત્રો મારા ચહેરા પરની ઈજાઓ પર હસી રહ્યા હતા, તેઓ વિચારતા હતા કે મારી કોઈ સાથે લડાઈ થઈ છે અને હું જૂઠું બોલી રહી છું. તે સમયે મને ખબર નહોતી કે હું આગળ શું કરીશ. તે ખૂબ જ મુશ્કેલ સમય હતો.'

'હું તડકામાં બહાર નહોતી જઈ શકતી. મને ટાંકા આવ્યા હતા તેથી મારે તેમના રૂઝ આવવાની રાહ જોવી પડતી હતી અને હંમેશા તેમને ભેજયુક્ત રાખવા પડતા હતા. મને સૂર્ય અને યુવી કિરણોથી ડાઘ પડવાનો ડર હતો. વચ્ચે-વચ્ચે મેં બાકીના 1-2 ગીતો પૂર્ણ કર્યા હતા, પરંતુ હું કોઈને પૂરો હક ન આપી શકી કે ક્યાંક બહાર જઈને કામ કરું. મારા કોસ્ચ્યુમ ડિઝાઈનર ટાંકા અને ડાઘ પર ખાસ કરીને ડાબી બાજુ જે વધુ સોજો હતો ત્યાં ચમકદાર ડોટ્સ લગાવતા હતા. ત્યારબાદ તે એક ફેશન બની ગઈ અને લોકોએ તેને વેચવાનું પણ શરૂ કર્યું.'

તમને જણાવી દઈએ કે, મહિમા આ વર્ષે 2025માં બે વધુ ફિલ્મોમાં નજર આવી ચૂકી છે. એક કંગના રનૌતની ઈમરજન્સી અને બીજી ઈબ્રાહિમ અલી ખાન અને ખુશી કપૂરની નાદાનિયાં છે. એક ફિલ્મ થિયેટરમાં રિલીઝ થઈ હતી, જ્યારે બીજી OTT પ્લેટફોર્મ પર રિલીઝ થઈ હતી. જોકે, બંનેમાંથી કોઈ પણ ફિલ્મને કંઈ ખાસ રિસપોન્સ નથી મળ્યો.

# હું છેલ્લા 25 વર્ષથી જમવા માટે બહાર ગયો નથી : સલમાન ખાન

## સલમાને કહ્યું -બસ ઘરથી શૂટિંગ, એરપોર્ટ અથવા હોટેલ જઉં છું



**મુંબઈ, તા.15**

જ્યારે એક્ટર્સ અનિયમિત સમય માટે શૂટિંગમાં ઘરથી બહાર રહેતા હોય અને અનિશ્ચિત સમય સુધી કામ કરતા હોય છે, ત્યારે સલમાન ખાને તેની જીવનશૈલી વિશે કેટલીક આશ્ચર્યજનક વાતો કહી છે, તેણે કહ્યું કે છેલ્લા 25 વર્ષમાં તે એકેય વખત બહાર જમવા માટે ગયો નથી. સલમાને કહ્યું, તે બસ "ઘરથી શૂટિંગ, એરપોર્ટ અથવા ઘરે જઉં છું."

સલમાન પણ ગુરુવારે સાઉદી અરેબિયાના જેદ્દાહ ખાતે ચાલી રહેલા રેડ સી ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં પહોંચ્યો હતો. જ્યાં તેણે એક સેશનમાં પોતાના જીવન અને કૅરિઅર વિશે વાત કરી હતી. સલમાને જણાવ્યું, "મારા જાવનમાં હું મોટા ભાગે મારા પરિવાર અને મિત્રોની આસપાસ જ રહ્યો છું, તેમાંથી કેટલાંક ચાલ્યા ગયા છે અને બસ હજુ 4-5 છે, જે બહુ પહેલાંથી મારી સાથે છે." સલમાને આગળ કહ્યું, "25-26 થઈ ગયા છે કે હું ક્યારેય બહાર જમવા માટે ગયો નથી. શૂટિંગથી ઘર, ઘરથી શૂટિંગ, ઘરથી એરપોર્ટ, એરપોર્ટથી હોટેલ કે હોટેલથી અહીં.

બસ એટલું જ. મારું જીવન આવું જ છે." પરંતુ આ બાબતે સલમાનને કોઈ પસ્તાવો નથી. તેણે આ અંગે કહ્યું, "મને એમાં કોઈ વાંધો નથી.. અથવા તો એવું જોઈએ કે તમે હરો ફરો અને આ બધું જ ન હોય, જે મારે નથી જોઈતું. આટલી ઈજ્જત આપે છે અને માન આપે છે..એના માટે તો મહેનત કરું છું..ક્યારેક મને સંતોષ થઈ જાય છે, એની પણ મજા લઉં છું અને વિચારું છું કે હવે આગળ શું આવશે."

# દિલજિત દોસાંજે ઈમ્તિઆઝ અલી સાથે બીજી ફિલ્મની જાહેરાત કરી

## દિલજિતે પંજાબથી નવો બિહાઈન્ડ ધ સીન વ્લોગ પોસ્ટ કર્યો

**મુંબઈ, તા.15**

દિલજિત દોસાંજે ઈમ્તિઆઝ અલી સાથે ઓફિશિયલી પોતાની બીજી ફિલ્મની જાહેરાત કરી છે. તાજેતરમાં જ દિલજિતે પંજાબથી તેના એક શૂટનો બિહાઈન્ડ ધ સીન વ્લોગ પોસ્ટ કર્યો છે. તેણે ગુરુવારે ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો પોસ્ટ કર્યો હતો, જેમાં તેણે સેટ પર પોતાનાં રુટીનની ઝલક આપી હતી અને સાથે એ પણ જાહેર કરી દીધું હતું કે અમરસિંહ ચમકિલાની સફળતા પછી તે અને ઈમ્તિઆઝ અલી ફરી એકસાથે કામ કરી રહ્યા છે.



આ વ્લોગમાં દિલજિત પોતાનો દિવસ સવારે 4.30 વાગ્યે શરૂ કરતો દેખાય છે, પછી એ થોડી વાર વર્ક આઉટ કરે છે. પછી તે સવારનો નાસ્તો કરવા માટે બેસે છે, જેમાં તે ફળો અને પ્રોટીન ખાય છે. પછી તે પોતાની ટીમ સાથે શૂટ માટે જાય છે. સેટ પરના વ્લોગમાં તે ગ્રીન સ્ક્રીન સામે એક સીન શૂટ કરી રહ્યો છે અને સાથે જ ઈમ્તિઆઝ અલી સાથે વાત કરતો દેખાય છે. તેનાથી સાબિત થાય છે કે ઈમ્તિઆઝ અલી અને દિલજિત ફરી એકસાથે કામ કરી રહ્યા છે. આ સીનનું શૂટ પૂરું કર્યા પછી તે એક હવેલીમાં પહોંચે છે, જ્યાં તે આ શૂટ દરમિયાન રોકાયો છે.

# આપણે આ પહેલાં પણ જોયું છે, ફિલ્મ બધા જ ઘોંઘાટને દબાવી દેશે

**મુંબઈ, તા.15**

એક બાજુ ધુરંધર દરરોજ કમાણીના નવા રેકોર્ડ બનાવે છે, બીજી તરફ આ ફિલ્મના પ્રતિસાદ અંગે બે પક્ષ બની ગયા છે, એક તરફ ફિલ્મમાં બતાવેલી હિંસા અને ક્રુરતાની ટીકા થઈ રહી છે બીજી તરફ ફિલ્મનાં રાજકીય પાસા અંગે પણ ચર્ચા થઈ રહી છે, ત્યારે હવે માધવને આ અંગે પોતાના વિચારો જાહેર કરતાં કહ્યું કે તેને આ વાતથી બિલકુલ આશ્ચર્ય થતું નથી. પોતાની ભુતકાળની ફિલ્મોના અનુભવ અંગે માધવને કહ્યું તેણે આવું પહેલાં પણ જોયું છે અને માને છે કે ફિલ્મની લાંબા ગાળાની સફળતા આ બધી જ ટીકાઓને ચુપ કરી દેશે. એક ઈન્ટરવ્યુમાં માધવને કહ્યું કે ફિલ્મ રિલીઝ થઈ એ પહેલાં જ તેણે ફિલ્મની ટીકા થશે એવો અંદાજ હતો. માધવને કહ્યું, "શરૂઆતથી જ, મને ખબર હતી કે લોકો પર આ ફિલ્મની અસર થવાની છે. એવા લોકો હશે જે



પહેલાં જ આ ફિલ્મને ખરાબ પ્રતિસાદ આપી દેશે." માધવને કહ્યું કે તની ફિલ્મ રંગ દે બસંતી અને થ્રી ઈડિયટ્સ જેવી ફિલ્મને પણ લોકોએ અગાઉથી જ ખરાબ પ્રતિસાદ આપવાનું શરૂ કરી દીધું હતું. પરંતુ પાછળથી આ બંને ફિલ્મ સફળ રહી હતી.

માધવને કહ્યું કે મોટા ભાગે શરૂઆતનો નકારાત્મક પ્રતિસાદ ધીરે ધીરે દબાઈ જાય છે અને ધીરે ધીરે ફિલ્મની સફળતા જ લોકોને યાદ રહે છે. માધવને કહ્યું, "જે લોકો બેવડા પ્રતિસાદ આપે છે, તેઓ રીલેવન્ટ રહેતા નથી. અમે હજુ ઈન્ડસ્ટ્રીમાં કામ કરીએ છીએ. હું આ બધું એમનેમ નથી બોલતો, તમે મુદ્દો નથી સમજતા. હવે આ બધું ભુલીને આગળ વધવાની જરૂર છે." માધવને કહ્યું કે તેણે પોતે જોયુ છે કે કેટલીક વખત લોકો ફિલ્મ દર્શકો સુધી પહોંચે એ પહેલાં જ લોકો એના વિશા લખવા માંડે છે, આ મુદ્દે તેણે રંગ દે બસંતે જે રીતે ગંભીર ટીકાઓ, ડિસ્ટ્રીબ્યુટર્સનો બહિષ્કાર અને રિલીઝ પહેલાં જ કઈ રીતે મીડિયાએ ફિલ્મની નિષ્ફળતાની આગાહી કરવા માંડેલી તે પણ યાદ કર્યું હતું. ધુરંધર સાથે પણ આવુ જ થયું છે, માધવને કહ્યું, "જ્યારે ધુરંધર સાથે પણ આવું થયું, તો મેં વિચાર્યું, મેં તો પહેલાં પણ આવું જોયું છે."

માધવને યુટ્યુબ પર આ પ્રકારના ફિલ્મ રીવ્યુ આપતા લોકોને મુશ્કેલી ગણાવ્યા છે. જે રિલીઝ થયાંના થોડાં જ સમયમાં ફિલ્મના સંદર્ભ અને વાર્તાના ઈરાદાને સમજ્યા વિના ફિલ્મને વિશેષણો આપી દે છે. માધવને કહ્યું, "અભિનેતા તરીકે, અમારું સપનું હોય છે કે, બધાં કહે આ સાવ ભંગાર ફિલ્મ છે, કશું જ થશે નહીં અને પછી ફિલ્મ એવી જોરદાર ચાલે છે. તમે હજુ આ વાર્તાનો અંત નથી જોયો." આમ માધવન કહે છે કે ફિલ્મનો પ્રતિભાવ તેની લાંબા ગાળાની અસરો પરથી નક્કિ થવો જોઈએ, આ રીતે રિલીઝ થયા પહેલાં નહીં.

# રૂપિયો ઓલ ટાઈમ લો : 1 ડોલરની સરખામણીમાં 90.58 પર પહોંચ્યો, વિદેશી ફંડ્સની ઉપાડને કારણે મૂલ્ય ઘટતું જઈ રહ્યું છે

**નવી દિલ્હી, તા.15**




રૂપિયો આજે એટલે કે 15 ડિસેમ્બરે ડોલર સામે અત્યાર સુધીના સૌથી નીચલા સ્તર 90.58 પર આવી ગયો છે. PTI અનુસાર, તે આજે 9 પૈસા નબળો પડીને ખુલ્યો છે. વિદેશી ભંડોળની સતત ઉપાડથી રૂપિયા પર દબાણ આવ્યું છે.

રૂપિયો 2025માં અત્યાર સુધીમાં 5% થી વધુ નબળો પડી ચૂક્યો છે. 1 જાન્યુઆરીએ રૂપિયો ડોલર સામે 85.70 ના સ્તરે હતો, જે હવે 90.58 ના સ્તરે પહોંચી ગયો છે.

રૂપિયામાં ઘટાડાથી આયાત કરવી મોંઘી થશે રૂપિયામાં ઘટાડાનો અર્થ એ છે કે ભારત માટે વસ્તુઓની આયાત મોંઘી થશે. આ ઉપરાંત, વિદેશમાં ફરવું અને ભણવું પણ મોંઘું થઈ ગયું છે.

ધારો કે જ્યારે ડોલર સામે રૂપિયાની કિંમત 50 હતી, ત્યારે અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓને 50 રૂપિયામાં 1 ડોલર મળતો હતો. હવે 1 ડોલર માટે વિદ્યાર્થીઓને 90.47 રૂપિયા ખર્ચ કરવા પડશે. આનાથી વિદ્યાર્થીઓ માટે ફીથી લઈને રહેવા-જમવા અને અન્ય વસ્તુઓ મોંઘી થઈ જશે.

US પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીય આયાત પર 50% ટેરિફ લગાવ્યો છે, જે ભારતના GDP ગ્રોથને 60-80 બેસિસ પોઈન્ટ્સ ઘટાડી શકે છે અને રાજકોષીય ખાધ વધારી શકે છે. આનાથી નિકાસ ઘટી શકે છે. વિદેશી મુદ્રાની આવક ઓછી થાય છે. આ કારણે રૂપિયો દબાણમાં છે.

જુલાઈ 2025 થી અત્યાર સુધી વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FIIs) એ ભારતીય એસેટ્સમાં 1.55 લાખ કરોડથી વધુનું વેચાણ કર્યું છે. આના કારણો US ટ્રેડ ટેરિફ્સની ચિંતા છે. આનાથી ડોલરની માગ વધી ગઈ છે (વેચાણ ડોલરમાં રૂપાંતરિત થાય છે), જે રૂપિયાને નીચે ધકેલી રહ્યું છે.

તેલ અને સોનાની કંપનીઓ હેજિંગ માટે ડોલર ખરીદી રહી છે. અન્ય આયાતકારો પણ ટેરિફ અનિશ્ચિતતાને કારણે ડોલરનો સ્ટોક કરી રહ્યા છે. આનાથી રૂપિયા પર સતત દબાણ જળવાઈ રહ્યું છે.

RBIનો હસ્તક્ષેપ આ વખતે ઘણો ઓછો રહ્યો LKP સિક્યોરિટીઝના વીપી રિસર્ચ એનાલિસ્ટ જતિન ત્રિવેદીએ જણાવ્યું હતું કે, રૂપિયો 90 ને પાર પહોંચવાનું મુખ્ય કારણ એ છે કે ભારત-અમેરિકા વેપાર સોદા અંગે કોઈ પાક્કા સમાચાર નથી આવી રહ્યા અને સમયરેખા વારંવાર ટળી રહી છે. તેથી છેલ્લા કેટલાક અઠવાડિયામાં રૂપિયાનું ઝડપી વેચાણ થયું છે.

ત્રિવેદીએ વધુમાં જણાવ્યું હતું કે મેટલ અને ગોલ્ડની રેકોર્ડ ઊંચી કિંમતોએ આયાત બિલ વધારી દીધું છે. અમેરિકાના ઊંચા ટેરિફથી ભારતીય નિકાસની સ્પર્ધાત્મકતાને નુકસાન થયું છે. તેમણે કહ્યું કે, RBI નો હસ્તક્ષેપ પણ આ વખતે ઘણો ઓછો રહ્યો છે, જેનાથી ઘટાડો વધુ ઝડપી બન્યો.

શુક્રવારે RBI ની પોલિસી આવવાની છે, બજારને આશા છે કે સેન્ટ્રલ બેંક કરન્સીને સ્થિર કરવા માટે કેટલાક પગલાં લેશે. ટેકનિકલ રીતે રૂપિયો ખૂબ જ ઓવરસોલ્ડ થઈ ચૂક્યો છે.

કરન્સીની કિંમત કેવી રીતે નક્કી થાય છે? ડોલરની સરખામણીમાં અન્ય કોઈ પણ કરન્સીની વેલ્યુ ઘટે તો તેને મુદ્રાનું ઘટવું, તૂટવું, નબળું પડવું કહેવાય છે. અંગ્રેજીમાં તેને કરન્સી ડેપ્રિસિયેશન કહે છે.

દરેક દેશ પાસે ફોરેન કરન્સી રિઝર્વ હોય છે, જેનાથી તે આંતરરાષ્ટ્રીય ટ્રાન્ઝેક્શન કરે છે. ફોરેન રિઝર્વના ઘટવા અને વધવાની અસર કરન્સીની કિંમત પર દેખાય છે.

જો ભારતના ફોરેન રિઝર્વમાં ડોલર, અમેરિકાના રૂપિયાના ભંડાર બરાબર હશે તો રૂપિયાની કિંમત સ્થિર રહેશે. આપણી પાસે ડોલર ઘટે તો રૂપિયો નબળો પડશે, વધે તો રૂપિયો મજબૂત થશે.

# સોનું ₹1.33 લાખ ઓલ ટાઈમ હાઈ : આ વર્ષે ₹57,280 મોંઘું થયું, ચાંદી ₹2,958 ઘટીને ₹1.92 લાખ પ્રતિ કિલો થઈ.....

**નવી દિલ્હી, તા.15**



એટલે કે 15 ડિસેમ્બરે સોનાના ભાવ ઓલ ટાઈમ હાઈ સ્તરે પહોંચી ગયા છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ સોનાની કિંમત 732 રૂપિયા વધીને 1,33,442 રૂપિયા પ્રતિ 10 ગ્રામ થઈ ગઈ છે. આ પહેલા તે 1,32,710 રૂપિયા પર હતી.

જ્યારે, આજે ચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે. તે 2,958 રૂપિયા ઘટીને 1,92,222 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે. આ પહેલા તે 1,95,180 રૂપિયા પર હતી. આ તેનો ઓલ ટાઈમ હાઈ ભાવ હતો. જુદા જુદા શહેરોમાં ભાવ અલગ કેમ હોય છે? IBJA ના સોનાના ભાવમાં 3% GST, મેકિંગ ચાર્જ, જ્વેલર્સ માર્જિન શામેલ નથી હોતું. તેથી શહેરોના ભાવ આનાથી અલગ હોય છે. આ ભાવોનો ઉપયોગ RBI સોવરેન ગોલ્ડ બોન્ડના ભાવ નક્કી કરવા માટે કરે છે. ઘણી બેંકો ગોલ્ડ લોનના ભાવ નક્કી કરવા માટે તેનો ઉપયોગ કરે છે. નોંધ: 6-7 ડિસેમ્બર અને 13-14 ડિસેમ્બરના રોજ રજા હતી. ચાંદીની કિંમત રૂપિયા પ્રતિ કિલોગ્રામ અને સોનાની રૂપિયા પ્રતિ 10 ગ્રામમાં છે. આ વર્ષે અત્યાર સુધીમાં સોનાની કિંમત 57,280 રૂપિયા વધી છે. 31 ડિસેમ્બર 2024ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76,162 રૂપિયાનું હતું, જે હવે 1,33,442 રૂપિયા થઈ ગયું છે. ચાંદીનો ભાવ પણ આ સમયગાળા દરમિયાન 1,06,205 રૂપિયા વધી ગયો છે. 31 ડિસેમ્બર 2024ના રોજ એક કિલો ચાંદીની કિંમત 86,017 રૂપિયા હતી, જે હવે 1,92,222 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે. ભૌગોલિક રાજકીય - રશિયા-યુક્રેન યુદ્ધ અને દુનિયામાં તણાવ વધવાથી રોકાણકારો સોનાને સૌથી સુરક્ષિત રોકાણ માનીને ખરીદી રહ્યા છે. રિઝર્વ બેંક - ચીન જેવા દેશો પોતાની રિઝર્વ બેંકમાં સોનું ભરી રહ્યા છે, તેઓ વર્ષભરમાં 900 ટનથી વધુ ખરીદી કરી રહ્યા છે, તેથી ભાવ ઉપર જઈ રહ્યા છે. 1. સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલ સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે કંઈક આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે. 2. કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) થી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના હિસાબે અલગ-અલગ હોય છે.

# સેન્સેક્સ 54 પોઈન્ટ ઘટીને 85,213 પર બંધ થયો : નિફ્ટીમાં 20 પોઈન્ટનો ઘટાડો, ઓટો અને બેંકિંગ શેરોમાં વેચવાલી...

**મુંબઈ, તા.15**



15 ડિસેમ્બરે શેરબજાર સ્થિર રહ્યું. સેન્સેક્સ 54 પોઈન્ટ ઘટીને 85,213 પર બંધ થયો. નિફ્ટી પણ 20 પોઈન્ટ ઘટીને 26,027 પર બંધ થયો. સેન્સેક્સના 30 શેરોમાંથી 16 ઘટ્યા અને 14 વધ્યા.

નિફ્ટીના 50 શેરોમાંથી 27 ઘટ્યા અને 22 વધ્યા. એક શેર યથાવત રહ્યો. ઓટો, એનર્જી અને બેંકિંગ શેરો આજે ઘટ્યા, જ્યારે IT અને FMCG શેરો વધ્યા.

એશિયન બજારોમાં, જાપાનનો નિક્કી ઈન્ડેક્સ 1.31% ઘટીને 50,168 પર બંધ થયો, અને કોરિયાનો કોસ્પી 1.84% ઘટીને 4,090 પર બંધ થયો.

હોંગકોંગનો હેંગ સેંગ ઈન્ડેક્સ 1.34% ઘટીને 25,628 પર અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ 0.55% ઘટીને 3,867 પર બંધ થયો.

12 ડિસેમ્બરના રોજ, યુએસ ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજ 0.51% ઘટીને 48,458 પર અને S&P 500 1.07% ઘટીને 6,827 પર બંધ રહ્યો. નાસ્ડેક કમ્પોઝિટ 1.69% ઘટી ગયો.

KSH ઈન્ટરનેશનલનો IPO 16 ડિસેમ્બરથી ખુલશે KSH ઈન્ટરનેશનલ લિમિટેડનો IPO 16 ડિસેમ્બરથી ખુલશે. તેમાં 18 ડિસેમ્બર સુધી રોકાણ કરી શકાશે. કંપની આ ઈશ્યૂ દ્વારા 710 કરોડ રૂપિયા એકત્ર કરવા માગે છે. IPOમાં 420 કરોડ રૂપિયાના ફ્રેશ શેર જારી કરવામાં આવશે. જ્યારે પ્રમોટર્સ 290 કરોડ રૂપિયાના શેર (ઓફર-ફોર-સેલ) વેચશે.

12 ડિસેમ્બરના રોજ, વિદેશી રોકાણકારો (FII)એ રોકડ સેગમેન્ટમાં 396 કરોડના શેર વેચ્યા હતા. દરમિયાન, સ્થાનિક રોકાણકારો (DII)એ 2,828 કરોડના શેર ખરીદ્યા હતા.

12 ડિસેમ્બર સુધીમાં, FIIએ કુલ 19,605 કરોડના શેર વેચ્યા છે. આ સમયગાળા દરમિયાન, DII જે બજારને ટેકો આપી રહ્યા છે, તેમણે 39,970 કરોડના શેર ખરીદ્યા છે.


નવેમ્બરમાં, FIIએ કુલ 17,500.31 કરોડના શેર વેચ્યા હતા, જ્યારે DIIએ 77,083.78 કરોડના શેર ખરીદ્યા હતા. આનો અર્થ એ થયો કે બજારને સ્થાનિક રોકાણકારો દ્વારા ટેકો મળ્યો છે.

ગયા અઠવાડિયે બજારમાં તેજી જોવા મળી હતી આ પહેલા શુક્રવારે એટલે કે 12 ડિસેમ્બરે શેરબજારમાં તેજી હતી. સેન્સેક્સ 449 પોઈન્ટ વધીને 85,267ના સ્તરે બંધ થયો હતો. નિફ્ટી પણ 148 પોઈન્ટ વધ્યો હતો, જે 26,046ના સ્તરે બંધ થયો હતો.

## EDએ યસ બેંકના કો-ફાઉન્ડર રાણા કપૂરની પૂછપરછ કરી

# પબ્લિક ફંડ અનિલ અંબાણીની કંપનીઓમાં રોકાણ કરવાનો આરોપ, ₹11,000 કરોડનો દુરુપયોગ....

**નવી દિલ્હી, તા.15**



એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ સોમવારે યસ બેંકના સહ-સ્થાપક રાણા કપૂરની અનિલ અંબાણી જૂથની કંપનીઓ સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ કેસમાં પૂછપરછ કરી હતી. કપૂરનું નિવેદન પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ નોંધવામાં આવ્યું છે.

PTI અનુસાર, અનિલ અંબાણીની કંપનીઓમાં 11,000 કરોડથી વધુનું જાહેર ભંડોળ મોકલવામાં આવ્યું છે, જેનો દુરુપયોગ થયો છે. EDનો દાવો છે કે આ મામલે લોકોના પૈસાને યસ બેંક દ્વારા અનિલ અંબાણીની કંપનીઓમાં મોકલવામાં આવ્યા છે.

રાણા કપૂરની પૂછપરછ આ જ કેસનો એક ભાગ છે. જ્યારે આ પહેલાં ED અનિલ અંબાણીની ઘણી પ્રોપર્ટીઝને જપ્ત કરી ચૂકી છે.

યસ બેંકે અનિલ અંબાણી ગ્રુપની બે કંપનીઓ રિલાયન્સ હોમ ફાઈનાન્સ (RHFL)માં 2,965 કરોડ અને રિલાયન્સ કોમર્શિયલ ફાઈનાન્સ (RCFL)માં 2,045 કરોડનું રોકાણ કર્યું. આ પૈસા યસ બેંકને રિલાયન્સ નિપ્પોન મ્યુચ્યુઅલ ફંડમાંથી મળ્યા હતા, જે લોકોના પૈસા હતા.

EDનો આરોપ છે કે મ્યુચ્યુઅલ ફંડ સીધા અંબાણી ગ્રુપમાં રોકાણ કરી શકતા ન હતા (SEBIના નિયમોને કારણે), તેથી પૈસા પરોક્ષ માર્ગે ગયા. પૈસા મ્યુચ્યુઅલ ફંડમાંથી યસ બેંકમાં, પછી બેંકમાંથી અંબાણી કંપનીઓને મોકલવામાં આવ્યા. ડિસેમ્બર 2019 સુધીમાં આ રોકાણો NPA (બેડ લોન) બની ગયા. કુલ 11,000 કરોડથી વધુના જાહેર ભંડોળનો દુરુપયોગ થયો હોવાની શંકા છે.

EDનું કહેવું છે કે આ મની લોન્ડરિંગ છે કારણ કે લોકોના પૈસા ખોટી રીતે રૂટ કરવામાં આવ્યા હતા. યસ બેંકના સહ-સ્થાપક રાણા કપૂરની સોમવારે પૂછપરછ કરવામાં આવી હતી. PMLA (મની લોન્ડરિંગ અટકાવવાનો કાયદો) હેઠળ નિવેદન નોંધવામાં આવ્યું હતું. તપાસમાં યસ બેંક અને અંબાણી ગ્રુપ વચ્ચેની કડી તપાસવામાં આવી રહી છે. EDને લાગે છે કે SEBIના નિયમોનું ઉલ્લંઘન થયું છે અને જાહેર નાણાંનો દુરુપયોગ થયો છે.

ED તપાસ ચાલુ રાખશે. રાણા કપૂર પાસેથી મળેલી માહિતીના આધારે વધુ લોકો કે દસ્તાવેજો તપાસવામાં આવશે. જો પુરાવા મળશે તો ચાર્જશીટ દાખલ થઈ શકે છે. આ કેસ જૂનો છે, પરંતુ હવે ઝડપથી આગળ વધી રહ્યો છે. આનાથી યસ બેંક અને રિલાયન્સ ગ્રુપ બંને પર અસર પડી શકે છે.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ અંબાણી સાથે સંકળાયેલી કંપનીઓની 10,117 કરોડની સંપત્તિ જપ્ત કરી છે. તાજેતરની કાર્યવાહીમાં, મુંબઈના બોલાર્ડ એસ્ટેટમાં આવેલા રિલાયન્સ સેન્ટર, ફિક્સ ડિપોઝિટ (FD), બેંક બેલેન્સ અને અનલિસ્ટેડ રોકાણો સહિત 18 સંપત્તિઓ કામચલાઉ ધોરણે જપ્ત કરવામાં આવી છે.

આ સાથે, રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની 7, રિલાયન્સ પાવરની 2 અને રિલાયન્સ વેલ્યુ સર્વિસિસની 9 સંપત્તિઓ પણ ફ્રીઝ કરવામાં આવી છે. EDએ સમૂહની અન્ય કંપનીઓની FD અને રોકાણો પણ જપ્ત કર્યા છે, જેમાં રિલાયન્સ વેન્ચર એસેટ મેનેજમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ અને ફાઈ મેનેજમેન્ટ સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડનો સમાવેશ થાય છે.

આ પહેલા, બેંક લોન ફ્રોડ સંબંધિત કેસોમાં ED રિલાયન્સ કમ્યુનિકેશન્સ, રિલાયન્સ કોમર્શિયલ ફાઈનાન્સ અને રિલાયન્સ હોમ ફાઈનાન્સની 8,997 કરોડથી વધુની સંપત્તિઓ જપ્ત કરી ચૂક્યું છે.

# વિદેશી રોકાણકારોએ ડિસેમ્બરમાં બજારમાંથી ₹17,955 કરોડ પાછા ખેંચ્યા

## આ વર્ષે ₹1.60 લાખ કરોડનું વેચાણ કરી ચૂક્યા છે, ઘરેલું રોકાણકારોએ ₹39,965 કરોડનું રોકાણ કર્યું

**મુંબઈ, તા.15**



ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટર્સ (FPIs) એ ડિસેમ્બરના પ્રથમ 12 દિવસમાં ભારતીય શેરબજારમાંથી 17,955 કરોડ (2 બિલિયન ડોલર)નું વેચાણ કર્યું છે. NSDL ડેટા અનુસાર, 2025માં કુલ ઉપાડ 1.60 લાખ કરોડ ($18.4 બિલિયન) પર પહોંચી ગયો.

નવેમ્બરમાં 3,765 કરોડનું વેચાણ થયું હતું. ઓક્ટોબરમાં 14,610 કરોડની ખરીદી પછી ફરી ઉપાડ શરૂ થયો. આ રીતે વિદેશી રોકાણકારો આ વર્ષમાં અત્યાર સુધીમાં શેરબજારમાંથી 1.60 લાખ કરોડ ઉપાડી ચૂક્યા છે.

મોર્નિંગસ્ટારના હિમાંશુ શ્રીવાસ્તવે જણાવ્યું કે અમેરિકામાં વ્યાજ દરો ઊંચા છે, પૈસા ઓછા ફરી રહ્યા છે અને ત્યાં સુરક્ષિત-વધુ વળતર આપતી વસ્તુઓ વધુ પસંદ કરવામાં આવી રહી છે. આ કારણે રોકાણકારોનો મૂડ ખરાબ છે. સાથે જ, ભારતના શેર મોંઘા લાગી રહ્યા છે, અન્ય ઉભરતા બજારો (ઈમર્જિંગ માર્કેટ્સ)ની સરખામણીમાં અહીં મૂલ્ય ઓછું દેખાઈ રહ્યું છે.

એન્જલ વનના વકાર જાવેદ ખાને જણાવ્યું - રૂપિયો નબળો પડી રહ્યો છે, દુનિયાભરના રોકાણકારો પોતાનો પોર્ટફોલિયો ફરીથી બેલેન્સ કરી રહ્યા છે, વર્ષ પૂરું થવાની અસર છે અને અર્થતંત્રને લઈને અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે. આ બધું મળીને FPIs ને પૈસા પાછા ખેંચવા મજબૂર કરી રહ્યું છે.

રૂપિયો 11 ડિસેમ્બરે ડોલર સામે અત્યાર સુધીના સૌથી નીચલા સ્તર 90.47 પર આવી ગયો હતો. આ પહેલા રૂપિયાએ 4 ડિસેમ્બરે 90.43 ના સ્તરે ઓલ ટાઈમ લો બનાવ્યો હતો. 1 જાન્યુઆરીએ રૂપિયો ડોલર સામે 85.70 ના સ્તરે હતો, જે હવે 90.47 ના લેવલ પર પહોંચી ગયો છે.

ઓક્ટોબરમાં FPIs એ ભારતીય ઈક્વિટીમાં 14,610 કરોડનું રોકાણ કર્યું હતું, જે જુલાઈથી સપ્ટેમ્બર સુધી ચાલેલા ત્રણ મહિનાના વેચાણની શ્રેણીને તોડનારું હતું.

તે દરમિયાન જુલાઈમાં 17,700 કરોડ, ઓગસ્ટમાં 34,990 કરોડ અને સપ્ટેમ્બરમાં 23,885 કરોડ પાછા ખેંચવામાં આવ્યા હતા. આ વર્ષે અત્યાર સુધીમાં કુલ મળીને વિદેશી રોકાણકારોએ શેરબજારમાંથી 1.60 લાખ કરોડથી વધુની ઉપાડ કરી છે.

FPIs ની ઉપાડ છતાં બજાર પર ઓછી અસર પડી કારણ કે DIIs એ ડિસેમ્બરમાં 39,965 કરોડની ખરીદી કરી. જિયોજિત ઈન્વેસ્ટમેન્ટ્સના વી.કે. વિજયકુમારે જણાવ્યું કે ભારતની મજબૂત વૃદ્ધિ અને કમાણીના દૃષ્ટિકોણને જોતાં સતત વેચાણ અસ્થિર છે. FPI વેચાણ આગળ ઓછું થઈ શકે છે.

આગળના માર્ગ પર નજર કરીએ તો, ડિસેમ્બરમાં FPI પ્રવૃત્તિ મોટે ભાગે અમેરિકી ફેડ રિઝર્વના રેટ કટ સિગ્નલ્સ અને ભારત-અમેરિકા ટ્રેડ એગ્રીમેન્ટની પ્રગતિ પર નિર્ભર રહેશે. જો આ સકારાત્મક રહ્યા તો બજારમાં વાપસી થઈ શકે છે, નહીં તો વેચવાલીનો સિલસિલો ચાલુ રહી શકે છે.

# ભારતના ઊંચા મૂલ્યના ચલણને ટૂંકમાં વ્યવહારમાં મૂકવા નેપાળ મંજુરી આપશે

**મુંબઈ, તા.15**



ભારતની રૂપિયા ૧૦૦થી વધુના મૂલ્યની કરન્સી નોટસને સર્ક્યુલેશનમાં મૂકવા નેપાળ ટૂંક સમયમાં પરવાનગી આપવા વિચારી રહ્યું છે. એક દાયકાથી નેપાળમાં ભારતની ઊંચા મૂલ્યની ચલણી નોટસ પર પ્રતિબંધ મુકાયો છે.

આ નિર્ણય અંતિમ તબક્કામાં છે અને આ સંદર્ભમાં નેપાળ ગેઝેટમાં ટૂંક સમયમાં નોટિસ જારી કરાશે અને બેન્કો તથા નાણાં સંસ્થાઓને તેની જાણ કરાશે એમ નેપાળ રાષ્ટ્ર બેન્કના પ્રવકતા ગુરુ પ્રસાદ પૌડેલને ટાંકીને કાઠમંડુ પોસ્ટે અહેવાલ આપ્યો છે.

નેપાળ રાષ્ટ્ર બેન્ક એ નેપાળની કેન્દ્રીય બેન્ક છે. આ નિર્ણયને કારણે ભારત ખાતેથી નેપાળ ફરવા જતા પ્રવાસીઓને સરળતા થઈ પડશે એટલું જ નહીં નેપાળથી અહીં કામકાજ માટે આવતા કર્મચારીઓને પણ અહીંની કમાણી ત્યાં લઈ જવામાં આસાન પડશે.

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા તાજેતરમાં નિયમમાં કરાયેલા ફેરબદલ બાદ નેપાળ સરકાર માટે ભારતની ઊંચા મૂલ્યની ચલણી નોટોને મંજુરી આપવાનું શકય બન્યું છે. રિઝર્વ બેન્કે નિયમમાં કરેલા ફેરબદલ પ્રમાણે કોઈ વ્યક્તિ રૂપિયા ૧૦૦થી વધુના મૂલ્યની કોઈપણ ચલણી નોટ નેપાળ લઈ જઈ શકશે અને લાવી પણ શકશે. જો કે સંબંધિત વ્યક્તિ મહત્તમ રૂપિયા ૨૫૦૦૦ સુધીની જ રકમ લાવી-લઈ જઈ શકશે. નેપાળ ખાતેથી ભારતમાં બનાવટી નોટોની થતી દાણચોરીને ધ્યાનમાં રાખી ૨૦૧૬ની નોટબંધી બાદ ચલણી નોટસ લાવવા-લઈ જવા પર સખત નિયમનો મૂકવામાં આવ્યા હતા.

# ઈક્વિટી વેચી પ્રમોટરો તથા પીઈ રોકાણકારો દ્વારા રૂપિયા એક લાખ કરોડ ઘરભેગા કરાયા

**મુંબઈ, તા.15**



ભારતીય શેરબજારના ઈતિહાસમાં પહેલી જ વખત પ્રમોટરો, પ્રાઈવેટ ઈક્વિટી ફન્ડસ તથા અન્ય પ્રારંભિક તબક્કાના રોકાણકારોએ પોતાના ઈક્વિટી હોલ્ડિંગનું વેચાણ કરી ૨૦૨૫માં રૂપિયા એક લાખ કરોડથી વધુની રકમ ઘરભેગી કરી છે.

વર્તમાન વર્ષમાં જાહેર ભરણાં મારફત અત્યારસુધીમાં ઊભા કરાયેલા અંદાજે રૂપિયા ૧.૭૫ લાખ કરોડમાંથી રૂપિયા ૧.૧૦ લાખ કરોડ અથવા તો ૬૨ ટકા જેટલી રકમ વર્તમાન હિસ્સેદારોના ખીસ્સામાં ગઈ છે જેમણે કંપનીઓમાંના પોતાના હિસ્સામાંથી આંશિક હિસ્સો જાહેર ભરણાં મારફત વેચ્યો છે. ગયા વર્ષે પણ પ્રમોટરોએ ઓફર ફોર સેલ મારફત રૂપિયા ૯૫૦૦૦ કરોડ જેટલી રકમ ઊભી કરી હતી.

અત્રે ઉલ્લેખનિય છે કે આઈપીઓની સંખ્યા ૧૮ વર્ષના ગાળા બાદ વર્તમાન વર્ષમાં પહેલી જ વખત ૧૦૦ના આંકને પાર કરી ગઈ છે.

સેકન્ડરી બજાર પાછળ પ્રાઈમરી માર્કેટમાં પણ રોકાણકારોના વધેલા આકર્ષણને ધ્યાનમાં રાખી કંપનીના પ્રમોટરો તથા પીઈ રોકાણકારો ઓફર ફોર સેલ મારફત ઊંચા મૂલ્યાંકને પોતાના હોલ્ડિંગ ઘટાડી રહ્યા છે.

૨૦૨૬નું કેલેન્ડર વર્ષ પણ જાહેર ભરણાંથી ભરેલું રહેવાના એંધાણ મળી રહ્યા છે. સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)ના ડેટા પ્રમાણે આગામી વર્ષમાં આઈપીઓ લાવવા માટે ૮૮ કંપનીઓને બજાર નિયામકની પરવાનગી આ અગાઉ જ મળી ગઈ છે અને બીજી ૧૦૪ કંપનીઓની અરજી વિચારણા હેઠળ છે. આ ૧૯૦ જેટલી કંપનીઓ આગામી વર્ષમાં પ્રાઈમરી માર્કેટમાંથી રૂપિયા ૨.૫૦ લાખ કરોડથી વધુની રકમ ઊભી કરવા ઈરાદો ધરાવે છે.

# શહેરના સરસપુરમાંથી 77 લાખનો દારૂ પકડવા મામલે PI ચંદ્રવાડીયા સસ્પેન્ડ

## શહેરકોટડા પોલીસ સ્ટે.ના PIની બેદરકારી સામે આવતા પોલીસ કમિશનરની કાર્યવાહી

**અમદાવાદ, તા.15**

અમદાવાદ શહેરમાં શહેરકોટડા પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.ડી ચંદ્રવાડીયાને પોલીસ કમિશનર દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. થોડા દિવસ અગાઉ સરસપુર વિસ્તારમાંથી લાખો રૂપિયાનો દારૂ ઝડપાયો હતો. આ મામલે શહેરકોટડા પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.ડી ચંદ્રવાડીયાની બેદરકારી સામે આવી હતી જેથી તેને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. મહત્વનું છે અગાઉ પણ એક વખત દારૂ ભરેલી ટ્રક સરસપુરમાં ઉતરી હતી.



PCBએ સરસપુરમાંથી 11 ડિસેમ્બરે સંતરાની આડમાં ટ્રકમાં આવેલો 77 લાખનો દારૂ ઝડપી પાડ્યો હતો.આ દારૂનો જથ્થો સરસપુરમાં ઉતરવાનો હતો તે અગાઉ જ PCBએ દારૂ સાથે બે આરોપીઓને પણ ઝડપી લીધા હતા. આ મામલે શહેરકોટડા પોલીસ સ્ટેશનમાં ગુનો નોધી તપાસ કરવામાં આવી રહી હતી. તપાસ દરમિયાન સ્થાનિક પીઆઈને બેદરકારી સામે આવી હતી.પોલીસ કમિશનર દ્વારા બેદરકારી મામલે પીઆઈ એમ.ડી ચંદ્રવાડીયાને સસ્પેન્ડ કર્યા છે.

પોલીસ કમિશનર જી.એસ મલિકે જણાવ્યું કે શહેરકોટડામાંથી 2 વખત મોટી માત્રામાં દારૂનો જથ્થો પકડવામાં આવ્યો છે. જેમાં પીઆઈની બેદરકારી સામે આવી હતી, જેથી પીઆઈને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

PCBને બાતમી મળી હતી કે, શહેરકોટડા વિસ્તારમાં આવેલા સીયા રોડલાઈન્સ ગોડાઉનમાં સંતરાની આડમાં મોટાપાયે વિદેશી દારૂનો જથ્થો છુપાવવામાં આવ્યો છે. આ બાતમીના આધારે ઘટનાસ્થળે દરોડા પાડ્યા હતા. ગોડાઉનથી રૂ.77.54 લાખના ભારતીય બનાવટના વિદેશી દારૂની 15,996 જેટલી બોટલનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે એક વાહન, 2 મોબાઈલ ફોન, રોકડા સહિત કુલ રૂ.1 કરોડ 2 લાખ 75 હજાર 314નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

### અમદાવાદની ખાનગી ટ્રાવેલ્સ ઓફિસમાં 5 શખસોની લુખ્ખાગીરી

# કેક કાપતા યુવકોને બસ ડ્રાઈવરે સાઈડમાં જવાનું કહેતા ઊશ્કેરાયા, ઓફિસમાં તોડફોડ અને મારામારી કરી....

**અમદાવાદ, તા.15**

અમદાવાદના મેમ્કો ચાર રસ્તા પાસે રસ્તા વચ્ચે કેક કાપી રહેલા પાંચ યુવકોને લક્ઝરી બસના ડ્રાઈવરે સાઈડમાં ખસવા કહ્યું તો તેઓ ઉશ્કેરાઈ ગયા અને ટ્રાવેલ્સ ઓફિસમાં ઘૂસીને તોડફોડ કરી વેપારી મહેન્દ્રકુમાર ચૌધરી અને તેમના પુત્રને બેરહેમીથી માર માર્યો હતો. એક આરોપી છરી બતાવતો પણ CCTVમાં નજરે પડી રહ્યો છે. આ સમગ્ર ઘટના CCTVમાં કેદ થઈ છે અને શહેર કોટડા પોલીસે આ ફૂટેજની મદદથી આરોપીઓ સામે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે. મેમ્કો પાસે રહેતા મહેન્દ્રકુમાર ચૌધરી ટ્રાવેલ્સ અને કાર્ગોનો વેપાર કરે છે. ગત 12 ડિસેમ્બરે તેઓ ઓફિસમાં હતા ત્યારે તેમની લક્ઝરી બસના ડ્રાઈવર રાજુભાઈએ ફોન કરીને જણાવ્યું કે, મેમ્કો ચાર રસ્તા બ્રિજના છેડે કેટલાક યુવકો રસ્તા વચ્ચે ઊભા રહીને કેક કાપી રહ્યા છે. રાજુભાઈએ તેમને સાઈડમાં ખસવા કહ્યું તો તે ગુસ્સે થઈ ઝઘડો કરવા લાગ્યા.



આ જાણીને મહેન્દ્રકુમારે પોતાના કર્મચારી રમેશભાઈને ત્યાં મોકલ્યા. રમેશભાઈએ યુવકોને સમજાવીને બસને રવાના કરી અને પછી બસને ઓફિસના પાર્કિંગમાં મૂકી. ત્યારબાદ આ યુવકો મહેન્દ્રકુમારની ઓફિસમાં ઘૂસી આવ્યા અને ત્યાં તોડફોડ કરી તેમને તથા તેમના પુત્રને માર માર્યો.

એક શખસે છરી પણ બતાવી હતી. છરી બતાવી ટ્રાવેલ્સ માલિક અને તેના પુત્રને ઢોર માર માર્યો હતો.જેથી, પોલીસને ફોન કરતા તમામ શખસો ફરાર થઈ ગયા હતા. મહેન્દ્રભાઈએ અમરીશ, રાહુલ, વિવેક અને અજાણ્યા બે શખસો સામે શહેર કોટડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવી છે.

# રતનપોળમાં કુર્તા અને શેરવાનીની દુકાનમાં ભીષણ આગ લાગી, 9 ફાયરની ગાડીઓ બોલાવવી પડી...

**અમદાવાદ, તા.15**

અમદાવાદના સૌથી જાણીતા એવા રતનપોળમાં કુર્તા અને શેરવાનીની દુકાનમાં રાતે આગ લાગવાની ઘટના બની હતી. ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવતા 9 ગાડીઓ ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી. એક કલાકની ભારે જેહમત બાદ સંપૂર્ણપણે આગ કાબૂમાં આવી હતી. પ્રાથમિક રીતે શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું જાણવા મળ્યું છે. દુકાનમાં કુર્તા અને શેરવાનીનો મોટા પ્રમાણમાં જથ્થો હતો. જે બળીને ખાખ થઈ ગયો છે. ફાયર અને પોલીસ દ્વારા આ મામલે હાલ વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.



ફાયર બ્રિગેડ પાસેથી મળતી માહિતી મુજબ ગઈકાલે 14 ડિસેમ્બરના રોજ રાત્રે 8:00 વાગ્યાની આસપાસ ફાયર બ્રિગેડને કોલ મળ્યો હતો કે, શહેરના હાથીખાના વિસ્તારમાં રતનપોળમાં આવેલી એક દુકાનમાં આગ લાગી છે, જેના પગલે ફાયરબ્રિગેડની બે ગાડીઓ ઘટના સ્થળે રવાના કરવામાં આવી હતી. ત્યારબાદ ઘટના સ્થળે પહોંચતા જીલ એન્ટરપ્રાઈઝ નામની કુર્તા અને શેરવાનીની દુકાનમાં ભીષણ આગ લાગી હતી. જેના પગલે વધુ ફાયર ફાઈટર બોલાવવામાં આવ્યા હતા અને કુલ 9 જેટલી ગાડીઓ ઘટના સ્થળ પર પહોંચી ગઈ હતી. ફાયર બ્રિગેડની ટીમ દ્વારા પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લેવામાં આવી હતી.

કુર્તા અને શેરવાનીની હોલસેલની દુકાન હતી જેના કારણે મોટા પ્રમાણમાં આગ ફેલાઈ ગઈ હતી. દુકાનમાં રહેલો જથ્થો સંપૂર્ણપણે બળીને ખાક થઈ ગયો હતો. આગના કારણે આજુબાજુ ની દુકાનમાં પણ આગ ન ફેલાય તેને ધ્યાનમાં રાખી કામગીરી કરવામાં આવી હતી જોકે રતનપોળ વિસ્તાર ખૂબ સાંકડો હોવાના કારણે પણ મીની ફાઈટરની મદદ લેવી પડી હતી. ગાડીઓ બહાર રાખી અને પાઈપ અંદર દુકાન સુધી ખેંચીને આગને કાબુમાં લેવી પડી હતી. એક કલાક બાદ આગ સંપૂર્ણપણે કાબુમાં આવી ગઈ હતી. આગની ઘટનામાં કોઈ પણ પ્રકારની જાનહાનિ થઈ નથી. ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવતા 9 ગાડીઓ ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી. એક કલાકની ભારે જેહમત બાદ સંપૂર્ણપણે આગ કાબૂમાં આવી હતી.

# આરોપીને મળવા માટે ટોકતા મામલો બિચક્યો : નિકોલ પોલીસ સ્ટેશનમાં બે મહિલાઓએ તોફાન મચાવીને ચાર પોલીસ કર્મચારી પર હુમલો કર્યો...

**અમદાવાદ, તા.15**

અમદાવાદ શહેરના નિકોલ પોલીસ સ્ટેશનમાં ગઈકાલે(14 ડિસેમ્બર) બે મહિલાઓએ ત્રણ પોલીસ કર્મચારી અને એક હોમગાર્ડ પર હુમલો કરીને તોફાન મચાવ્યુ હોવાની ઘટના સામે આવી છે. મહિલાએ એક મહિલા પોલીસ કર્મચારી સહિત ચાર લોકોને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી અને પોલીસ સ્ટેશન સળગાવી દેવાનું પણ કહ્યુ હતું. બે મહિલાઓ પોલીસ સ્ટેશન ઓફિસર (PSO)ને પૂછ્યા વગર લોકઅપમાં બંધ આરોપીને મળવા માટે પહોચી ગઈ હતી. જેને લઈને મામલો બીચક્યો હતો. મહિલા પોલીસ કર્મચારી સહિતના કર્મીઓએ મહિલાઓને ટોકતા બબાલ થઈ હતી.

મહિલા પોલીસ કોન્સ્ટેબલ દેવલબેને નિકોલ પોલીસ સ્ટેશનમાં હિનલ હિતેન્દ્ર સીંગોલીયા તેમજ વિશાખા વિનોદ મકવાણા (બન્ને રહે, કે.જે.કડીયાની ચાલી, અસારવા) વિરૂદ્ધ હુમલાની તેમજ સરકારી કામમાં અડચળ ઉભી કરવાની ફરિયાદ કરી છે. દેવલ



નિકોલ પોલીસ સ્ટેશનમાં PSO (પોલીસ સ્ટેશન ઓફિસર) તરીકે ફરજ નીભાવે છે. PSOમાં દેવલની સાથે ASI ચંદ્રવદન તેમજ પોલીસ સ્ટેશન કોન્સ્ટેબલ ભરત પણ કામ કરે છે.

નિકોલ પોલીસે ચોરીના કેસમાં હિતેન્દ્ર ઉર્ફે ટશન સીંગોલીયાની ધરપકડ કરી છે. હાલ હિતેન્દ્ર નિકોલ પોલીસ સ્ટેશનના લોકઅપમાં છે અને તેની પત્ની હિનલે ગઈકાલે માહોલ તંગ કરી દીધો હતો. પીએસઓની પરમીશન વગર ગઈકાલે હિતેન્દ્નને મળવા માટે બે મહિલા લોકઅપ પાસે પહોચી ગઈ હતી. મહિલાઓને જોતાની સાથે જ એએસઆઈ ચંદ્રવદને કહેવા લાગ્યા હતા કે તમે કેમ એકદમ પૂછ્યા વગર લોકઅપ પાસે આવીને આરોપી સાથે વાત કરી રહ્યા છો. ચંદ્રવદને વધુમાં જણાવ્યુ હતું કે તમે ગઈકાલે પણ આરોપી સાથે લોકઅપ પાસે આવીને વાત કરી હતી, તમે કોઈનું ગણકારતા નથી.

ચંદ્રવદનની વાત સાંભળીને મહિલાઓ એકદમ ઉશ્કેરાઈ ગઈ હતી અનેં જોરજોરથી બુમો પાડીને બબાલ કરવા લાગી હતી. દેવલબેને મહિલાઓને રોકી હતી અને બહાર નીકળી જવાનું કહ્યુ હતું જેથી મામલો વધુ બીચક્યો હતો. મહિલાઓએ દેવલબેનને ગાળો આપવાની શરૂ કરી દીધી હતી. બંને મહિલાઓ તરત જ PSO ટેબલ પાસે આવીને બબાલ કરવા લાગી હતી.

મહિલાઓએ તરજ ત દેવલબેન પર હુમલો કરી દીધો હતો. જેના કારણે માહોલ તંગ થઈ ગયો હતો. દેવલબેન સહિતના પોલીસ કર્મચારીઓ બળ વાપરીને બંને મહિલાઓને PSO ટેબલની બહાર લાવી દીધી હતી.

# CID ક્રાઈમના PI અને કોન્સ્ટેબલ 30 લાખની લાંચ લેતા ઝડપાયા

## ACBએ છટકું ગોઠવી PK પટેલ અને વિપુલ દેસાઈને ઝડપી પાડ્યા, કોલ સેન્ટરના ગુનામાં કાર્યવાહી ન કરવા લાંચ માગી હતી

**ગાંધીનગર, તા.15**

ગુજરાત એન્ટી કરપ્શન બ્યુરોએ આજે (15 ડિસેમ્બર) ગાંધીનગરમાં એક મોટી સફળ ટ્રેપ ગોઠવી CID ક્રાઈમના પોલીસ ઈન્સ્પેક્ટર અને કોન્સ્ટેબલને 30 લાખની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યો છે. ઉલ્લેખનીય છે કે, કોલ સેન્ટરના એક ગુનામાં કાર્યવાહી ન કરવા અને સેટલમેન્ટ કરવા પીઆઈ અને એક આર્મ્ડ પોલીસ કોન્સ્ટેબલે લાંચ માગી હતી, ત્યારે આજે ACBએ ટ્રેપ ગોઠવી બંને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.



ACBના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આ કેસના ફરિયાદી અને તેમના મિત્ર વિરૂદ્ધ CID ક્રાઈમ ગાંધીનગર ઝોન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા કોલ સેન્ટરના ગુનામાં કોઈપણ પ્રકારની કાર્યવાહી ન કરવાના CID ક્રાઈમના પોલીસ ઈન્સ્પેક્ટર પેથા કમરશીભાઈ પટેલ અને આર્મ્ડ પોલીસ કોન્સ્ટેબલ વિપુલ બાબુભાઈ દેસાઈ દ્વારા મોટી તગડી રકમની લાંચ માગવામાં આવી હતી. જે રકઝકના અંતે 30 લાખની રકમ આપવાનું નક્કી થયું હતું. જોકે, ફરિયાદી લાંચની રકમ આપવા માગતો ન હોવાથી તેણે ACBનો સંપર્ક કર્યો હતો. જેના પગલે ACB અમદાવાદ શહેરના પોલીસ ઈન્સ્પેક્ટર ડી.એન. પટેલ અને તેમની ટીમ દ્વારા લાંચનું છટકું ગોઠવવામાં આવ્યું હતું. આ ટ્રેપ ગાંધીનગરના સરગાસણ ખાતે સ્વાગત સિટી મોલથી આગળ જાહેર રોડ પર આવેલી ધી ઓફિસિસ હરી ગ્રુપ નામની નવી બનતી સાઈટની સામે ગોઠવવામાં આવી હતી.

આ દરમિયાન કોન્સ્ટેબલ વિપુલ દેસાઈ ફરિયાદીને મળ્યો હતો, ત્યારે પોલીસ ઈન્સ્પેક્ટર પી.કે. પટેલ પણ આ લાંચ સ્વીકારવાની સંમતિ આપી હતી. બાદમાં કોન્સ્ટેબલ વિપુલ દેસાઈએ ફરિયાદી પાસેથી 30 લાખની લાંચ લીધી હતી. એ જ ઘડીએ ACBએ લાંચિયા કોન્સ્ટેબલ વિપુલ દેસાઈને દબોચી લીધો હતો. આ બંને લાંચિયા પોલીસ કર્મચારીઓની ACBએ ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ સમગ્ર ઓપરેશનનું સુપરવિઝન ACB અમદાવાદ એકમના ઈન્ચાર્જ મદદનિશ નિયામક ડી.એન. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, CID ક્રાઈમ દ્વારા કોલ સેન્ટરના એક ગુનાની તપાસ કરવામાં આવી રહી છે. જે ગુનામાં કાર્યવાહી ન કરવા પીઆઈ પી.કે. પટેલ અને કોન્સ્ટેબલ વિપુલ દેસાઈએ સાંઠગાંઠ કરીને ફરિયાદીને ગર્ભિત ધમકીઓ આપી તગડી રકમ લાંચ પેટે માગી હતી. હાલમાં તો CID ક્રાઈમના પીઆઈ અને કોન્સ્ટેબલના લીધે ખાખીની આબરૂના ધજાગરા ઉડી ગયા છે.

# ગુજરાતમાં 2-3 ડિગ્રી તાપમાન વધ્યા બાદ પણ ઠંડીનો અનુભવ યથાવત

**અમદાવાદ, તા.15**

ગુજરાતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના પ્રભાવથી લઘુત્તમ તાપમાનમાં 2થી 3 ડિગ્રીનો વધારો થવા છતાં વાદળછાયું વાતાવરણને કારણે ઠંડકનો અહેસાસ વધુ થઈ રહ્યો છે. નલિયામાં અગાઉના 11.4 ડિગ્રીની સરખામણીએ 1.4 ડિગ્રીનો વધારો થઈને 12.8 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાતા તે રાજ્યનું સૌથી ઠંડું સ્થળ બન્યું છે, જ્યારે વડોદરામાં 13 ડિગ્રી અને રાજકોટમાં 13.4 ડિગ્રી સાથે ઠંડીની અસર જોવા મળી છે. અમદાવાદમાં 16.2 ડિગ્રી તાપમાન રહ્યું છે. રાજ્યમાં હાલ મિશ્ર વાતાવરણનો અનુભવ થઈ રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર અત્યારે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે લઘુતમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતા છે પરંતુ, વાદળછાયા વાતાવરણને કારણે ઠંડકનું અનુભવ થઈ શકે છે. તાપમાનની વાત કરીએ તો નલિયામાં સૌથી ઓછું લઘુતમ તાપમાન નોંધાયું છે. નલિયામાં અગાઉ 11.4 ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું, જેમાં 1.4 ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈને નલિયામાં 12.8 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. નલિયા બાદ સૌથી ઠંડુ શહેર વડોદરા નોંધાયું છે. વડોદરામાં 13 ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું. અમદાવાદની વાત કરીએ તો 16.2 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. અમદાવાદમાં 16.2 ડિગ્રી સેલ્સિયસ, વડોદરામાં 13 ડિગ્રી સેલ્સિયસ, ભાવનગરમાં 15.4 ડિગ્રી સેલ્સિયસ, ભુજમાં 14.3 ડિગ્રી સેલ્સિયસ, દમણમાં 15.6 ડિગ્રી સેલ્સિયસ, ડીસામાં 14.8 ડિગ્રી સેલ્સિયસ, દીવમાં 15.6 ડિગ્રી સેલ્સિયસ, દ્વારકામાં 18.6 ડિગ્રી સેલ્સિયસ, કંડલામાં 16 ડીગ્રી સેલ્સિયસ, નલિયામાં 12.8 ડિગ્રી સેલ્સિયસ, ઓખામાં 21 ડિગ્રી સેલ્સિયસ, પોરબંદરમાં 17.2 ડિગ્રી સેલ્સિયસ, રાજકોટમાં 13.4 ડિગ્રી સેલ્સિયસ, સુરતમાં 16.4 ડિગ્રી સેલ્સિયસ તો વેરાવળમાં 18.2 ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું.

